
December 2009

શ્રી સ્વામિનારાયણ

Rs. 5/-



શ્રી સહજાનંદ
ગુરૂકુળ
કોટેશ્વરમાં
સ્નેહ મિલન
પ્રસંગે દર્શન આપતા
શ્રીહરિના ૬ઠ્ઠા, ૭માં અને
૮માં વંશજ

પ્રકાશકઃ- શ્રી સ્વામિનારાયણ મંદિર, અમદાવાદ-૧ ● Publisher:- Shree Swaminarayan Temple, Ahmedabad-1

ઉત્તરાયણ પુણ્ય પર્વ પ્રસંગે દાન પુણ્ય

ભારત વર્ષના પુણ્ય પર્વોમાં ઉત્તરાયણનો મહિમા અનેરો અને અલૌકિક છે.મકર રાશીમાં સૂર્ય પ્રવેશનો સંક્રાંતિકાળ એ શુભનું મંગળકારી આગમન, સર્વથા દાન પુણ્યમાં અનેક ઘણો ઉમેરો કરતો હોવાથી આ સમયે પુણ્ય સ્થાનકમાં દાન કરવાથી આલોક અને પરલોક સંબંધી સર્વ મનોરથો તત્કાલ ફળે છે.

તો આવા સર્વોપરિ શ્રી નરનારાયણદેવના અલૌકિક સાનિધ્યમાં તથા પ.પૂ.ધ.ધુ. આચાર્ય ૧૦૦૮ શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી તથા પરમ પૂજ્ય મોટા મહારાજશ્રી તથા પ.પૂ. ભાવિ આચાર્ય લાલજી મહારાજશ્રીની શુભ નિશ્રામાં અને પૂજ્ય બ્રહ્મનિષ્ઠ સંતોની શુભ ઉપસ્થિતિમાં તા. ૧૪-૧-૨૦૧૦ના રોજ પુણ્ય પર્વ હોવાથી દરરોજ પ્રભાતે થતી ધનુર્માસની ધૂન્ય કથાની દિવ્ય સભામાં પધારી ઠાકોરજીની આ સેવાનો અતિ શુભ પ્રસંગે ઉમંગભેર વધાવી સેવામાં સહભાગી થઈ ધન્યભાગી બનીએ.

નોંધ : અમદાવાદ શહેરના દરેક સભ્યોને કાર્ડ પોસ્ટ દ્વારા પણ મોકલવામાં આવશે.

દેશ-વિદેશના હરિભક્તોને પણ ઉતરાયણ નિમિત્તે સેવા મોકલવા ખાસ ભલામણ છે.


મહંત સ્વામી
શાસ્ત્રી સ્વામી હરિકૃષ્ણદાસજી


વિગત	ભાવ રૂા.	વજન	૫ કિલોના ભાવ રૂા.	આપની સેવા રૂા.
ચોખા	૨૫૦૦	૧૦૦ કિલો	૧૨૫	
ઘઉં	૧૩૦૦	૧૦૦ કિલો	૭૫	
મગ	૪૦૦૦	૧૦૦ કિલો	૨૦૦	
તલ	૧૨૦૦	૨૦ કિલો	૩૦૦	
ચણા દાળ	૩૫૦૦	૧૦૦ કિલો	૧૭૫	
તુવેર દાળ	૮૦૦૦	૧૦૦ કિલો	૪૦૦	
મોગર દાળ	૫૦૦૦	૧૦૦ કિલો	૨૫૦	
શુદ્ધ ઘી	૩૦૦૦	૧ ડબો	૧૦૦૦	
તેલ	૧૦૦૦	૧ ડબો	૩૫૦	
ગોળ	૨૦૦૦	૧૦૦ કિલો	૧૦૦	
ખાંડ	૩૫૦૦	૧૦૦ કિલો	૧૭૫	
મંદિર જીર્ણોદ્ધાર				
કુલ રૂા.	૨૫૦૦૦		૩૧૫૦	

દાન, વસ્તુ રૂપે, રોકડ સ્વરૂપે તથા ચેક અથવા ડ્રાફ્ટ "શ્રી સ્વામિનારાયણ મંદિર કાલુપુર અમદાવાદ"ના નામે આપશો.

સ્થળ : શ્રી સ્વામિનારાયણ મંદિર, કાલુપુર, અમદાવાદ

ફોન : ૨૨૧૩૨૧૭૦.





संस्थापक
શ્રી નરનારાયણદેવ પીઠાધિપતિ
પ.પૂ.ધ.ધુ. આચાર્યશ્રી ૧૦૦૮
શ્રી તેજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી
શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમ
નારણપુરા, અમદાવાદ-૩૮૦ ૦૧૩.
ફોન : ૨૭૪૯૯૫૯૭ - ૯૮૨૫૩૦૯૫૯૭
ફેક્સ : ૨૭૪૧૯૫૯૭
www.swaminarayanmuseum.com

ફોન
૨૨૧૩૩૮૩૫ (મંદિર)
૨૭૪૭૮૦૭૦ (સ્વા. બાગ)
ફેક્સ : ૦૭૯ - ૨૭૪૫૨૧૪૫

શ્રી નરનારાયણદેવ પીઠાધિપતિ
પ.પૂ.ધ.ધુ. આચાર્યશ્રી ૧૦૦૮
શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીની
આજ્ઞાથી
તંત્રીશ્રી
શાસ્ત્રી સ્વામી હરિકૃષ્ણદાસજી (મહંત સ્વામી)

પત્રવ્યવહાર
શ્રી સ્વામિનારાયણ માસિક કાર્યાલય
શ્રી સ્વામિનારાયણ મંદિર
કાલુપુર, અમદાવાદ-૩૮૦ ૦૦૧.
ફોન : ૨૨૧૩૨૧૭૦, ૨૨૧૩૬૮૧૮.
ફેક્સ : ૨૨૧૭૬૯૯૨.
www.swaminarayan.in
એડ્રેસમાં ફેરફાર કરવા
E-mail : manishnvora@yahoo.co.in

લવાજમ
વાર્ષિક રૂા. ૫૦-૦૦
વંશપરંપરાગત
દેશમાં રૂ.. ૫૦૧-૦૦
વિદેશમાં : રૂા. ૧૦,૦૦૦-૦૦
છુટક નકલ : રૂા. ૫-૦૦

શ્રી સ્વામિનારાયણ

શ્રી નરનારાયણદેવ પીઠસ્થાન મુખપત્ર

વર્ષ-3 અંક : 30 અકટૂમ્બર-2009

અ નુ ક્ર મ ણિ કા

૧.	અસ્મદીયમ્	૨
૨.	પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના કાર્યક્રમની તવારીખ	3
3.	આત્મવિશ્વાસ સાથે મક્કમતા	૪
૪.	ઉપાસના	૫
૫.	દેવેન્દ્રપ્રસાદજીની આધ્યાત્મિક ચમત્કૃતિઓ	૬
૬.	પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના આશીર્વચન	૮
૭.	નામ- ધર્માદો - સુખી થવાનો ઘોરી માર્ગ	૯
૮.	ઉન્મત્ત ગંગાનું માહાત્મ્ય	૧૨
૯.	ચરણ સ્પર્શનું રહસ્ય (મહિમા)	૧૫
૧૦.	આનંદની હેલી	૧૬
૧૧.	સત્સંગ સુરભિ	૧૭
૧૨.	સત્સંગ બાલવાટિકા	૧૯
૧૩	ભક્તિસુધા	૨૧
૧૪	..પ્રશ્નપેટી.....	૨૫
૧૫	સત્સંગ સમાચાર	૨૬

સત્સંગિયમ

સંસારી જીવ કોઈપણ કાર્યનો આરંભ કરે ચાહે એ વ્યવહારિક હોય કે આર્થિક હોય, કોઈ સારા વિદ્વાન પંડિત બ્રાહ્મણ પાસે જઈ મુહૂર્ત જોવરાવે અને સારું મુહૂર્ત જોઈ એ પોતાના કાર્યનો આરંભ કરે. અરે ! કુકર્મ કરનારા ચોર પણ મુહૂર્ત જોવે ને પછી ચોરી કરવા જતા હોય છે. ઘણી વખત ખૂબ સારી મહેનત કર્યા પછી પણ ધાર્યું ફળ ન મળે ત્યારે માણસના મોઢે પહેલી વાત એજ આવે કે "કેવા મુરતમાં કામ શરૂ કર્યું કે પાર જ નથી પડતુ ?" ત્યારે આપણને વિચાર આવે કે સારામાં સારુ ને ઉત્તમમાં ઉત્તમ મુહૂર્ત ક્યુ ? સત્સંગમાં વિચરણ કરતા શ્રીજી મહારાજને એક ગામના સર્વે ભક્તોએ ભેગા થઈ વિનંતી કરી કે "મહારાજ ! અમારા ગામમાં કોઈ બ્રાહ્મણ નથી અમારે કંઈ શુભ કાર્ય કરવું હોય તો મુહૂર્ત જોવડાવવામાં ઘણી મુશ્કેલી છે તો આપ કાંઈક દયા કરો." શ્રીહરિ કહે, "તમારે કોઈ મુહૂર્ત જોવડાવવાની જરૂર નથી કોઈપણ કાર્ય કરો તો આરંભમાં પાંચ વખત અમારુ "સ્વામિનારાયણ" નામ ઉચ્ચારી કાર્યનો આરંભ કરજો એ જ તમારું શ્રેષ્ઠ મુહૂર્ત છે."

તા. ૧૬-૧૨ થી ૧૪-૧ નો સમય ગાળો એટલે સંસારની દૃષ્ટિએ કમૂરતાનો સમય ગાળો. સંસારી જીવ લગ્નાદિક કોઈ શુભ પ્રસંગ આ દરમિયાન કરે નહીં પણ ભક્તો માટે તો આ "ધનુર્માસ" પરમાત્મા આ માસમાં જ્ઞાન પ્રાપ્તિ માટે જાય અને ભક્તો ભક્તિના ભાથા દ્વારા ભગવત્ પ્રાપ્તિ માટે. જગત માટે આ કમૂરતા હશે પણ ભગવાનના ભક્ત માટે તો આના જેવું બીજું કોઈ ઉત્તમ મુહૂર્ત જ નહી.

"સજની આરે ચોઘડીયું અમૃત લાભનું,
ફરી નહી મળે એવું વીજના ઝબકારા જેવું મોતી પરોવી લેવું સત્સંગ કીજીયે."

નિત્ય પ્રભાતે વહેલા જાગી સત્વગુણે યુક્ત થઈ મંદિરમાં જઈ ઉચ્ચ સ્વરે ભગવાનના નામનું સ્મરણ કરવા બેસીએ ત્યારે જાણે અક્ષરધામના જ દિવ્ય આનંદની અનુભૂતિ થઈ આવે. આ ઉત્તમ સમય ગાળામાં જો આપણે વિશેષ ભગવત્ સ્મરણ કરીએ તો જ આપણો ધનુર્માસ ! બાકી તો જન્મોજન્મના કમૂરતા છે છે અને છે જ. આ દિવ્ય સમયમાં વિશેષે કરી ભગવત્ સ્મરણ કરી ભક્તિનું ભાથું બાંધી પ્રભુ પ્રસન્નતા પ્રાપ્ત કરીએ એજ અભ્યર્થના !

તંત્રીશ્રી (મહંત સ્વામી)
શાસ્ત્રી સ્વામી
હરિકૃષ્ણદાસના
જયશ્રી સ્વામિનારાયણ

પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના કાર્યક્રમની તવારીખ

(નવેમ્બર-૨૦૦૯)



૧. હિંમતનગર ગામે પ.ભ. કનુભાઈ સી. મોદીને ત્યાં વિષ્ણુયાગ નિમિત્તે પધરામણી.
૨. વિરમગામ બહેનોના શ્રી સ્વામિનારાયણ મંદિરમાં પારાયણ પ્રસંગે પધરામણી.
૪. સુરેન્દ્રનગર શ્રી સ્વામિનારાયણ મંદિર પાટોત્સવ પ્રસંગે પધરામણી.
૪. થી ૯. બેંગકોક (થાઈલેન્ડ) સત્સંગ પ્રચારાર્થે પધરામણી.
૧૧. કપડવંજ શ્રી સ્વામિનારાયણ મંદિર પાટોત્સવ પ્રસંગે પધરામણી.
૧૨. પ.ભ. બાબુભાઈ જીવરામભાઈને ત્યાં પધરામણી, બાપુનગર.
પ.ભ. સુરેશભાઈ સોજીત્રાને ત્યાં પધરામણી, મણીનગર.
૧૩. પ.ભ. રામચંદ્ર પોપટલાલ સોનીને ત્યાં પધરામણી, બોપલ.
૧૫. શ્રી સ્વામિનારાયણ મંદિર કાંકરિયા પારાયણની પૂર્ણાહુતિ પ્રસંગે બળવંતરાય હોલમાં પધરામણી.
૧૭. શ્રી સ્વામિનારાયણ મંદિર ગાંધીનગર સેક્ટર-૨ પારાયણ પ્રસંગે પધરામણી.
૧૯. જુના રાબડીયા (પંચમહાલ) શ્રી સ્વામિનારાયણ મંદિરના ખાતમુહૂર્ત પ્રસંગે પધરામણી.
૨૦. શ્રી સ્વામિનારાયણ મંદિર ગાંધીનગર સેક્ટર-૨ પધરામણી.
૨૧. શ્રી સ્વામિનારાયણ મંદિર ગાંધીનગર (સેક્ટર-૨) પાટોત્સવ પ્રસંગે પધરામણી.
૨૨. શ્રી સ્વામિનારાયણ મંદિર આંત્રોલી (તા. કપડવંજ) મૂર્તિ પ્રતિષ્ઠા પ્રસંગે પધરામણી.
સાથે પૂજ્ય લાલજી મહારાજશ્રી પધાર્યા.
૨૩. શ્રી સ્વામિનારાયણ મંદિર હિંમતનગર પાટોત્સવ પ્રસંગે પધરામણી.
પ.પૂ. લાલજી મહારાજશ્રી વડુ ગામે પારાયણ પ્રસંગે પધાર્યા.
૨૪. શ્રી સ્વામિનારાયણ મંદિર વડુ (તા. કડી) પાટોત્સવ પ્રસંગે પધરામણી.
૨૫. જમીયતપુરા શ્રી સ્વામિનારાયણ મંદિર મૂર્તિ પ્રતિષ્ઠા પ્રસંગે પધરામણી.
૨૬. દેવીપુર (તા. હળવદ મૂળીદેશ) ગામે શાકોત્સવ પ્રસંગે પધરામણી.
૨૭-૨૮. જેતપુર (મચ્છુ) (મૂળી દેશ) શ્રી સ્વામિનારાયણ મંદિરના પાટોત્સવ પ્રસંગે પધરામણી. ત્યાંથી માધાપર (કચ્છ) પધરામણી.
૨૯. પ.ભ. આદિત્ય એસ. વ્યાસને ત્યાં પધરામણી, જીવરાજપાર્ક.
શ્રી સહજાનંદ ગુરુકુળ કોટેશ્વરમાં પૂ. લાલજી મહારાજશ્રી સાથે સત્સંગ શિબિરમાં પધાર્યા.
૩૦. શ્રી સ્વામિનારાયણ મંદિર વાલી (રાજસ્થાન) પધરામણી.

આત્મવિશ્વાસ સાથે મક્કમતા

- શાસ્ત્રી સ્વામી અભયપ્રકાશદાસજી ગુરુ
મહંત સ્વામી દેવપ્રકાશદાસજી (નારણઘાટ)

ગંજીફામાં બાવન પાના હોય છે. માણસની જિંદગીના એક વર્ષમાં ત્રણસો પાંસઠ દિવસ હોય છે. એક એક દિવસ એક પાનું છે. એ એક એક પાનું વરસની તો ઠીક, જિંદગીની રમત પર અસર પાડી શકે છે. કોઈક દિવસ માણસને શુકનવંતો લાગે છે. તો કોઈક દિવસ તેને અપશુકનિયાળ લાગે છે. આમ જુઓ તો દિવસ બધા સરખા છે. પૂનમ હોય કે અમાસ, દરેકનું રૂપ અલબત્ત, અલગ અલગ હોય છે. પણ પૂનમના દિવસે જીવનને અજવાળનારી ઘટના બને અને અમાસનો દિવસ કાળો બધ્ધ સાબિત થાય એવું હોતું નથી.

માણસની જિંદગીના પ્રત્યેક દિવસના આ એક પાનામાં ઘણી બધી શક્યતાઓ પડેલી હોય છે. કેટલીકવાર એવું બને છે કે મનગમતી ઘટનામાં અણગમતા પરિણામનું બીજ પડ્યું હોય છે. અને અણગમતી ઘટનામાં મનગમતા પરિણામનું બીજ પડ્યું હોય છે. માણસની જિંદગીના આ પ્રત્યેક દિવસની ભરપુર શક્યતાઓ છે. પણ તેની અગાઉથી આગાહી થઈ શકતી નથી. "ન જાણ્યું જાનકી નાથે સવારે શું થવાનું છે ! વશિષ્ટ જેવા મહાન ઋષિએ શું શુભ મુહૂર્ત નહીં કાઢ્યું હોય ? એટલે જ આપણે કહીએ છીએ કે આવતી કાલની કોને ખબર છે. હરિ ભજવા હોય તો આજે ભજ કાલ કોઈએ જોઈ નથી. આમ જુઓ તો જિંદગીની કથાનાં પ્રત્યેક પાનાં પરની વાત અગાઉથી જાણી કે પામી શકાતી નથી એ જ સત્ય જિંદગીને રસ ભરી રોમાંચક અને ભગવદ્ મય બનવાની પ્રેરણા આપે છે. અને બનાવે પણ છે. ભગવાન કૃષ્ણની પાસે એક સુદર્શન ચક્ર છે. પ્રતિદ્વંદ્વી જ્યારે માન મર્યાદા ચૂકે ત્યારે શ્રીકૃષ્ણનું સુદર્શન ચક્ર છે. તેનું અજેય આત્મ બળ. બીમારમાં બીમાર માણસની પાસે એ મૂડી હોય છે. મહાભારતમાં પાંચ પાંડવોની પત્ની દ્રોપદી કેવા કેવા વિષમ સંજોગો અને મરવાનું મન થઈ જાય એવી અગ્નિપરીક્ષાનો સામનો કરે છે."

દરેક માણસની પાસે તેનું પોતાનું જે આત્મ બળ છે. તેની ઉપર પરમાત્માનું રક્ષા-છત્ર હોય જ છે. કોઈ ઈશ્વરમાં માને. ચાહે કદાચ કોઈ ન પણ માને પણ તેને સત્ય અને શુભનો વિજય કેવી રીતે થાય છે તેનો ભેદ આપણે તર્કની દૃષ્ટિએ પામી શકતા નથી. અને એજ સત્યને વ્યાસજીએ પરમાત્માનું સ્વરૂપ કહ્યું છે. અને જ્યાં સત્ય સ્વરૂપ પરમાત્મા હોય ત્યાં વિજય નિશ્ચિંત હોય જ.

'સત્યમેવ જયતે' એને રખે કોઈ લુખ્ખું આશ્વાસન સમજે. માનવ જાતનો અનુભવ છે કે આસુરી શક્તિઓ અન્યાય અને દમન કરનારાં પરિબળો, સરમુખત્યારોની આંતકલીલા એ બધા પછી એમનો નાશ અચૂક થાય જ છે. અશુભ પર અસત્ય પર છેવટે શુભ અને સત્યનો વિજય થાય જ છે.

એટલે માણસે વ્યક્તિના કે સમષ્ટિના ભવિષ્યને અંધકારનો મહાસાગર કલ્પી લેવાની જરૂર નથી. તેની જિંદગીના પ્રત્યેક દિવસના ગર્ભમાં કંઈક પડેલું છે. એટલે એણે દરેક વિજયની ભરપૂર શક્યતાઓનું એક પાનું સમજીને આ રમત રમવાની છે. આ રમતમાં જીત મળે કે હાર મળે આ રમતની જ એક મજા છે. એટલે તો આપણા રાષ્ટ્રીય સમર્થ સાહિત્યકાર ઝવેરચંદ મેઘાણીએ ગાયું કે હસતાં મુખે સહેતાં જઈશું પ્રારબ્ધના પરિહાસ ! મેઘાણી બહુ લાંબુ તો જીવ્યા નહીં પણ એવું બને છે કે ટુંકું જીવેલા તેમના પ્રદાનથી અમર બની જાય છે. એમાં કોઈ સ્વામી વિવેકાનંદ પણ હોય.

અંગત સુખ દુઃખની નોંધ પોથી ડાયરીમાં જિંદગીની સંપૂર્ણ કથા સમાઈ જતી નથી. રમત રમ્યા વિના પાનું નકામું ગણીને ફેંકી દેશો તો તમે સફળતાની શક્યતાનું એક પાનું અકારણ રદ કરી નાખ્યું એમજ કહેવાય ! કેટલાક મેદાન છોડીને ભાગી છૂટે છે. પણ કેટલાક તો ગમે તેવા કઠિન સંજોગોમાં નાસી જતા નથી. વ્યુહ રચનાત્મક રીતે ભગવાન શ્રીકૃષ્ણ 'રણછોડ' બને પણ તે કાયરતા નથી. એક વ્યુહ માત્ર છે.

ઘણા બધા સામાન્ય માનવીઓએ અસહ્ય સંજોગોમાં પણ નાસી જવાનું પસંદ કર્યું નથી. તેમણે વિકટમાં વિકટ સંજોગોનો મુકાબલો કર્યો છે. જેમ સૈનિક યુદ્ધમાં શહિદ પણ થઈ જાય. તેમ ભગવાનના કેટલાક ભક્તો પણ પોતાને ગમે તેવી વિષમ પરિસ્થિતિમાં પણ પોતાના પ્રભુને છોડતા નથી. અને તે જ સાચો મુકાબલો કર્યો કહેવાય. અને તેજ પ્રભુને વ્હાલો થાય. જે મક્કમ બનીને લડે છે તેના વિજયની આશા રાખી શકાય. જે સામનો કર્યા વિના ભાગી છૂટે છે તેને માટે વિજયની શક્યતા જ ક્યાં રહી ?

"દરરોજ રાત્રિના અંધકારને સૂર્ય વિખેરી નાખીને પ્રકાશ ફેલાવે છે. એવો જ એક સૂર્ય માણસના અંતરાત્મા છે. જે અંધ શ્રધ્ધાનો અંધકાર છેદીને આત્મ શ્રદ્ધાનો પ્રકાશ પાથરે છે. અને તેજ માનવીનું અજેય બળ છે."

ઉપાસના

- સાધુ ઘનશ્યામપ્રકાશદાસ, જમીયતપુરા (મહંત સ્વામી માણસા)

(વચનામૃત ગ.મ. ૯ આધારિત)

અક્ષરધામાધિપતિ ભગવાન સ્વામિનારાયણ અતિ કરૂણા કરીને અવનિ ઉપર પધાર્યા. દેવાધિદેવોનો સ્વાંગ તજી માનવ સાથે રહેવા માનવ બન્યા. ગજાવર હાથી, કીડીઓ સાથે ભમવા કીડી જેવડો થયો. સજાતિય બની સખા ભાવે શ્રાવણી પૂનમે સ્વહસ્તે રાખડીઓ બંધાવી રક્ષાના કોલ આપવા સભાજનોને સંબોધતા આગળ કહે છે કે મુક્તો, જીવ-પ્રાણીમાત્ર કંઈક અને કંઈક આધાર વડે જીવતા હોય છે. તેમાં ઘણા ને ઘેલું લાગે છે. શરીર બળનું, દંડબેઠક અને અનેક પ્રકારની કસરતો કરી શરીર કેળવે છે. વળી વિવિધ પ્રકારના મિષ્ટ આહાર વડે ખૂબ રૂષ્ટપુષ્ટ બને છે. આધુનિક યુગમાં જીમનેસ્ટીક અને એરાબિક્સ દ્વારા યુવા પેઢી ખૂબ સચેત રહે છે. આમ છતાં તેનું ફળ ઘણું જ મર્યાદિત છે. ઝાડા, ઉલ્ટી કે ઝેરની નાનકડી એક ગોળી ગમે તેવા મસલ્સપાવરને પણ ઢીલા ઢફ કરી મૂકે છે. માટે તેનાથી આગળ વધીએ તો ચડિયાતું લાગે છે. બુદ્ધિવાળા બુદ્ધિના બળે વૈજ્ઞાનિક સંશોધન કરીને ચંદ્ર અને મંગળ સુધી માનવ જાતે હરણફાળ ભરી મેડીકલ સંશોધનો દ્વારા શરીરના અવયવોનું પ્રત્યારોપણ કર્યું જાતજાતની ને ભાતભાતની મશીનરીઓ શોધીને અનેકાનેક સગવડો ઉભી કરી છતાં અંતે તો માનવ દુઃખીનો દુઃખી જ રહ્યો. કારણ કે સુખ દુઃખનું મૂળ સ્થૂળ દેહ કે બુદ્ધિમાં નહી પણ મનમાં છે. મન નબળું તો હતાશા, નિરાશા, અવળા વિચારો અને અંતે બધી જ સગવડો છતાં આત્મહત્યા સુધી દોડી જાય છે. માટે મનોબળનું મહત્વ ઘણું વધારે છે. તેના માટે મનોચિકિત્સક અને સુષુપ્ત મનના કેળવણીકારો આ જમાનામાં ખૂબ ફાલ્યા ફૂલ્યા છે. આથી આગળ વધીને તપોબળ દ્વારા ઘણી બધી આધિ, વ્યાધિમાંથી મુક્તિ મળી જાય છે. ઈન્દ્રિયોના નિગ્રહ થી અંતઃકરણ શાંત થાય છે. વળી વિવિધ ભોગમાંથી રાગ શમી જતા શાંતિનો અનુભવ પણ થાય છે. આ એક સારી અને સંતોષકારક ભૂમિકા છે. છતાં સાશ્વત નથી. જીવ ભાવ રહી જતો હોવાના કારણે કંઈક ખૂટતું રહે છે. એ સુનાપણાની વેદના તો આત્મબળ વતે જ ટળે છે. આત્મબળથી અખંડ આનંદરૂપ એવા નિજ સ્વરૂપમાં સ્થિરતા મળવા ઉપરાંત ભગવાનને પોતાના સ્વરૂપને વિશે ધારવાની અદ્‌ભુત ક્ષમતા પ્રાપ્ત થાય છે. માટે ઉપરોક્ત તમામ બળ કરતા આત્મબળ શ્રેષ્ઠ છે. હવે આત્માના પણ આધાર અને તેના સુખના દાતા એવા ભગવાનનું બળ એ સર્વોત્તમ અને સર્વોત્કૃષ્ટ છે. અનેક પ્રકારના આધાર છોડીને એક માત્ર અનન્યપણે એમનું જ શરણ ગ્રહણ કરીને દ્રઢ આશરે જે ભગવાન વતે જ સુખમાં રાચતા રહે છે તે કૃતાર્થ અને કૃતકૃત્યતા અનુભવે છે. વળી દુઃખના લેશ વગરનું પ્યોર સુખનું તે ઝરણું તેના હૃદયને વિશે અખંડ વહેતું રહે છે .આ એક ઓટ વગરની ભરતી છે. જે દિન પ્રતિદિન વધતા ક્રમે ચડતી રહે છે. પણ કદાપિ ઘટતી નથી. વળી હે વ્હાલા ભક્તો એ ભગવાનનું બળ જેના અંતર ને વિશે લેશ માત્ર હોય તો પણ તેની મોટા મોટા ભય થકી રક્ષા થાય છે. જન્મમરણ, ગર્ભવાસ કે લખ ચોરાશી આદિ વ્યાધિને ઉપાધિ કે આધ્યાત્મઅધિદેવ કે અધિભૂત, લોકેષણા, વિતેષણા કે પુત્રેષણા વળી બીજો, તમોને સત્વ કે સ્થૂળ સૂક્ષ્મને કારણ જેવા અનેક ઉદ્રેગોમિશ્રિત આ ભવાટવી પોતે જ મોટામાં મોટું ભય સ્થાન છે. જે એક માત્ર ભગવાનના બળ વડે જ ઉલ્લંધાય છે. માટે સમજુ ને વળી શાણા એવા હે સંતો તમારે પણ અનેક સાધનોના બળ છોડીને એક માત્ર સર્વોપરિ ભગવાન જે તમોને મુખો મુખ આ સર્વોપરિ સહજાનંદ સ્વામી સ્વરૂપે પ્રગટ પ્રમાણ મળ્યા છે. તેનું જ એક બળ રાખો એ જ સારનો સાર છે. છેલ્લે મહારાજ કહેશે કરોડ વાતની આ જ એક વાત છે. તેને ભલા થઈને સુધી સુરત રાખીને સૌ સમજજો દિન-દિન પ્રત્યે તેનું નિદિધ્યાસન કરી નવીન ને નવીન રાખજો અને દેહપર્યંત તેના જ અમલમાં સૌ રાચતા રહો એવી અમારા અંતરની અભિલાષા સહ સૌને રૂડા આશીર્વાદ વરસાવીએ છીએ.

વિદ્યાવ્યાસંગ, સર્વકલા કુશળ આચાર્ય મહારાજ

શ્રી દેવેન્દ્રપ્રસાદજીની આધ્યાત્મિક ચમત્કૃતિઓ

- પ્રો. સૂર્યકાન્ત ભટ્ટ (ભુજ)



અતિ શાંત, સૌમ્ય અને તેજસ્વી દ્રષ્ટિ ધરાવતા પૂજ્ય આચાર્ય પ્રવર શ્રી દેવેન્દ્રપ્રસાદજી મહારાજના દિવ્ય વાત્સલ્યાદિક ગુણો અને અદ્‌ભુત ઓજસ્વિતાના અનેક પ્રસંગો તેઓશ્રી વિષે ઓકટોમ્બર-નવેમ્બર ઈ.સ. ૧૯૬૯ માં પ્રગટ થયેલા "પ.પૂ.ધ.ધુ. અ.નિ. મહારાજશ્રી ૧૦૦૮ દેવેન્દ્રપ્રસાદજી સ્મૃતિ અંક "માં અનેક શુભ પ્રસંગોની તસવીરો સાથે સંગ્રહાયેલા છે. પરમપૂજ્ય મોટા મહારાજશ્રી તેજેન્દ્રપ્રસાદજીએ કૃપાવશાત મને આ અંક કે જેને પ્રગટ થયે ૪૦ વર્ષ વીતી ગયા તે મોકલ્યો. તે માટે હું તેઓશ્રીનો અત્યંત ઋણી છું. અંકમાં પ્રસિદ્ધ થયેલા અસંખ્ય વિદ્વાનોનાં પૂજ્યપાદ આચાર્ય મહારાજશ્રી દેવેન્દ્રપ્રસાદજી મહારાજ વિષેના લેખોમાં તેઓશ્રીની અમાપ ચમત્કૃતિઓના દર્શન થાય છે.

તેઓશ્રીએ સત્સંગીઓ, સંતો, હરિભક્તોની અનેક વિદ્યા સુવિદ્યાઓને લક્ષમાં રાખીને અમદાવાદ મંદિરમાં જ બે આલીશાન ધર્મશાળાઓ, શ્રી નરનારાયણ બિલ્ડીંગ, શ્રી ઘનશ્યામ બિલ્ડીંગ, અસારવા સ્વામિનારાયણ બાગ પાસે બે તથા એ સમયે સચિવાલય પાસે મોટું આલિશાન બિલ્ડીંગ બંધાવી સૌને રાજી કર્યા.

તેઓશ્રીએ જેતલપુર સં. ૧૯૯૩ ના ફાગણ વદ-૮, ઈડર સંવત ૨૦૦૨ ના જેઠ સુદ-૧૧, છપૈયા સં. ૨૦૦૭ ના જેઠ સુદ-૧૧, માંડવી સં. ૨૦૧૫ ના ફાગણ સુદ-૨ અને સિધ્ધપુર સં. ૨૦૨૧ ના જેઠ સુદ-૧૧ ના શિખરબંધ મંદિરોમાં પધરાવેલા દેવોના શતવાર્ષિક પાટોત્સવો ઉજવી ભક્તિ ભાવમાં ભક્તોને રસતરબોળ કર્યા. આ ઉપરાંત ટોરડા, દેત્રોજ, કચ્છમા અંજાર, સાબરકાંઠામાં સાપાવાડામાં દેવોની વેદ વિધિ પુરઃસર પ્રતિષ્ઠાઓ કરી, સત્સંગમાં જે તે પ્રદેશ વિસ્તારના અનુયાયીઓને દેવદર્શન, દેવ સેવાઓની અનુકુળતા કરી આપી.

શ્રીહરિના જન્મસ્થાન છપૈયામાં મંદિરનો વિશાળ મુખ્ય દરવાજો તથા સભામંડપ, અમદાવાદમાં મંદિરમાં બોરિંગની વ્યવસ્થા, નારાયણઘાટ પર શતકુંડી યજ્ઞ આદિ તેઓશ્રીના માર્ગદર્શન અનુસાર પ્રસ્થાપિત થયેલા હતા. પૂ. શ્રી દેવેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીના દર્શનાર્થે માજી વડાપ્રધાન શ્રી મોરારજી દેસાઈ, તથા શ્રી ગુલઝારીલાલ નંદા એક વખત ખાસ પધારેલા. પુરીના શંકરાચાર્ય તથા વૈષ્ણવાચાર્ય પણ પધારેલા. ભાગવતાચાર્ય શ્રી રામચંદ્ર ડોંગરેજી મહારાજ પણ બે-ચાર વખત પધારેલા.

લુણાવાડાના શ્રી રમણભાઈ ભટ્ટ લખે છે કે, "મહારાજશ્રી વચનસિધ્ધ હતા. મારી કમ્પાઉન્ડર તરીકેની નોકરી પૂરી થવામાં હતી, ત્યારે મેં તેઓશ્રીને સેવાર્થે સત્સંગાર્થે કામ આપવા વિનવ્યું." તેઓશ્રી કહે, હમણા તમને કોઈ છૂટા નહિં કરે અને મારી નોકરી લંબાઈ ગઈ. "ભુજના માજી મહંત સ્વામી ધર્મજીવનદાસજી લખે છે કે,

"પૂજ્ય દેવેન્દ્રપ્રસાદજી મહારાજ છ વખત કચ્છ પધારેલા. સંવત ૧૯૯૮ ની સાલમાં શ્રી ઘનશ્યામમહારાજની મૂર્તિ પ્રતિષ્ઠા તેઓશ્રીના હસ્તે થયેલી. કચ્છના મહારાઓશ્રી વિજયરાજજીએ તેમની રાજ દરબારમાં પધરામણી કરાવેલી. તેમણે એક કલાક સત્સંગ કરેલો." સંવત ૨૦૦૪ ના કાછીયા ગામમાં હરિભક્તોની લાગણીને માન આપી ઘેર ઘેર પધરામણી કરી. તેવામાં વરસાદ પડ્યો. છતાં તેઓશ્રીએ પધરામણી ચાલું જ રાખી. એક હરિભક્તનું ઘર બંધ હતું. તે મંદિરમાં સેવાર્થે ગયેલા. ઘરમાં એકલા જ હતા માત્ર સાંકળ વાસેલી. તે મહારાજશ્રીએ સ્વયં ઉઘાડી પગલાં કર્યા. તેનું ઘર પાવન કર્યું. અને તેઓશ્રી કહે કે, "ધનની સેવા કરતાં તનની સેવા વધે છે."

તેઓશ્રીની નાદુરસ્ત તબિયતને કારણે તેઓ અવાર નવાર માઉન્ટ આબુમાં રહેતા. સં. ૨૦૨૫ ના એકાએક તેઓશ્રીની તબિયત લથડી અને આસો સુદ-૧ તા. ૧૨-૧૦-૧૯૬૯ ના રોજ તેઓશ્રી સમગ્ર સત્સંગને રડતો મૂકી અક્ષરધામ સિધાવ્યા. તેમની વય માત્ર ૪૭ વર્ષની હતી. ૩૨ વર્ષ આ મહાનપદે રહ્યા. જીવનના અંતિમ દિવસ સુધી તેઓશ્રી કાર્યરત હતા. પરમપૂજ્ય મોટા મહારાજશ્રી તેજેન્દ્રપ્રસાદજીએ શોક સભામાં વર્ણવ્યું કે, "..... બાપુજીએ અમને કહ્યું હતું કે, "કોઈપણ સંતને ગમે તેટલા નાના હોય તો પણ એમને માનથી બોલાવજો. કોઈ દિવસ તું કહીને બોલાવશો નહિ. સર્વના પ્રત્યે સદ્‌ભાવ રાખજો. ભગવાન સહજાનંદ સ્વામીએ આપણા કુળમાં આચાર્યપદ સ્થાપ્યું છે. તેને શોભાવજો. ગર્વ કે અભિમાન રાખશો નહિ." આવા અતિ મહાન પિતા, સંતો, ભક્તોના, તારણહાર, અક્ષરધામમાં શ્રીહરિની સાથે દિવ્ય દેહે બિરાજેલા આચાર્ય મહારાજશ્રી પૂ. દેવેન્દ્રપ્રસાદજી મહારાજના પૂનિત ચરણોમાં કોટી કોટી વંદન."

ધનુર્માસિનો વિશેષ સત્સંગ

તા. ૧૬-૧૨-૨૦૦૯ થી તા. ૧૪-૧-૨૦૧૦

પ.પૂ. મોટા મહારાજશ્રી, પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી, પ.પૂ. લાલજી મહારાજશ્રી અને સમસ્ત બહેનોના ગુરુ અ.સૌ. પ.પૂ. ગાદીવાળાશ્રીના શુભ રૂડા સાનિધ્યમાં આપણા ઈષ્ટદેવ સર્વોપરિ શ્રી સ્વામિનારાયણ ભગવાને જીવના કલ્યાણ માટે વિશેષ ભજન-સ્મરણ કરવા માટે વરસમાં એકવાર આવતો ધનુર્માસ ખૂબજ સુલભ કરી આપ્યો છે. ગુલાબી કડકડતી ઠંડીમાં સત્સંગીના નાના બાળકથી લઈ લાકડીના ટેકે ચાલતા વૃદ્ધ વડીલ હરિભક્તો પ્રાતઃકાળમાં શ્રી સ્વામિનારાયણ મહામંત્ર ધૂનમાં એટલી મોટી સંખ્યામાં ઉમટે છે કે સભા મંડપમાં તો બેસવાની જગ્યા મળતી નથી. અમદાવાદ શહેર અને પરા વિસ્તારના હરિભક્તોને નમ્ર અનુરોધ છે કે ધનુર્માસ ધૂનનો લાભ લેવા અમદાવાદ કાલુપુર મંદિરમાં લાભ લેવાનું ચૂકતા નહીં.

ધનુર્માસિનો વિશેષ કાર્યક્રમ

સવારે ૫-૦૦ : રંગ મહોલ ઘનશ્યામમહારાજની સાંનિધ્યમાં ધૂન
સવારે ૫-૩૦ : મંગળા આરતી
સવારે ૫-૩૦ : ધૂન
સવારે ૬-૩૦ : શણગાર આરતી

માસિક ધૂન
રૂ. 1500/-

દૈનિક ધૂન
રૂ. 100/-

પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના આશીર્વચન

વહેલાલ ગામ

ભક્તરાજ જેસીંગભાઈ યાત્રિક ભૂવન તથા શ્રી વ્રજેન્દ્રપ્રસાદદ્વારના ઉદ્‌ઘાટન પ્રસંગની સભા પ્રસંગે : મહારાજે કહ્યું છે કે અમારી પ્રસાદીના સ્થળો, જે સ્થળે જે લીલા કરી હોય તે યાદ રાખવું, જેનાથી જીવમાં બહુ બળ આવે છે. તીર્થાટને જઈએ એટલે આ પ્રસાદીના સ્થળોના દર્શન કરીને, મહારાજનું જે લીલા ચરિત્ર યાદ રાખ્યું હોય તેની તે સ્થળ પર સ્મૃતિ થાય છે, પછી જે તે સ્થળની જે તે લીલા કાયમ માટે માનસપટ પર અંકિત થઈ જાય છે. મહારાજનું સ્મરણ કરવામાં તે બહુ ઉપયોગી બને છે. જીવનનું ભાથું બંધાય છે. વહેલાલના ભક્તો, તમે આ મહિમા સમજીને પ્રસાદીના આ સ્થળનું જતન કરી રહ્યા છો. ડૉ. અનિલભાઈ, તેમના પિતા જયંતિભાઈ વગેરેએ આ કામ ખૂબ શ્રધ્ધાથી કર્યું છે. ચૈતન્યમુનિદાસજી મંદિરમાં નાનું મોટું કાર્ય સતત કરતા રહ્યાં છે.

જીર્ણોદ્ધારની જો વાત કરીએ તો કદાચ ઈંટ, રેતી, સિમેન્ટથી બિલ્ડીંગના જીર્ણોધ્ધારનું કાર્ય સરળ છે. એક વાર જીર્ણોધ્ધાર થઈ જાય એટલે તેની સામે ૧૫-૨૦ વર્ષ જોવું પડતું નથી. ત્યાર પછી થોડું મેઈન્ટેન્સ માગે. એટલે મકાન કે મંદિરનો જીર્ણોધ્ધાર થઈ જાય એટલે તે કામ અટકી જાય છે. પરંતુ આપણા જીવનનો જીર્ણોધ્ધાર ક્યારેય અટકવો જોઈએ નહિ. એક પુસ્તકમાં વાંચ્યું હતું કે દક્ષિણ ભારતમાં એક મંદિર છે. સાચું ખોટું જે હોય તે પરંતુ ત્યાં કોઈએ એવી વાત કરી કે તમારા મંદિરમાં ભગવાન કલ્કિ અવતાર લેશે ત્યારે પધારશે. પરંતુ શરત એટલી કે તમારા મંદિરનો જીર્ણોધ્ધાર સતત ચાલું રહેવો જોઈએ. તેથી આજે પણ તે લોકો મંદિરનો જીર્ણોધ્ધાર કર્યા જ કરે છે. બારી કે બારણું સરખું કરે, વળી ક્યાંક દિવાલ કરે અને પછી જરૂર ન હોય તો ફરી તે દિવાલને પાડી નાખે, પરંતુ કામ ચાલું રાખે છે. થોડું હસવું આવે તેવી વાત છે. પરંતુ વિચાર કરીએ તો આપણે શીખવાનું એ છે કે આપણા જીવનમાં સત્સંગનો જીર્ણોધ્ધાર હર હંમેશ ચાલું રહેવો જોઈએ. સરવૈયું કાઢ્યા કરવું. પહેલા દેવ પ્રત્યે કેટલી નિષ્ઠા - ભક્તિ હતી, સંતો પ્રત્યે કેટલો સ્નેહ હતો, કેટલી માળા થતી હતી ? આ બધું આજે વધ્યું કે ઘટ્યું ? વધતું રહે તો લાભ છે. પરંતુ ઘટી જાય તો ખોટ છે. અહીં દરરોજના નિયમ-પૂજા, આરતી, સ્તુતિ, નિયમ-ચેષ્ઠા વગેરેની વાત નથી. તે તો દરેકે નિયમિત કરવાનું જ હોય ! તેથી વિશેષ સત્સંગ-ભક્તિની અહીં વાત કરીએ છીએ. સત્સંગ ભક્તિ ક્યારેય અટકતી નથી. જો આપણને એમ લાગે કે બહુ ભજન-ભક્તિ અને સત્સંગ કર્યો, હવે પુરુ થઈ ગયું. કાંઈ જરૂર નથી, તો તેજ ક્ષણે મહારાજને પણ એમ થશે કે તો હવે અમારે પુરુ થઈ ગયું. સત્સંગ ભક્તિમાં સતત જીવંત રહેનારને, સતત જીર્ણોધ્ધાર ચાલું રાખનારને ભગવાન મળે છે. તેના હૃદયમાં ભગવાન સતત રહે છે. ભગવાન થકી જ આપણું અસ્તિત્વ છે. જેટલું સુખ મળે છે તેટલું ભગવાન થકી જ મળે છે. મહારાજે આપણા માટે અન્ન-ધન-વસ્ત્ર અને આબરું માંગી લીધા છે. છતાં જેટલું દુઃખ આવે છે તેટલું આપણી પોતાની સ્વભાવ-પ્રકૃતિને કારણે આવે છે.


પૂર્વે કેટલાય જન્મોમાં આપણે કોઈને કોઈના થતા આવ્યા છીએ. કોઈના પિતા થયા, પુત્ર થયા, પતિ થયા કે પત્ની થયા, ભાઈ થયા કે બહેન થયા કે અન્ય સગા થયા જે થયા તે, પરંતુ આ જન્મે તો આપણે મહારાજના થઈશું તો મહારાજ આપણા થઈને રહેશે એ નિશ્ચિત વાત છે. ભગવાનમાં આપણે જેટલો પ્રેમ કરીએ તે જ આપણા જીવનની સંપત્તિ બને છે. આખો દિવસ આપણે જેનું ચિંતવન કરીએ તેવું આપણું જીવન બની જાય છે. જેમ મોટા વેપારીને આખો દિવસ તેની દુકાન વેપાર-ધંધાનું ચિંતવન રહે છે તેમ આપણે મહારાજનું સતત ચિંતવન સ્મરણ કરીએ તો મહારાજ પ્રત્યે આપણી પ્રેમ ભાવના ખૂબ વૃદ્ધિ પામે છે અને એજ અંતે કામમાં આવે છે.

યજમાન પરિવાર, સહયોગી તેમજ તમામ હરિભક્તોના દરેક મનોરથો મહારાજ પુરા કરે તેવી તેમના ચરણોમાં પ્રાર્થના.

સંકલન- ગોરધનભાઈ વી. સીતાપરા (હીરાવાડી - બાપુનગર)

નામ - ધર્માદો સુખી થવાનો ધોરીમાર્ગ

- ગોરધનભાઈ વી. સીતાપરા (હીરાવાડી-બાપુનગર)



જગતમાં ઘણા બધા ધર્મ સંપ્રદાયોમાં ઘણા બધા ધાર્મિક મનુષ્યો પોતપોતાની રીતે પોતાની આવકમાંથી અમૂક ભાગ ધર્મ અર્થે અથવા પુણ્યના માર્ગે વાપરતા હોય છે. તેમાં પણ સ્વામિનારાયણ ભગવાને તો દરેક બાબતનું ચોક્કસ બંધારણ કરીને આપ્યું છે. સર્વોપરી શ્રીહરિની દરેક રીત પણ સર્વોપરિ જ હોય એ ન્યાયે સ્વામિનારાયણ સંપ્રદાયમાં નામ-ધર્માદાની રીત પણ ઉત્તમોત્તમ છે. જગતના મનુષ્યો આજે પણ કહે છે કે સ્વામિનારાયણ વાળા પાસે પૈસા બહુ હોય છે, જગતની આ વાત તદ્દન સાચી છે. કારણ કે હરિભક્તો શ્રીહરિએ કહેલી રીત પ્રમાણે વર્તે છે. શ્રીહરિની આજ્ઞામાં રહીને જીવન જીવે છે, પોતે નારાયણને રાખે છે. તેથી નારાયણની સાથે લક્ષ્મીજી તો હોય જ ને! મોંઘવારીના આ જમાનામાં દરેક માણસ પૈસા માટે રાત્રિ-દિવસ દોડા-દોડ કરે છે. દરેકને આર્થિક રીતે સુખી થવું છે. નીતિમતાનું ધોરણ સાચવીને પૈસાદાર થવું એ ઘણું કઠિન કાર્ય છે. તેમ છતાં જેઓને ધર્મ અને નીતિ રાખીને સુખી થવું હોય તેમણે પોતાની બુદ્ધિ ને ગૌણ કરીને, **શ્રીહરિની આજ્ઞામાં સંપૂર્ણ શ્રધ્ધા રાખે તો તે જ કામ ખૂબ સરળ થઈ જાય છે. આર્થિક રીતે સુખી થવાના ઘણા બધા રસ્તાઓ પૈકી નિયમ પૂર્વક નામ-ધર્માદો કાઢવો એ સૌથી શ્રેષ્ઠ માર્ગ છે.** વળી શ્રીહરિની આજ્ઞા પાળવાથી અંતે અક્ષરધામ તો ખરુ જ!

શ્રીહરિએ પોતાના આશ્રિતજનોના કલ્યાણ માટે મોટા મોટા મંદિરો કરી તેમાં પોતાના સ્વરૂપો પધરાવ્યા, તે મંદિરોના નિભાવ માટે ધર્માદાની આજ્ઞા કરી. તે ન્યાયે ધર્માદો એ દેવનો ભાગ છે. શ્રીહરિએ પોતાના જ અપર સ્વરૂપ એવા ધર્મવંશી આચાર્યશ્રીની પરંપરા સ્થાપી, તેઓના જીવન નિર્વાહ માટે 'નામ ભેટ' ની આજ્ઞા કરી. શ્રીહરિએ આચાર્યશ્રીને ગૃહસ્થ જીવનની આજ્ઞા કરી છે. આપણે સૌ જાણીએ છીએ કે ગૃહસ્થને ડગલે ને પગલે પૈસાની જરૂર પડે છે. આપણે તો નોકરી ધંધો કરીને દ્રવ્યોપાર્જન કરી શકીએ, પરંતુ આચાર્યશ્રીથી તેમ થઈ શકતું નથી, કારણ કે તેઓશ્રીએ પોતાનું સમગ્ર જીવન સત્સંગની સેવા અર્થે સમર્પિત કરી રાખ્યું હોય છે. વળી તેઓશ્રીના ચરણોમાં પણ હરિભક્તો જે ભેટ મુકે છે તે ભેટ પણ શ્રી નરનારાયણદેવ અથવા શ્રી લક્ષ્મીનારાયણદેવના

કોઠારમાં આચાર્ય ભેટથી દેવના ચરણોમાં જમા કરવામાં આવે છે. જે આચાર્યશ્રીએ આપણને ગુરુમંત્ર પ્રદાન કરીને આપણા જીવનું શ્રીહરિ સાથે જોડાણ કરી આપ્યું, તે ગુરુઋણ ક્યારેય કોઈ ચૂકવી શકતા નથી. શ્રીજી મહારાજ વખતથી ચાલી આવતી પરંપરા મુજબ દેશો-દેશના મંદિરોમાં મુખ્ય મંદિરેથી સંતો વર્ષમાં એક વાર નામ ધર્માદો લેવા તથા સત્સંગ કરાવવા આવે છે. તેમાં નામના કોલમમાં હાલના ધોરણ મુજબ વ્યક્તિ દીઠ પાંચ રૂપિયા તથા ધર્માદાના કોલમમાં પોતાની આવકનો દશાંશ કે વિશાંશ ભાગ દરેક સત્સંગીએ અર્પણ કરવાનો હોય છે. નામ ભેટ તો વર્ષમાં એક જ વાર અર્પણ કરવાની હોય છે. જ્યારે ધર્માદો એક વર્ષનો સામટો ભેગો ન કરવો હોય તો નોકરીયાત વર્ગને દર મહિને પગારની ચોખ્ખી આવક થતી હોય છે. તો તેવા હરિભક્તો દર મહિને દેશ વિભાગ પ્રમાણે મુખ્ય મંદિરોમાં આવીને જે તે દેવના કોઠારમાં ધર્માદો જમા કરાવી પાકી પહોંચ મેળવી શકે છે. ખેડૂત કે વેપારી વર્ગને વર્ષે એકવાર આવકનો હિસાબ થતો હોય તો તેઓ દર વર્ષે એક સામટો ધર્માદો જમા કરાવે. તાત્પર્ય એ છે કે દેવનું દ્રવ્ય પોતાના ઘરમાં વધારે સમય ન રાખતા વહેલી તકે દેવના ચરણોમાં જમા કરાવવું એ જ હિતાવહ છે.

અને તે ગૃહસ્થાશ્રમી સત્સંગી તેમણે પોતાની જે વૃત્તિ અને ઉદ્યમતે થકી પામ્યું જે ધન ધાન્યાદિક, તે થકી દસમો ભાગ કાઢીને શ્રીકૃષ્ણ ભગવાનને અર્પણ કરવો, અને જે વ્યવહારે દુર્બળ હોય, તેમણે વીસમો ભાગ અર્પણ કરવો (શિક્ષાપત્રી શ્લોક ૧૪૭)

શ્રીહરિની લેખિત આજ્ઞા એ જ ધર્માદાની મહત્તા દર્શાવે છે. શ્રીહરિએ પોતાનો ભાગ આપણી પાસેથી, આપણા પોતાના જ જીવના કલ્યાણ માટે, સામે ચાલીને માગી લીધો છે. જેમ રાજા કે સરકાર પોતાની પ્રજાના કલ્યાણ માટે, પોતાના રાજ્યમાં જનતાની સુખાકારી માટે વિકાસના કાર્યો કરવા માટે નાગરિકો પાસેથી ચોક્કસ રકમનો કર વસુલ કરે છે તેમ શ્રીજી મહારાજ ઉત્તર (અમદાવાદ) અને દક્ષિણ (વડતાલ) એમ બે દેશ વિભાગ પ્રમાણે નરનારાયણદેવ અને લક્ષ્મીનારાયણદેવ સ્વરૂપે રહ્યા થકા પોતાના આશ્રિતોએ જમા કરાવેલો ધર્માદો પોતાની તિજોરીમાં જમા કરે છે અને તેમાંથી મંદિરોનો નિભાવ થાય છે. સત્સંગના વિકાસ કાર્યો થાય છે. મંદિરોમાં દેવની પ્રતિષ્ઠા થઈ જાય એટલે કાર્ય પુરુ થઈ જતું નથી. મંદિરોનો પણ બહુ મોટો વહીવટ હોય છે. તેનો નિભાવ ખર્ચ ધર્માદાની રકમમાંથી જ પુરો પડે છે. આપણી આવકમાંથી દસમો-વીસમો ભાગ કાઢીને ધર્માદાની પહોંચ ફડાવીને દેવના ચરણોમાં જમા કરીએ તો બાકીની લક્ષ્મી પ્રસાદીભૂત તથા નિર્ગુણ ગણાય છે. તે લક્ષ્મી આપણને સાત્વિક સુખ આપે છે. **સરકારનો ટેક્ષ આપણે નિયમસર ટાઈમે ન ભરીએ તો દંડ સાથે સરકાર આપણી પાસેથી વસુલ કરે છે તેમ ધર્માદો આપણે નિયમ પૂર્વક ટાઈમસર દેવના કોઠારમાં જમા ન કરાવીએ તો તે ભાગ આપણી પાસેથી ડૉક્ટર, વકીલ કે ચોર લઈ જાય છે,** વળી સાથે



હેરાનગતિ થાય તે નફામાં ! માટે દેવનું દ્રવ્ય દેવને અર્પણ કરીને જ રાજી થવું, પરંતુ તેમાં સહેજ પણ લોભ ન કરવો એ શ્રેયષ્કર છે. પ.પૂ.ધ.ધુ. આચાર્યશ્રી ૧૦૦૮ કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીના શબ્દોમાં કહીએ તો, બીજાના અધિકારની વસ્તુ પણ જો આપણને ન પચતી હોય તો પછી દેવનો ભાગ તો આપણે ક્યાંથી પચાવી શકવાના !!!

દેવને ધર્માદો અર્પણ કરવો એ કોઈ પુણ્યનું કાર્ય નથી, કારણ કે એ તો દેવનો જ ભાગ છે, દેવનો ભાગ આપણે આપણી ફરજ સમજી ને દેવના ચરણોમાં અર્પણ કરીએ છીએ, ન અર્પણ કરીએ તો આપણે દેવના ચોર ઠર્યા ! જેમ સરકારના ટેક્ષની ચોરી એમ ધર્માદાની ચોરી ! પછી ક્યારેક આવી બને !! ધર્માદો દેવને અર્પણ કર્યા પછી આપણી પાસે

જે ૯૦% કે ૯૫% પ્રસાદીની લક્ષ્મી રહે છે તેમાંથી સંત સેવા, મંદિરનું બાંધકામ, ગૌ સેવા, રોગીની સેવા, શિક્ષણ સેવા, માનવ સેવા વગેરે વિધવિધ પોતાને મન પસંદ પુણ્યના કાર્યો પોતાની શ્રધ્ધા શક્તિ પ્રમાણે કરવાના હોય છે. ધર્માદો ફરજિયાત છે. જ્યારે પુણ્યના કાર્યો મરજિયાત છે. શ્રીહરિ કહે છે, દશમો ભાગ હરિને અર્પણ કરવાનો શાસ્ત્રમાં કહ્યો છે તે આપવો જ જોઈએ, નહિ તો ગૃહસ્થને પંચ પાપ લાગે છે. તેનું જે નિવારણ નથી કરતો તેને તે પાપ દિવસે દિવસે દસગણું વધે છે. અને તમને આ વાત જો કહી દેખાડીએ નહિ, તો અમને પાપ લાગે. હરિનું છે માટે હરિને શું આપવું ? એવું કહે તેને કૃતઘ્ની સમજવો. તમારે ગૃહસ્થોએ પોતાની ઉપજનો દશમો અથવા વીસમો ભાગ અમે જે મંદિરો કરાવ્યા છે તેમાં તે તે દેશના સત્સંગીએ ધર્માદો આપવો અને પોતાના ગામમાં હરિ મંદિર કરાવવું હોય તો પણ તે દશમો વીસમો ભાગ તેમાં વાપરવો નહીં પણ તે તે દેશના અમારા મંદિરોમાં આપવો.

શ્રીહરિએ કહેલી આ વાત પરથી જણાય છે કે દશમો કે વીસમો ભાગ દેશ વિભાગ પ્રમાણે જે તે સત્સંગીઓએ મુખ્ય મંદિરના કોઠારમાં જ ધર્માદા તરીકે નિયમિત જમા કરાવવો પરંતુ ધર્માદામાં પેટા વિભાગ મંદિરનો હક નથી. અત્રે એ નોંધનીય છે કે ધર્મવંશી આચાર્યશ્રી શ્રીજી મહારાજની જગ્યાએ શ્રીજી મહારાજની આજ્ઞાથી સત્સંગ-સંપ્રદાયના રખેવાળ છે તેથી જે તે દેવના તાબાના શિખરબધ્ધ અથવા હરિ મંદિરોને ધર્માદો લેવાની સત્તા પોતપોતાના દેશના આચાર્યશ્રી તરફથી લેખિતમાં પ્રાપ્ત થઈ હોય તો તેવા મંદિરો પણ ધર્માદો સ્વીકારી શકે છે અને ધર્માદાનો ઉપયોગ કરી શકે છે. દ્રષ્ટાંત સ્વરૂપે કોઈ જગ્યાએ મુખ્ય દેવના તાબામાં મંદિરનું બાંધકામ થતું હોય અને તે મંદિરની આજુબાજુના વિસ્તારના હરિભક્તો આર્થિક રીતે બહુ સધ્ધર ન હોય અને મંદિરનું કાર્ય અટકતું હોય તો તેવા સમયે આવી સત્તા જરૂરીયાતને અનુલક્ષીને આચાર્ય મહારાજશ્રી કાયમી ધોરણે અગર હંગામી ધોરણે (નિયત સમય પૂરતી) પણ આપી શકે છે.

શ્રીહરિના પ્રસાદીના એક પત્રમાં લખ્યું છે, લખાવિતંગ સ્વામી શ્રી સહજાનંદજી મહારાજ ..... પોત પોતાના ગામમાં સાધુને રહેવા સારુ ધર્મશાળા કરાવવી હોય તો સુખેથી કરવી, પણ પોતે વર્ષો વર્ષ ધર્માદો કાઢતા હોઈએ તેમાંથી એક દોકડો તથા એક સેર દાણો તે ધર્મશાળાના ખર્ચમાં ન વાપરવા. તથા સાધુને રસોઈ દેવી હોય તથા વસ્ત્ર લઈ દેવું હોય તથા કાગળ તથા પુસ્તક લઈ દેવું હોય તો તે ધર્માદામાંથી ન વાપરવું કેમજે રાધાકૃષ્ણ, લક્ષ્મીનારાયણ, નરનારાયણ, એમના અમે દેશ દેશમાં મંદિર કરાવીને ધર્મવંશના બ્રાહ્મણ (ધર્મવંશી આચાર્યશ્રી)ને આપ્યા છે. તે મંદિરનું જે ખર્ચ તે પુરુ ન થાય. માટે જે ધર્માદાનું હોય તે તો એ મંદિરમાં જ આપવું. પણ બીજા કોઈ કામમાં વાપરવું નહિ. અને આ જે અમારું વચન નહિ માને તે અમારો સત્સંગી નથી અને વચન દ્રોહી છે.....


સ્વામિનારાયણ માસિકમાં સમયાંતરે ધર્માદાનો લેખ લખવાની એટલા માટે જરૂર પડે છે કે મોટા પુરુષોના અભિપ્રાય મુજબ, હરિભક્તો ચાતુર્માસના વિશેષ નિયમો લે છે, શિક્ષાપત્રીના ઘણાં નિયમો પાળશે, પરંતુ ૨૧૨ શ્લોકમાં જ્યાં ધર્માદાની વાત આવે ત્યાં કોઈ સામું જોતું નથી. સમયના ઘસારામાં નામ-ધર્માદામાં પણ ઘસારો પડતો રહે છે. સ્ત્રી અને ધન એ માયાના મૂર્તિમાન બે સ્વરૂપો છે. જલ્દી કોઈનાથી છૂટતું નથી. પરંતુ પોતાના ઈષ્ટદેવ પ્રત્યે જો સાચો પ્રેમ હોય, પોતાના ઈષ્ટદેવના વચનમાં જો સંપૂર્ણ શ્રધ્ધા હોય તો શ્રીહરિના આશ્રિતને માયા પરાભવ કરી શકતી નથી. કાળ, માયા, કર્મ શ્રીહરિને આધીન છે. માટે શ્રીહરિનું બળ રાખી શ્રીહરિને ગમતું કરવું, પરંતુ પોતાના મનનું ધાર્યું ન કરવું, જેઓને શ્રીહરિના વચનમાં શ્રધ્ધા અને વિશ્વાસ છે તેવા હરિભક્તો તો નિયમપૂર્વક નામ-ધર્માદો જમા કરાવવામાં પણ દિવ્ય આનંદ અનુભવે છે !

અંતમાં એટલું જ લખીશ કે, શ્રીજી મહારાજ વખતથી ચાલી આવતી પરંપરા મુજબ જે હરિભક્તો નામ-ધર્માદો કાઢે તે હરિભક્તોનું જ નામ આપણા મુખ્ય મંદિરના ચોપડે લખાય છે. અને તેનું જ નામ અક્ષરધામના ચોપડે પણ લખાય છે. મંદિરના ચોપડાથી જ સંપ્રદાયમાં કેટલા ગૃહસ્થ સત્સંગી હરિભક્તો છે તેની ગણતરી થાય છે.

ઉન્મત્ત ગંગાનું માહાત્મ્ય

- પટેલ ગાંડાભાઈ મોહનલાલ (કોલ્હાપુર)

એક સમયે મંદાકિની ગંગામાં સ્નાન કરવા શ્રીનરનારાયણ ગયા. તેમાં સ્નાન-સંધ્યા કરીને પોતાના આશ્રમે આવ્યા, તો તેમની પાછળ પાછળ અતિશે ગર્વવાળી ને મદભરી સ્ત્રીનું રૂપ ધરેલ મંદાકિની ગંગાને આવતી જોઈને પાછળથી શ્રી નરનારાયણે તેને પૂછ્યું : "હે મંદાકિની ! આજે તો તું મદભરી ને અતિ ઉત્સાહી જણાય છે. તે શા કારણે ?"



ત્યારે ગર્વથી મંદાકિની બોલી : "હે મુનિવર્ય ! મેં શ્રી વામન ભગવાનના ચરણનો સ્પર્શ પામ્યો છે અને તેના ઐશ્વર્યને કારણે ગમે તેવા જીવોનાં પાપોનો નાશ માત્ર મારામાં સ્નાન કરવાથી થાય છે તેવી સામર્થ્ય વાળી હું બનેલી છું. તેમજ તમારા જેવા સમર્થ મુનિવર્યો પણ મારામાં સ્નાન કરીને મને પવિત્રતા અર્પે છે. તે જ કારણે હું મારી જાતને અતિ ભાગ્યશાળી ગણું છું. તેથી જ મને ગર્વ અને આનંદ કેમ ના થાય ?"

આવું મંદાકિનીનું ગર્વીલું વચન સાંભળીને શ્રી નરનારાયણદેવે અમૃત ભર્યા વચને કહ્યું : "હે સુભાગ્યશાળી ! તને તો શ્રી વામનજી ભગવાનનો ચરણ સ્પર્શ માત્ર એકજ વાર થયેલ છે, વળી મારા જેવા યોગીઓનું તારા જળમાં સ્નાન કરવું તે કંઈ મોટા ગર્વની વાત નથી. કેમ કે મારાથી કે શ્રી વામનજીના અવતારના પણ અવતારી શ્રી અક્ષરધામના પતિ શ્રી પુરૂષોત્તમનારાયણ ભગવાન તે જુદા છે તેમનો પ્રત્યક્ષ જો તારે સંબંધ થયો નથી ત્યાં સુધી આ તારો ગર્વ ને મદભર્યો વર્તાવ તે યોગ્ય નથી."

શ્રી નરનારાયણમુનિનું આવું વચન સાંભળીને તે અતિશય વિસ્મય પામી, તેનો ગર્વ બરફની જેમ તરત જ ઓગળી ગયો. પોતે શરમાઈને પગે લાગીને નતમસ્તકે પૂછ્યું "..... તો તેવા શ્રી પુરુષોત્તમનારાયણનો સંબંધ પામવા મારે શું કરવું તે કહો ?"

તો શ્રી નરનારાયણે કહ્યું : "હે કલ્યાણી ! તારા શુભ સંકલ્પ કાજે તું પાંચાલ દેશમાં જઈને મનુષ્યયોનીમાં જન્મધારણ કરી કઠણ તપ કરીને તે સર્વ અવતારના અવતારી શ્રીહરિનો સદાય ચરણ સ્પર્શ પામવાનો ભાગ્યશાળી બનારીશ." એમ કહીને શ્રી નરનારાયણ મુનિ પોતાના આશ્રમમાં તપ મગ્ન થઈ ગયા. અને મંદાકિની મુનિનાં વચન ગ્રહીને ખળખળ વહેતી તપની ઈચ્છા કરવા લાગી.

આજ સમયે વંકાયન ઋષિ કે જે પશ્ચિમપાંચાલ દેશમાં આવેલ સોમનાથ પર્વતમાં રહીને સંકલ્પ કર્યો કે મંદાકિની ગંગા મારી પુત્રી થાય તો મારા વંશનો ઉદ્ધાર થઈને રહે. તેમ નિશ્ચય કરીને પોતાના વંશની મુક્તિને અર્થે કઠણ તપનો આરંભ કર્યો. આવા તપના પ્રતાપે કરીને ઋષિ પત્ની રમાને વિશે મંદાકિની ગંગા પુત્રી રૂપે અવતરી. તેણે કરીને માતા-પિતા અતિ આનંદ પામ્યાં. પુત્રી પણ પિતાની જેમજ તપપ્રિય હતી. તેથી તેનું નામ બાલયોગિની રાખ્યું. તે નાનપણથી જ તપ ધ્યાનમાં લીન રહેવા લાગી. માત્ર પ્રભુ સ્મરણ ને તેમનું અહોર્નિશ ધ્યાન જ ધર્યા કરતી હતી. સહુ તેને ગંગા સ્વરૂપ જ કહેવા લાગ્યા. આવી કૃશ કાયાવાળી બાલયોગિનીની આરાધનાથી શ્રી નારદજી તેને પ્રસન્ન થયા ને પૂછ્યું : હે બાલિકા ! આવું ઉગ્ર તપ કરવાનું કારણ તું મને જણાવીશ ? તું તો સર્વ જગતને પવિત્ર કરનારી ગંગા છે તારે

પાવનને વળી શી મહેચ્છા બાકી હોય ?''

ત્યારે બાલયોગિની રૂપે ગંગાએ કહ્યું : ''મુનિવર્ય ! મારે અક્ષરધામના અધિપતિ પ્રગટ પુરૂષોત્તમશ્રી સ્વામિનારાયણ ભગવાનનો સદાય ગાઢ સંબંધ પામવો છે ને કૃતાર્થ બનવું છે તેજ એક મહેચ્છા છે !''

તે સાંભળીને સંત નારદજી અતિ પ્રસન્ન થયા ને બોલ્યા, ''તારો શુભ આશય અવશ્ય પૂર્ણ થશે. હે ગંગે, તું આ દેહનો ત્યાગ કરીને પૃથ્વી પર નદી રૂપે વહેતી થજે. વહેતી વહેતી ગઢડા ગામે જજે ત્યાં તને પ્રગટ પુરૂષોત્તમશ્રી સ્વામિનારાયણ ભગવાનનો નિત્ય સંબંધ થશે. તે શ્રીહરિ સદાય તેમના મુક્તો સાથે આવીને તારા નિર્મળ જળમાં સ્નાન કરશે. ત્યારે તારી કીર્તિ સર્વ બ્રહ્માંડમાં વ્યાપી જશે, ને તું પણ ધન્ય ધન્ય થઈ જઈશ.''

આમ સંતવર્ય શ્રી નારદજીની વાણીને સત્ય માનીને બોલયોગિની અતિ દુષ્કર તપ કરવા લાગી. સમય જતાં પોતાનો દેહ ત્યાગીને નદી રૂપે પ્રગટ થઈ સોમનાથ પાસેના વાંકીયા ગામના પર્વતમાંથી પુણ્ય પ્રવાહ રૂપે બની ગંગાજી વહેવા લાગ્યાં. આજ ગંગા પ્રવાહને પ્રગટ કરવા કાજે માંડવધાર ગામના આશ્રમને પાવન કરવા માંડવ્ય ઋષિ સાલેમાલ ડુંગરમાં અખંડ તપ કરતા હતા.

આ માંડવ્યઋષિ કે જે બાલ્યાવસ્થામાં જ્યારે પાંચેક વર્ષના હતા ત્યારે તેમણે રમતા રમતાં દર્ભની અણીથી તીડ જંતુને વીંધી નાખ્યું હતું. ને પોતે બાળ સહજ આનંદ પામેલ હતા. તે સહજ પાપને કારણે મોટી ઉંમરે તેમના આશ્રમમાં અજાણતાં ચોરોને આશ્રય આપેલ તેથી રાજાએ તેમને ચોરોની સાથે પકડીને શૂળીએ ચઢાવ્યા. ઋષિ જમપુરીમાં જઈને ધર્મરાજાને પૂછ્યું : ''મારા ક્યા ગુનાથી આ શૂળીનો દંડ દીધો ?'' મુનિ જ્ઞાની હતા. તે કહે ''બાળ સહજમાં કરેલ કૃત્યને પાપ ના ગણાય અને તેનું પ્રાયશ્ચિત પણ ના હોય. તમોએ આવો ઉગ્ર દંડ મને દીધો તેથી હે ધર્મરાજા, તમોને મારો શાપ છે કે તમો શુદ્રપણાને પામો !''

આવો શાપ આપી પોતાના આશ્રમે મુનિ માંડવ્ય આવ્યા. પરંતુ કલેશ યુક્ત મનને કારણે આશ્રમમાં મન ના ગાંઠ્યું. તેથી તે સાલેમાલ ડુંગરમાં જઈને તપ કરવા લાગ્યા - બાળપણમાં તીડને વિંધ્યું. ચોરોને અજાણમાં આશ્રય દીધો. રાજાએ પોતાને શુળી દીધી-ધર્મરાજાને શાપ આપ્યો - તે સર્વે ક્રિયા-કર્મથી ખૂબજ સંતાપ ને ઉદ્વેગ-ક્લેશને પામેલ તેના શાંતપણા કાજે પોતે તપ કરીને ગંગાજીને પોતાને આશ્રમે લાવવા પ્રયત્ન કરવા લાગ્યા.

તે ગંગાસ્વરૂપ આજે માંડવધારના માંડવ્ય ઋષિના આશ્રમે થઈને પાવન કરતી આગળ વહેવા લાગી. માંડવ્ય ઋષિએ ગંગાને વધાવીને પોતે સ્નાન કરી કલેશ યુક્ત થઈ પાવન થઈ રહ્યા. તેમને પવિત્ર કરીન ગંગા આગળ વહેવા લાગી. તે વહેતી વહેતી નીલકંઠ મહાદેવના મંદિરનાં પગથિયાં પખાળવા લાગી. ત્યાં રહેતા નીલકંઠ બ્રાહ્મણ કે જે વર્ષોથી ગંગાની રાહ જોઈને મહાદેવની પૂજા કરતા હતો તેને સ્નાન કરાવી પવિત્ર કર્યો ને તેને નિર્દોષ કર્યો.

આ નીલકંઠ બ્રાહ્મણ પાંચલ દેશના રાજાનો માનીતો હતો. તે ધનાઢ્ય ને પોતાના જ્ઞાતિના લોકોનું સદાય હિત કરનારો હતો. એક વખતે દુકાળ પડ્યો. ત્યારે પોતાના બંધુજનોને રાજા પાસેથી સહાય અપાવીને દુકાળનું વર્ષ ઉતારી દીધું હતું. આમ પોતે સજ્જન હતો પરંતુ પોતાની સ્ત્રી જરા ગર્વીલી હતી. તે જ્ઞાતિની સ્ત્રીઓને કહે કે અમોએ દુકાળમાં તમોને જીવાડી દીધેલ છીએ માટે તમો સર્વે મારી દાસી થઈને રહો. આ વાતે જ્ઞાતિજનો નીલકંઠને ત્રાસ દેવા લાગ્યા ને તેનો વહેવાર બંધ કર્યો. સંજોગવસાત્ એક દિવસે નીલકંઠ કૂવા ઉપર સ્નાન કરતો હતો તે વખતે તેના ભાઈનો દીકરો કૂવા ઉપર પાણી ભરવા આવ્યો. તો પાણી ખેંચતાં ખેંચતા કૂવામાં પડી ગયો. નીલકંઠે બહાર કાઢ્યો પરંતુ તે મરણ પામી ગયો હતો. નીલકંઠને ખૂબ દુઃખ થયું. પરંતુ જ્ઞાતિજનોએ તો નીલકંઠને જ છોકરાને મારી નાખ્યાનો દોષી ગણીને ખૂબજ માર્યો ને ગામ બહાર કાઢી મૂક્યો. આમ બાળહત્યાનું દોષારોપણ લઈને તે ભટકતો ભટકતો અહીં આ મહાદેવે આવીને જાણે પ્રાયશ્ચિત કરતો હોય તેમ અખંડ તપ કરવા લાગ્યો ને મનમાં સંકલ્પ કર્યો કે ''હે મહાદેવ ! જો હું નિર્દોષ હોઉ તો તમારા ગંગાજી પ્રગટ થઈને તમારે ચરણેથી વહી મને પવિત્ર કરીને કલંકથી મને મુક્ત કરે !''

તેજ નીલકંઠ બ્રાહ્મણના સંકલ્પના બળે આજે ગંગા નીલકંઠ મહાદેવના મંદિરે થઈને વહેતી વહેતી આવીને પાવન કરીને તેને નિર્દોષ સાબિત કરી આગળ વહેવા લાગી.

આમ નિર્મળ જળભરી ગંગા ગઢપુરના પાદરે ચાલીને જરા પોરો ખાધો. પાદરે પડેલ નાના મોટા પથ્થરોને પાવન કરતા ખળખળ નાદ કરીને ગઢપુરના જનોને જાગૃત કરવા

લાગી. આજે તેને અતિ ઉમંગ ને આનંદ હતો. તેને હવે ધીરજ રહી ન હતી. પોતે કૃતાર્થ થઈ રહી હતી. શ્રી પુરુષોત્તમનારાયણની પ્રતિક્ષા કરતી ને સ્મરણ ધ્યાન કરતી જરા ધીરે ધીરે શાંત મને વહેલા વાગી.

તેવા સમયે કારિયાણીના માંચા ખાચરને ત્યાં ગયેલા ગઢડાના દરબાર એભલ ખાચર તેમના અતિ આગ્રહને વશ થઈને શ્રી સહજાનંદ સ્વામી કે જે સર્વ અવતારના અવતારી અક્ષરધામના અધિપતિ શ્રી પુરુષોત્તમનારાયણ ભગવાન તેમની સાથે અનંત મુક્તોને સાથે લઈને ગઢડાને પાદર પધાર્યા.

જ્યારે શ્રીહરિની અને ગંગાની નજર એક થઈ ત્યારે ગંગા ઉછાળા મારવા લાગી. શ્રીહરિની ચૂંબક નજરે મોટાં મોટાં મોજા ઉછળવા માંડ્યા. પોતાને કિનારે ઉભેલ શ્રીહરિના ચરણ સ્પર્શ કાજે અધીરી બાબરી બની ગઈ. શ્રીજી તો મંદમંદ હસવા લાગ્યા. જરા ધીરજ ધર - "તારા કાજે તો આવ્યો છું. તેમજ સમજ, તને પાવન કરું તો તું સદાય સર્વેને પાવન કરતી રહે જગતને !" કહીને ગંગાના જળમાં સર્વ મુક્તો અને હરિભક્તો સાથે શ્રીજી મહારાજ પોતે ઉતર્યા. ત્યારે ગંગા અત્યંત ઉન્મત્ત ને બાવરી બની ને ઉછળી ઉછળીને શ્રીજી મહારાજના વદન કમળનાં વારણા લેવા લાગી. સર્વે મુક્તોને હરિભક્તોને તો અંગ અંગથી ભીંજવી દીધા. ત્યારે શ્રીજી સહજ સ્વભાવે બોલ્યા કે - "એભલ દરબાર, આ તમારી ગંગા તો આજે ઉન્મત્ત ગંગા બની ગઈ લાગે છે."

ત્યારે મુક્તો બોલ્યા - "મહારાજ ! આતો સ્વર્ગની ગંગા તે અક્ષરની ગંગા બની ગઈ !" ને એભલ ખાચર કહે, "મહારાજ ! હવે તો આ તમારા મુક્તો સહિતના નિત્ય સ્નાને વધુ ગર્વીલીને મદીલી બનીને ઉન્મત્ત ગંગા જ બનીને રહેશે !"

ત્યાં તો શ્રીજી મહારાજ પ્રવાહની વચ્ચે ઉભા રહીને કહેવા લાગ્યા. "સાંભળો, મુક્તો ને હરિભક્તો ! આ ગંગા (ઘેલા) એ જ છે કે જે મંદાકિની ગંગા બદરીકાશ્રમમાં વહે છે ને જેમાં નિત્ય શ્રી નરનારાયણ મુનિ સ્નાન-સંધ્યા કરે છે. આ તેજ ગંગા છે કે જેને શ્રી વામનજી ભગવાનના ચરણ સ્પર્શનો લાભ મળેલ છે. તે જ ગંગા એ શ્રી નરનારાયણજીના કહેવાથી ઉગ્ર તપ કરીને અમારો નિત્ય સંબંધ કેળવવા કાજે ને અમારી સદાય સેવા કરવા કાજે આ ગઢડા ગામને પાદરે આવીને વહેલા લાગી છે. આજે તો અમોને પામીને અતિ ઉન્મત્ત થઈ ગઈ છે તેથી અમો તેને ઉન્મત્ત ગંગા કહીએ છીએ."

આમ કહીને શ્રીજી મહારાજે જળમાં પહેરેલે કપડે ડુબકી મારીને અભ્યંગ સ્નાન કર્યું. સર્વે મુક્તોને હરિભક્તો એ પણ શ્રીજીનું અનુકરણ કર્યું. સર્વે ધન્ય ધન્ય થઈને એભલ ખાચરને દરબારે પધાર્યા.

આ ઉન્મત ગંગાનું માહાત્મ્ય સાંભળીને સમજીને આ ઘેલા ઉન્મત્તગંગાનું દર્શન કરશે કે સ્નાન કરશે તે સર્વ જીવમાત્ર મોક્ષને પામશે અને તે મુમુક્ષુ બનીને સદાય શ્રીજીનો સંબંધ કેળવીને પરમ સુખ પામતો અક્ષરધામને પામશે. તે સંશય વિનાની વાત છે તેમ સમજજો.

દેવ-દર્શનની રીત

દર્શન કરવાં દેવના જ્યારે જઈએ મંદિર માંય;
વાત ચીત વ્યવહારની ભાઈ કરવી નહીં ત્યાં કાય.
નખશીખ નીરખીએ મૂર્તિ, ચિત્તમાં ચોંટી જાય;
આંખો મીંચીને ધ્યાન ધરીએ, દિલમાં તરત દેખાય.
મંદિરમાં ભગવાન છે વળી, અંતરમાં બેઠા એહ;
પણ, અંધારુ છે ઉરમાં, તેથી નથી દેખાતા તેહ.
મંદિરમાં માનપાનની કરવી નહીં કોઈ આશ;
દાસ બની દર્શન કરીએ, તો રાજી રહે અવિનાશ.
દેવ મંદિર તો દિવ્ય છે, અને ઘર ભૂમિછે ભોગ;
માટે તીર્થો મહાન છે, જ્યાં થાય પ્રભુનો યોગ.
દર્શન કરતાં દેવનાં ઉરે આનંદ અતિ ઉભરાય;
સંકલ્પો હરિ સિદ્ધ કરે ને કસર ન રહે ક્યાંય.
એક હાથે વંદન નહિ, એક દંડવત્ ન કરાય;
થાળ ધરાવ્યો હોય દેવનો, તો પ્રદક્ષિણા ન કરાય.
દેવ મંદિરમાં દર્શને વળી, ખાલી હાથે ન જવાય;
યાદ રાખો ભાઈઓ એટલું ત્યાં સ્ત્રીનો સ્પર્શ ન થાય.
માંગ્યા જેવું માંગીએ મારો નાથ નહિ પાડે ના;
પણ, હલકું વચન જો માંગીએ તો હરિ નહીં પાડે હા.
પુરૂષોત્તમ કહે મંદિરે નિત્ય જાવું કરી પ્રીત;
નયને નિરખવા નાથને, એ સત્સંગની છે રીત.

ચરણ સ્પર્શનું રહસ્ય (મહિમા)

- એન. એસ. ચૌધરી (બાલવા)

ભારતીય સંસ્કૃતિમાં સુસંસ્કાર અને સભ્યતામાં મોખરેનું સ્થાન એટલે ચરણસ્પર્શ, હિન્દુ સંસ્કૃતિમાં કેટલીક પરંપરાઓનું સ્થાન વિશેષ મહત્વ ધરાવે છે. જે માનવ પ્રકૃતિની મૌલિક પ્રવૃત્તિઓનો પરિચય કરાવે છે. હજારો વર્ષથી આપણી સંસ્કૃતિમાં "ચરણ સ્પર્શ" કરવાની પરંપરા સંસ્કારી પરિવારોમાં આજે પણ જળવાઈ રહી છે.

ભરતખંડની આ પવિત્ર ભૂમિમાં ઈષ્ટદેવ;, આચાર્ય મહારાજશ્રી, સંતો, માતા-પિતા, ઉંમરમાં મોટા કે વિદ્વાનો સમસ્ત ઉપસ્થિત થતી વખતે તેમના ચરણ સ્પર્શ કરવાની પરંપરા આપણી, મુખ્ય આચાર સંહિતાનું આવશ્યક અંગ ગણાય છે.

વેદકાળના ઋષિમુનિઓના જમાનાથી ચરણ સ્પર્શનું રહસ્ય શું ? કોઈ વૈજ્ઞાનિક કે પછી આધ્યાત્મિક પરિબળ કાર્ય કરી રહ્યું છે. સારા કાર્ય અર્થે બહાર જતા ચરણ સ્પર્શ કરવા પાછળનો હેતુ ક્યો હોઈ શકે તે જાણવું જરૂરી છે.

એકવાર શ્રીજી મહારાજ ગુજરાતમાં વિચરણ કરતા કરતા કઠલાલ ગામની ભાગોળે થઈને નીકળ્યા, મહારાજને ઉતાવળ હતી, બીજે પહોંચવાનું હતું તેથી ગામમાં દાખલ થયા નહીં. તે સમયે ભાગોળના કૂવે સ્ત્રીઓ પાણી ભરતી હતી તેમણે જોયું કે ભગવાન સ્વામિનારાયણ પધાર્યા છે. મહારાજ થોડેક જ દૂર ગયા હશે કે રામબાઈ ડોસી કૂવે પાણી ભરવા આવ્યા, પાણી ભરીને એમણે ઘડો માથે મૂક્યો ત્યાં એક બાઈએ કહ્યું કે રામબાઈ તમારા ભગવાન સ્વામિનારાયણ હમણા અહીં થઈને ગયા. આટલું સાંભળ્યું કે ડોશીએ માથા પર પાણી ભરેલા ઘડા સાથે દોંટ મૂકી અને જોર-જોરથી બૂમપાડવા લાગ્યા "મહારાજ ઉભા રહો, હે મહારાજ ઉભા રહો, મહારાજ સાથે ઘણા ઘોડે સવાર હતા. સાથે ઘણા હરિભક્તો પણ હતા તેમણે આ બૂમો સાંભળી તરત જ એમણે ઘોડી ઉભી રખાવી. રામબાઈ શ્વાસભેર દોડી એમની પાસે પહોંચી ગયા. ઘડો હેઠે ઉતારી હાથ જોડીને મહારાજને કહ્યું : મહારાજ મારુ ઘર ટાળીને આમબારોબાર ?"

મહારાજ કહે શું થાય, અમારે ઉતાવળે બીજે પહોંચવાનું છે. રામબાઈ મહારાજનો મહિમા જાણતા હતા. રામબાઈ કહે મહારાજ ઉતાવળ હોય તો આ ઘડાના જળને આપના ચરણ સ્પર્શથી પ્રસાદીનું કરી ભલે જાઓ. મહારાજે હસીને કહ્યું "શું કરશો આ જળનું" ? ત્યારે રામબાઈએ સુંદર જવાબ આપ્યો, મહારાજ હું આપના ચરણ સ્પર્શથી અંકિત જળને ગામના કૂવામાં રેડીશ. એટલે આખું ગામ પ્રસાદીનું જળ પીશે. અને આખાય ગામમાં સત્સંગ થશે. આટલો મહિમા જોઈ સર્વે ઘોડે સવારો અને હરિભક્તો દંગ થઈ ગયા.

● પ્રેમસખી પ્રેમાનંદ સ્વામીએ ચેષ્ઠાના પદમાં પ્રથમ પંક્તિમાંજ ગાયું છે કે, "પ્રથમ શ્રીહરિને રે, ચરણે શીશ નમાવુ."

● ચરણ સ્પર્શનું રહસ્ય એ છે કે પૂજનીય કે વંદનીયના અહોભાગ આપણામાં આવીર્ભૂત થાય છે. તેમના શરીરમાં પ્રવાહિત થતી ઊર્જા (શક્તિ) અજાણતા ચરણ સ્પર્શ કરનારને મળે છે. આ અદ્રશ્ય રીતે મળતી શક્તિ સદ્‌માર્ગ તરફ લઈ જવા માટે માર્ગદર્શક બનતી હોય છે. જે આપણા મન, પ્રાણ અને વિચારોને શુદ્ધ કરતી હોય છે.

● સતપુરુષના ચરણસ્પર્શ કરવાથી બળ, બુદ્ધિ, વિદ્યા અને યશ વૃદ્ધિ પામે છે. ચરણ સ્પર્શ સાચા અર્થમાં શારીરિક, માનસિક, બૌધ્ધિક અને આધ્યાત્મિક ઉત્કર્ષ માટેની પ્રક્રિયા થઈ પડે છે. માટે ચરણ સ્પર્શની પરંપરા અંગત અને સર્વત્ર લાભ આપનારી પ્રક્રિયા છે. રામાયણનો પ્રસંગ જોઈએ તો શ્રી રામચંદ્ર પરમાત્માના ચરણ સ્પર્શથી પથ્થરરૂપી શીલા બનેલ અહલ્યા વૈકુંઠને પામ્યા.

● શ્રીજી મહારાજના પાદુર્ભાવ પછી "ચરણ સ્પર્શ"નો મહિમા ખૂબ જ વધ્યો છે. મહારાજના ચરણારવિંદથી અંકિત ભૂમિ પર આજેય ઠેર ઠેર પ્રસાદીભૂત "છત્રી"ઓ બનાવવામાં આવી છે. ભગવાન સ્વામિનારાયણના વંશજ આચાર્ય મહારાજશ્રી કે સંતો ગામડે પધારે ત્યારે ભાવિક ભક્તો ચરણ સ્પર્શનો લ્હાવો લેવાનું ચૂકતા નથી.

● અને છેલ્લે ચરણ સ્પર્શનો મહિમા કહીએ તેટલો ઓછો છે. તે સનાતન સત્ય છે.

આનંદની હેલી

એક કુંવારાનું કીર્તન

- શાસ્ત્રી હરિજીવન સ્વામી (હિંમતનગર મહંતશ્રી)

અમદાવાદમાં નવાવાસમાં સંતો અને હરિભક્તોની વિશાળ સભામાં શ્રીહરિ બિરાજ્યા છે. મહારાજને જેટલું કથાનું વ્યસન હતું એટલું જ કીર્તનનું પણ જબરૂ ઘેલું લાગ્યું હતું. એમાંય બ્રહ્માનંદ સ્વામી કે પ્રેમાનંદ સ્વામીનું કીર્તન હોય તો મહારાજ શુધબુધ ભૂલી જતાં. નવાવાસની આ સભામાં મહારાજે બ્રહ્માનંદ સ્વામીને આજ્ઞા કરી સ્વામી એકાદ હળવું કીર્તન સંભળાવો. તો સ્વામી કહે મહારાજ જરા ઠપકો હોય એવું કીર્તન બોલું ? મહારાજે હા ભણી એટલે બ્રહ્માનંદ મુનિએ કીર્તન ઉપાડ્યું.

નાનકડો જાણી રે, કે ઝાઝું કહેતી નથી,
કહેતો લક્ષત તારા રે, કે દાખાડું સર્વ કથી. ૧
નાનો સો દીસે રે, કે જરા નવ લાજતો,
ગોવાળાના સંગે રે, કે આવે ગાજંતો. ૨
નંદને જશોદા રે, કે ગોરાં ગાત્ર વડે,
તું કાળો કેમ છો રે, કે સૌને ભરમ પડે. ૩
તારા માત-પિતા તો રે, કે ભોળા બેઉ જણા,
તું જ મા દીસે છે રે, કે ઘાતલડીને ફેલ ઘણાં. ૪
મા-બાપમાં યે કોઈને રે, કે સ્વભાવ નથી એવો,
આવો અલવીલો રે, કે થયો તું કો જેવો. ૫
બ્રહ્માનંદના વહાલા રે, કે પાલવ મેલ મારો,
લખણાંનો પૂરો રે, કે ત્યારે હજુ કુંવારો. ૬

આ કીર્તનમાં સ્વામી જબરો કટાક્ષ કરે છે. સખાભાવ વાળા ભક્તોને આમાં જબરો આનંદ આવે, બ્રહ્મમુનિ કીર્તનમાં કહે છે અલ્યા ઓ કનૈયા શ્રીહરિની સામે હાથ લાંબો કરી ને કહે છે, અલ્યા કૃષ્ણ ! તને જોઈને અમારા મનમાં એક શંકા થાય છે. કારણ કે તારા મા-બાપ નંદ અને જશોદા બંને વર્ણથી ધોળા છે. ગોરા ગોરા છે. પણ તું એકલો કાળો કેમ થયો ? તુ શાથી કાળીયો થયો ! એટલે અમારા મનમાં શંકા થાય છે.

હવે બીજી વાત, તારા મા અને બાપ બંને સ્વભાવથી સરળ પ્રકૃતિના છે. જ્યારે તું એટલો વિચિત્ર પ્રકૃતિનો પાક્યો કે તારામાં અનેક જાતની શઠતા, છળકપટ દેખાય છે. તું કોઈને પજવે છે. તું કોઈ ના ચિત્તની ચોરી કરે છે. તું કોઈને લડાવે-ઝઘડાવે છે. આવી વિચિત્ર ટેવો તારા મા-બાપમાં નથી. તારા માતા-પિતા ધર્મ અને ભક્તિ તો બહુ સરળ સ્વભાવના છે. પણ તું આમ વિચિત્ર પ્રકૃતિનો કેમ છે ? અમને એટલે જ શંકા જાય છે.

હવે કીર્તનની છેલ્લી લીટીમાં સ્વામીએ કમાલ કરી છે. આખું કીર્તન એમ લાગે કે શ્રીકૃષ્ણ કે નંદ-જશોદા સાથે જોડાયો હશે. પણ ના, એવું નથી. છેલ્લે આ કીર્તનનું લક્ષ્ય મહારાજ તરફ છે. એવો સ્પષ્ટ નિર્દેશ છે. કીર્તનની છેલ્લી કડીથી સ્વામીએ મહારાજ સહિત આખી સભાને હસાવી છે. કીર્તનની છેલ્લી કડીમાં બ્રહ્મમુનિ એ પ્રભુ તરફ એ રીતે હાથ લાંબો કર્યો કે આખી સભા હસી પડી.

શ્રીહરિ પણ હસ્યા. સ્વામીએ છેલ્લી લીટીમાં કહ્યું કે - 'લખણાંનો પૂરો રેં, કે ત્યારે હજુ કુંવારો' આ કડીના ગાન સાથે સ્વામીએ મહારાજ તરફ હાથ લાંબો કર્યો કે તારી આટલી ઉંમર થઈ ગઈ, તું આટલો મોટો થઈ ગયો છતાં હજુ તને કોઈએ દીકરી ન આપી ! કેમકે તારામાં ને તારા માતા-પિતામાં કંઈક તફાવત છે. એટલે જ તું કુંવારો રહી ગયો. નહી તો દુનિયામાં કોઈ કુંવારું રહેતું નથી હજારો માણસો તારા પગમાં પડે છે, છતાં કોઈએ તને કન્યા ન આપી. તો હવે મારો પાલવ કેમ પકડે છે ? છોડ મારો પાલવ, આ વર્ણનની કડી બોલીને બ્રહ્માનંદ સ્વામીએ મહારાજ તરફ હાથ એવો સુંદર લટકો કર્યો કે આખી સભા હસી પડી. હજુ સુધી કુંવારો બેઠો છે. ક્યાંય ગોઠવાયું નહિ હોય એટલે જ કુંવારો છે ને ! સભામાં ખૂબ આનંદ થયો.

સત્સંગ સુરભિ

અતુલ ભાનુપ્રસાદ પોથીવાલા (અમદાવાદ)

આ ભગતના હૈયાના ઘા કોણ રૂઝાવત ?

"કહે છે કે ગામમાં સ્વામિનારાયણ આવ્યા છે, એમને વિનવીએ તો એ કંઈક પાણી ભેગા કરે એવા છે, ઈન્દર મહારાજ એમનું સાંભળશે."

"હાલો હાલો હમણાં જ જાઈએ" કહેતાં સારંગપુર ગામને ચોરે બેઠેલા કાઠી, ગલઢેરાને કણબી પટેલો ઊઠ્યા ને જીવા ખાચરના દરબારમાં જઈ શ્રીજી મહારાજ પાસે વરસાદની વિટંબણા વર્ણવી. શ્રીહરિ ભક્તોની સભાને સંબોધી રહ્યા હતા. બોલવું બંધ કરી એમણે ગ્રામજનોની વિનવણી એક ચિત્તે સાંભળી.

સભામાં બેઠેલા ભક્તો પણ બોલ્યા, "હા, હા, મહારાજ મેહ વરસાવો, ઢોર-ઢાંખર બિચારો પાણી વિના ટળવળે છે. કૂવાનાં તળ ઊંડા ગયાં છે."

"હજુ વરસાદ નહિ પડે તો માણસનું જીવતર પણ જોખમાશે મહારાજ ! દયા કરો ?" સૂરા ખાચરે પણ સૂર પૂર્યો.

"પહેલે ઝાપટે ધરતી ભીની થઈ ને વાવણી કરી નાંખી તે મહારાજ આજ લગી આભે તાક્યા કર્યું પણ એક છાંટોય પડ્યો હોય તો હરામ!" એક પટેલે પોતાની વ્યથા કહી.

સૌની ફરિયાદ સાંભળી મહારાજનાં લોચન કરુણાર્દ્ર બન્યાં. એમનાં મુખ ઉપર જાણે ગ્રામજનોનાં દુઃખનું પ્રતિબિંબ ઉપસી આવ્યું.

એમણે કહ્યું, "ચાલો, ચોકમાં ધૂન-ભજન કરીએ, ઈન્દ્રને પડકારીએ, એ ના શું વરસે ?"

સંતો-ભક્તો બધા ચોકમાં ગોઠવાયા. પવનનું નામ નહિ ને ઉકળાટથી સૌનાં વસ્ત્રો પલળી ગયાં ! બધા ધૂન-ભજનમાં તલ્લીન થયા. શ્રીહરિની મનોહર મૂર્તિમાં સૌની વૃત્તિ ચોંટી ગઈ. શ્રીજી મહારાજ પણ આભ સામે એકીટશે મીટ માંડીને ઈન્દ્રને જાણે જગાડી રહ્યા હતા ! હજુ તો બે કલાક જ નારાયણ ધૂન્ય કરી હશે ત્યાં તો વરસાદના વાવડ દેતો વાયરો ફૂંકાવા માંડ્યો. ધૂળ ઊંડવા માંડી. મેઘના આગમન ના એંધાણ રૂપે ભીની ભીની સુવાસ સૌના ચિત્તને સ્પર્શી ગઈ !

મહારાજે સૌને સાન કરી ને ધૂન બંધ પડી. "હવે ઈન્દ્ર જાગી ગયો છે કાલ સુધીમાં વરસાદ પડશે." સભા વિસર્જન પામી. સહુ શ્રીહરિને પગે લાગી વિખરાયા. સૂરજ પણ મહારાજને છેલ્લા પ્રણામ કરી આથમી રહ્યો.

ગ્રામજનોએ ઘરે જઈ વાળું-ટાણું પતાવ્યું. સૌ ખાટલા પર ઝોલે ચઢ્યા. પરંતુ પવનની તેજ ગતિએ સૌની નિંદર ઉડાડી લીધી. છતાં "વરસાદ જરૂર પડશે" એના હરખની હેલી સૌને ભીંજવી રહી. શ્રીહરિ પણ પોઢી ગયા.

રાતના એક પહોર, બે પહોરને ત્રીજા પહોરે તો ઢગલા બંધ કાળા ડીબાંગ વાદળો ઉમટી આવ્યા, વીજ ના ઝબકારા અને હૈયું થડકી જાય એવા ગગનભેદી અવાજોથી પંથક ધ્રૂજી ઉઠ્યો. પળવારમાંતો હાથીની સૂંઢ જેવી ધારે વરસાદ વરસવા લાગ્યો. જોઈએ તે કરતાં બમણું પાણી વરસી પડ્યું પણ મેઘરાજાએ તો જાણે તાંડવ ખેલવા માંડ્યું. જુગ જુગનો કોપ એક રાતમાં ઉતારતા હોય તેમતેમ બારે મેઘ ખાંગા થઈ ધરતીને ધમરોળવા માંડ્યા. અનાવૃષ્ટિ અતિવૃષ્ટિમાં તબદિલ થઈ ! ફાલ્ગુ નદીનાં નીર ઘોડાપુર બની ગામમાં ફરી વળ્યાં. નાના નાના ખોરડાં ધરાશયી થવા માંડ્યા ને જીવાખાચરનું ઘર પણ પડું પડું થવા માંડ્યું.

એક બાજુ વરસાદ કળ વળવા દેતો નથી ત્યાં મહારાજ ને જીવા ભક્તની કસોટી કરવાનું સૂઝ્યું !

"અમે કહેતા હતા તોય અમારો અહીં ઉતારો કર્યો, લો હવે શું થશે ? મકાન તો પડવા માંડ્યું, અમે હવે ક્યાં જઈએ ?"

"અરે, મહારાજ ! એમાં શું મૂંઝાવાનું ? હાલો મારી નવી મેડીએ, ત્યાં વાંધો નથી, આ ઘર ભલે પડી જતું." મેડી કરતાં મહારાજની આજે જીવા-ભક્તને વધારે ફિકર હતી. વરસતાં વરસાદે ગોઠણ ભેર પાણી કાપતાં કાપતાં પહોંચ્યા નવી મેડી પર. આ બાજુ જુનું ઘર પડ્યું. એનો ધબાકો સંભળાયો. મધરાત ઢળતી હતી. શ્રીજી મહારાજ તથા જીવા ભક્ત હેમખેમ નવી મેડી પર તો આવી ગયા પણ અહીં મહારાજે ભક્તનો ભાવ પારખવા ફરી લીલા કરવા માંડી. "જીવા ખાચર, ભૂખ ખૂબ લાગી છે આ ટાણે જ રસોઈ કરો. જલ્દી કરો હવે રહેવાતું નથી !"

જીવા ભક્તે જોયું. નવા મકાનના ચૂલામાં પાણી ભરાઈ ગયાં હતાં. એમણે તરત જ બુદ્ધિ સુઝાડી. એક નવી કોઠી હતી તે ભાંગી નાંખી એના તળિયાએ ચૂલાનું કામ કર્યું પણ બળતણ ક્યાંથી કાઢવું ? જે કંઈ હતું તે પલળીને ફદફદી ગયેલું. મહારાજ ભક્તની વિસામણ જોતા હતા ! નાનાં બાળકોને પઝલ આપી હોય ને તે ગડમથલ કરતું હોય ને

પિતા જોતાં હોય એમ! જીવા ખાચરે પળનોય વિલંબ ન કર્યો. નવો ખાટલો હતો તે ભાંગ્યો, એનાં પાયા અને ઈસનાં ટૂકડા કરી બળતણ તૈયાર કરી દીધું. બ્રહ્મચારી મહારાજે તાબડતોબ રસોઈ કરી. જીવા ભક્તે વરસતા વરસાદમાં મહારાજને ખૂબ ભાવથી જમાડ્યા. શ્રીજી ખૂબ રાજી થયા કારણ કે ભક્તે એમણે જે માંગ્યું તે આપ્યું હતું. સર્વસ્વના ભોગે ! જમી રહ્યા પછી મહારાજ આડે પડખે થયા. વરસાદની ઝડી થોભવાનું નામ લેતી નથી અને નવી ડેલીનો મેડો પણ કડડડ અવાજ કરવા માંડ્યો.

જીવા ભક્તે તરત જ મહારાજની સંભાળ લીધી "કૃપા નાથ ! આ મેડી નોય હવે ભરોંસો નથી, અવાજ આવે છે. ગમે ત્યારે તૂટી પડે, માટે આપ દેવાખાચરની ડેલીમાં આરામ કરવા પધારો."

શ્રીહરિ દેવા ખાચરને ત્યાં જઈ પોઢી ગયા. આ બાજુ જીવા ખાચરની આ નવી ડેલી પણ કડડડ ભૂસ થઈ ગઈ ! આટલું થવા છતાં જીવા ખાચરે મહાપ્રભુ પાસે રક્ષણ ન માગ્યું. માત્ર મહારાજ રાજી કેમ રહે એ જ જોયું. કેવી સમઝણ ! સવાર પડ્યું. ઈન્દ્ર ઘડીક વિરમ્યો ને વળી પાછો શરૂ થયો. આખો દિવસ વરસ્યો, રાત્રે પાછું તાંડવ ચાલ્યું.

હવે તો બધાને અધધ થઈ ગયું હતું. આ રાતે પણ શ્રીજી મહારાજ દેવા ખાચરને ઘેર પોઢ્યા હતા. સૂતાં સૂતાં પડખાં બદલતા હતા. આંખો મળતી નહોતી. હૂંફાળા ઓઢણ ફગાવી દઈ મહારાજ જાળિયેથી ડોક્યું કરી વરસાદની લીલા જોવા લાગ્યા. "અહાહા શું વરસાદની હેલી વરસે છે !" ચારેય કોર દૃષ્ટિ ફેરવી. નેવાં પાણીથી ફાટ ફાટ થતાં જોયા. ઈન્દ્રનો આ કોપ મહારાજથી સહન ના થયો. "તેં આ શું કર્યું ?" જાણે ઈન્દ્રે પ્રભુની નજરમાં નજર પરોવી હોય તેમ વરસાદ ધીમો પડવા માંડ્યો.

એવામાં લખા દેવા નામના એક ભક્તનું ઘર પડવાની તૈયારીમાં હતું. ઘરના મેડા નીચે ઢોર બાંધેલા હતા. લખાએ જીવતરની આશા છોડી દીધી. આજુબાજુ બૂમો પાડવા માંડે પણ આ કાજળ કેરી વરસતી રાતે કોણ કોનું સાંભળે ? છેવટે લખાએ સર્વાધાર શ્રીહરિને સંભાર્યા. "હે મહારાજ ! રક્ષણ કરો." એમ પ્રાર્થના કરવા લાગ્યા. પ્રાર્થનાની આર્દ્રતા મહારાજના કાને પડી. "આ તો મારો લાખો છે. અત્યારે મને સંભારી રહ્યો છે."

પળનોય વિલંબ કર્યા વગર શ્રીહરિ એ ડેલી ખોલીને બજારના પૂરપાટ પાણીમાં રીતસર દોટ મૂકી ! ઉઘાડે શરીરે, અડવાણે પગે, એકલા !!

લખા ભક્ત તો આંખો મીંચીં પ્રાર્થનામાં મગ્ન હતા ! શ્રીહરિનું અંતર ભીનું ભીનું થઈ ગયું. શ્રીજી પહોંચ્યા ત્યાં તો મોભ પડું પડું થઈ રહ્યો હતો. મહારાજે ઝટ દઈ પોતાના ખંભે પડતા મોભને ટેકવી લીધો. ભક્ત તો મહારાજમાં મગ્ન હતા. અને મહારાજ મોભ ને ઝાલી ભક્તની ભક્તિ જોઈ રહ્યા હતા.

દેવા ભક્તને લાગ્યું કે મહારાજે મારી પ્રાર્થના સાંભળી છે ને મેડો હવે સ્થિર થઈ ગયો છે. એમણે જલ્દી બીજી જગ્યાએ ફેરવણી કરવા માંડી. છૈયાં-છોકરાં ઢોર-ઢાંખર બધાં આબાદ બચી ગયાં ! ભગત ખીલેથી ઢોરને છોડતાં હતા. ત્યાં વીજળીનો પ્રચંડ ઝબકારો થયો ને એમણે મોભ લઈ ઊભેલા શ્રીજી મહારાજને જોયા.

"અરર, મહારાજ ! મારે ખાતર તમારે ખભે મોભ લેવો પડ્યો ! કેટલી કૃપા કરી દયાળુ !"

વરસાદ થંભી ગયો. લખો ભક્ત એકદમ દોડ્યાં. દસ-બાર માણસોને બોલાવી લાવ્યા. મોભને બીજો આધાર મળ્યો. શ્રીહરિ છૂટા થયા. ભક્તોએ ખભો તપાસ્યો, જોયું તો ઊંડો ખાડો પડી ગયેલો. સૌએ કહ્યું "અરે મહારાજ, આટલું બધું ખમવું પડ્યું ? આ કાપો પડી ગયો !"

મહારાજે કરુણા નીતરતી નજરે સૌ સામું જોયું. એમણે કહ્યું, **"ખભાનો ઘા તો ક્યાંય રૂઝાઈ જાશે પણ આ ભક્તના હૈયાના ઘા કોણ રૂઝાવત ?"**

લખા ભક્ત શ્રીજીનાં ચરણોમાં ઢગલો થઈ ગયાં. આંખોનાં ગરમગરમ આંસુઓથી મહારાજના ચરણો પ્રક્ષાલી રહ્યા.

આ "વરસાદની લીલા" જાણે ભક્ત અને ભગવાન બંનેની પરીક્ષા હતી.

જીવા ભક્ત કોઈ વાતે પાછા ન પડ્યા તો મહારાજે પણ લખા ભક્તની રક્ષા કરવા કાંઈ બાકી ન રાખ્યું !

મહારાજે કેવળ સમાજને જ્ઞાન જ પીરસ્યું નથી પણ આવી માનવ સેવાના અણમોલ પાઠ પણ શીખવ્યા છે. અદના માનવીની સાથે એક-મેક થઈ હળી મળી જઈ તેમનાં સુખ-દુઃખનાં ભાગીદાર થયા છે.

ત્રીજા દિવસે સૂર્યદેવ પ્રસન્ન મુખે ઉદય પામ્યા હતા ભક્ત અને ભગવાનની આવી અનુપમ એકતાથી જાણે ભાવ વિભોર બની અવનિને અજવાળી રહ્યા.

અનંત કોટિ બ્રહ્માંડોના નાથની પદવી એમને એમ પ્રાપ્ત નથી થઈ !

સત્સંગ બાલવાટિકા

સંપાદક : શાસ્ત્રી હરિકેશવદાસજી (ગાંધીનગર)

એક સાધે સબ સધે

- શાસ્ત્રી હરિપ્રિયદાસજી (ગાંધીનગર)

એકાગ્રતા એટલે શું ? ખબર છે ને ? કોન્સન્ટ્રેશન - બરાબર સાવધાની, ગમે તેવો અવાજ આવતો હોય, ગમે તેવો ઘોંઘાટ થાય, ગમે તે આવ્યા, ગયા, છતાં લક્ષ્ય સિવાય તમારૂં ક્યાંય ધ્યાન ન જાય એનું નામએકાગ્રતા, શિક્ષાપત્રીમાં પણ આપણા ઈષ્ટદેવ સ્વામિનારાયણ ભગવાને પહેંલી શરત - एकाग्रेणैव मनसा – તમારું મન એકાગ્ર બનાવજો. એકાગ્ર મનથી અમારી વાત સાંભળજો. માટે જીવનમાં એકાગ્રતા ખૂબ જરૂરી છે. એ આ વાત ઉપરથી સમજીએ.

દતાત્રેય ભગવાન એક લુહારની કોઢ (દુકાન) પાસેથી પસાર થતા હતા. સામેથી રાજાના સિપાઈઓ ઘોડા દોડાવતા આવતા હતા. અને રાજાની અસવારી આવે છે માટે બધા એક બાજુ થઈ જાઓ, રસ્તો ખાલી કરો. ગુરુદત્ત એક ઓટલા પર ચઢી ગયા. અંદર કોઢમાં દ્રષ્ટિ કરી તો લુહાર પોતાનું કામકરતો હતો. રસ્તા પર જ દુકાન હતી અને વિવિધ વાજિંત્રોના ધૂમ-ધડાકા સાથે અસવારી આવી અને રાજાના રથની આગળ કલાકારો વિવિધ મુદ્રામાં નૃત્ય કરતા હતા. વાજિંત્રોના અવાજો સાંભળતાની સાથે બધા માણસો ઘર બંધ કરીને અસવારી જોવા માટે રસ્તા ઉપર આવી ગયા. રસ્તાની બંને બાજુ ભારે ભીડ થઈ હતી. અને ખૂબ કોલાહલ થતો હતો. બાણ બનાવતા લુહારના ઓટલે ઉભેલા દતાત્રેયજી વારેવારે દુકાનની અંદર જોતા હતા. ગુરુદત્તને અસવારીની કંઈ પડી ન હતી. વારંવાર કોઢમાં જોવાનું તેમણે ચાલું રાખ્યું. જ્યાં સુધી અસવારી પસાર થઈ ગઈ ત્યાં સુધી કોઢમાં (દુકાનમાં) નજર રાખી. અસવારી પસાર થઈ ગઈ, રસ્તો ખુલ્લો થયો એટલે ઓટલાથી નીચે ઉતરીને ચાલવા માંડ્યા અને નક્કી કર્યું આ બાણ બનાવવા વાળો આજથી મારો ગુરુ - કારણ કે મનની એકાગ્રતા કેળવવી મોટું તપ છે. આટલી ધામધૂમથી રાજાની અસવારી તેના દરવાજા પાસેથી નીકળી છતાં આજુબાજુથી હજારો માણસો ઘરધંધા મુકીને અસવારી જોવા દોડ્યા જ્યારે તેણે ઊંચું પણ જોયું નહોતું.

એક જ બાબત ઉપર પોતાની શક્તિઓ એકાગ્ર કરવાથી નબળામાં નબળું પ્રાણી પણ કાંઈક કરી શકે છે. પરંતુ એક બળવાનમાં બળવાન અને બુદ્ધિશાળી માણસ છે પણ એ પોતાની શક્તિઓ ઘણી બાબતમાં વિખેરી નાંખે છે. તો પછી તે કાંઈ પણ કરી શકતો નથી. ટીંપુ ટીપું પણ હંમેશા એક જ જગાએ પડ્યા કરે છે તો તે સખતમાં સખત પથ્થરમાં પણ ખાડા પાડે છે. પરંતુ પાણીનો એકાદ મોટો અને ઉતાવળો ધોધ તેના પરથી પસાર થઈ જાય છે. તો પણ તેનું નામનિશાન રહેતું નથી. અનેક જીવજંતુ ફુલની મુલાકાત લે છે પણ મધ લઈ જનાર જીવડું તો માત્ર મધમાખ જ છે. ધનુષ્યમાંથી છૂટેલું બાણ પોતાના માર્ગમાં પોતે કોને મારી શકશે તે જોવાને આમતેમઆથડતું નથી. પણ તે તો સીધું નિશાન તરફ જાય છે. જો કપડાં ધોવા માટેનો સાબુ સારો હોય તો કપડાનો ડાઘ તરત જતો રહે છે. બાકી જો એ લાકડા જેવો હોય તો ઘસ્યા જ કરોને કપડું ફાટી જાય પણ ડાઘ નહિ જાય. તે રીતે એકાગ્રતાપૂર્વક કરેલું અધ્યયન, સ્વાધ્યાય, અભ્યાસના ફળરૂપે વિદ્યા સારી રીતે ભણી શકાય છે. જેઓ સારૂં ભણી શકે છે અને જેઓ નિષ્ફળ જાય છે તે બંનેમાં તફાવત એટલો જ છે કે સારૂં ભણનાર એકાગ્રતાથી સમજીને ભણે છે. બીજો બેદરકાર છે.

બાલમિત્રો ! જો આવી એકાગ્રતા અભ્યાસમાં ભણવામાં, વાંચનમાં, ભક્તિમાં આવે તો બેડો પાર થઈ જાય. "એક સાધે સબ સધે, સબ સાધે સબ જાય." એક કામસિધ્ધ કરો તો બધા સિધ્ધ થશે અને એકાગ્રતા વગર

બધાં સિધ્ધ કરવા જશો તો એકપણ સિધ્ધ નહિ થાય.

સંસાર સાગર કેવી રીતે પાર કરશો ?

- સાધુ શ્રીરંગદાસ (ગાંધીનગર)

કોઈવાર મુક્તાનંદ સ્વામી પોતાના મંડળ સાથે સત્સંગ વિચરણ કરતા હતા. અને એક જંગલમાંથી પસાર થતા હતા. અંધારુ થયું અને મોટી નદી આવી અગાધ પાણી વહેતું હતું. કોઈ હોડીવાળો હતો નહિ. હવે આ નદી કઈ રીતે પાર કરવી ! કોઈ માણસ પણ નહિ કે કાંઈ પૂછીએ કે એની સલાહ લઈએ. આટલામાં ક્યાંય રાત્રી ગાળી શકાય એવું સ્થળ પણ દેખાતું નહોતું. કારણ કે આ તો જંગલ હતું.

કિનારે રહેવાય એવું પણ નહોતું. વાઘની ડણક સંભળાતી હતી. જો અહીં બેસી રહે તો વાઘ ફાડી ખાય. મુક્તાનંદ સ્વામીને વિચાર થયો, કંઈ નહી ત્યારે આમાં આપણું શું જવાનું !

જો આ શરીર રહેશે તો ભજન કરશું અને કદાચ કોઈ વાઘ આવીને ફળાહાર કરી જશે તો અક્ષરધામમાં ભજન કરશું. બીજો શું વાંધો છે સ્વામીને કોઈ ભય જ નહિ.

જે ભક્તને ભય ન હોય, જે ભક્ત નિર્ભય હોય એની ભગવાન રક્ષા કરે છે.

સ્વામિનારાયણ ભગવાન ભૂદેવના વેશે ત્યાં આવ્યા. મોટું ધોતીયું ધારણ કરેલું. ખેસ નાખેલો. મોટું તિલક કરેલું. મુક્તાનંદ સ્વામી પાસે આવીને આ ભૂદેવ બોલ્યા કેમ સાધુરામ! અહીં બેઠા છો ? સ્વામી કહે, ભૂદેવ ! આ તો આ નદી ઉલ્લંધવી છે. પણ અંધારું થઈ ગયું છે. આ જંગલમાં વાઘના અવાજ સંભળાય છે. છતાં ભગવાન ભરોંસે બેઠા છીએ. એમાં ગભરાઓ છો શું કામ! નદી ઉલ્લંધી જાઓ. પણ, આવું અગાધ પાણી વહે છેને, કઈ રીતે પાર ઉતરાય ! મારી પાછળ પાછળ આવો. તમે તો બધા ભોળા સંત જ રહ્યા. જુઓ આ બાજુ આવો. નદીનું પાણી છીછરું છે અમે તો આ ગામના જ રહેવાસી. અમને બધી ખબર હોય.

ભૂદેવ આગળ ચાલ્યા. મુક્તાનંદ સ્વામી પોતાના મંડળ સાથે પાછળ ચાલ્યા. તો ભૂદેવે જે રસ્તેથી નદી ઉલ્લંધાવી એ રસ્તે ઢીચણ ભેર પાણી જ રહ્યાં. પગ નીચે જમીન આવતી જાય ભૂદેવ આગળને સ્વામી પાછળ પાછળ. એ રીતે ધસમસ વહેતી નદી ઉલ્લંધી ગયા. પછી ભૂદેવે કહ્યું, સ્વામીજી, જાઓ તમે તમારે ભજન કરોને કરાવો. પછી સ્વામી ભૂદેવનું નામ પૂછવા જાય ત્યાં તો કોઈ ન મળે. ભૂદેવ હતા જ નહિ અદૃશ્ય થઈ ગયા. એ કોણ હતું ! શ્રીજી મહારાજ પોતે.

સજ્જનો ! જો ભગવાનનો દૃઢ આશ્રય હશે તો નદી પાર તો શું આખો દરિયો પાર કરાવી દેશે. અરે ! એનાથી પણ વધારે ગહન એવો આ સંસાર સાગર પણ શ્રીહરિ પાર કરાવી આપશે ? માટે ભગવાનનો દૃઢ આશ્રય રાખી ભક્તિ ભજન કરવા.

વિદેશ સમાચાર - પેજ નં. 30 નું ચાલુ

પ્રેરણા માર્ગદર્શનથી ૩૧ ઓકટોબરના આપણા શિકાગો મંદિરમાં તુલસી વિવાહનું સુંદર આયોજન થયું.

આ પ્રસંગમાં વરપક્ષના યજમાન શ્રી વિષ્ણુભાઈ (વિકટર) અને તેમના પત્ની રોશનીબેન પરિવાર તથા મંદિરના પ્રેસિડેન્ટ શ્રી જગદીશભાઈ પટેલ અને હેતલબેન પરિવાર રહ્યા હતાઅને કન્યા પક્ષના યજમાન પ.ભ. ભરતભાઈ પટેલના પુત્ર શ્રી હિતેશભાઈ અમીન તથા શ્રી શકુંતલાબેન અમીન પરિવાર અને શ્રી રમેશભાઈ બ્રહ્મભટ્ટ અને શ્રી નયનાબેન બ્રહ્મભટ્ટ પરિવારે ખૂબજ ઉત્સાહપૂર્વક દિવ્ય લાભ લીધો હતો.

હજારો હરિભક્તોએ રાસ-ગરબા, ગણેશ સ્થાપન અને તુલસી વિવાહ પ્રસંગના દર્શન કરી ધન્યતા અનુભવી હતી.

રસોડાની કમિટીએ શ્રી વિષ્ણુભાઈ પટેલ (ડાંગરવાવાળા)ના માર્ગદર્શન મુજબ સુંદર ભોજન પ્રસાદ બનાવીને યજમાન પરિવારોને રાજી કર્યા હતા. શ્રી નરનારાયણદેવ યુવક મંડળના પૂર્વિષ પટેલ, અલ્પેશ પટેલ, મિતુલ રાવ આદિ સૌએ ડેકોરેશન, ટ્રાફિકની વ્યવસ્થામાં સેવા બજાવી હતી.

તા. ૨૧-૧૧-૦૯ ના રોજ વચનામૃત જયંતી પ્રસંગે શાસ્ત્રી સ્વામી હરિપ્રસાદદાસજીએ ૨૭૩ વચનામૃતમાંથી વાચન કરીને સૌને સરળ રીતે સમજાવ્યું હતું. પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની કૃપાથી સત્સંગની પ્રવૃત્તિ સુંદર ચાલે છે.

(વસંત ત્રિવેદી)

ભક્તિસુધા

વચનમાં વિશ્વાસ

- સાંખ્યયોગી કોકિલાબા (સુરેન્દ્રનગર)

સંતોનો પોકાર છે કે માનવ દેહ કેવળ મહારાજને મળવા માટે જ છે. જેને અક્કલ હોય તેને આ દુનિયાની નકલ ન કરવી. ભગવાન તો પોતાને અખંડ ભજે તેને મળે છે. અખંડ ભજન, સંત સમાગમ વિના અશક્ય છે. જેમ સ્ત્રી પુરુષ વિના પુત્ર પ્રાપ્તિ અશક્ય છે. તેમ સાચા સંત વિના શ્રીજી મિલન અંશક્ય છે. વરસાદ વિના વસુંધરા સુકી રહે તેમ સંત સમાગમ વિના હૈયું સાવ લુખ્ખું રહે છે. વરસાદ વરસતા જેમ પૃથ્વી હરિયાળી બને છે. તેમજ સાચા સંત મળતા મુમુક્ષુના અંતરમાં ધર્મ-જ્ઞાન આદિક સદ્‌ગુણો આપમેળે પાંગળે છે. શ્રીજી મહારાજે મધ્યના ૬૨ માં વચનામૃતમાં કહ્યું છે કે ગમે તેવો પામર ન પતીત જીવ હોય પણ ભગવાન કે ભગવાનના ભક્તનો આશ્રિત થાય તો તે જીવ કૃતાર્થ થાય છે. એવો ભગવાન અને ભક્તનો મહિમા છે. પણ ભગવાનને ભગવાનના સંતના વચનમાં વિશ્વાસ જોઈએ.

જૂનાગઢમાં હરિરામમાળી હતા. તે નવાબ સાહેબના નોકર હતા. તે એટલું બધું પાપ કરે કે હજારો ચકલા મારે ને એની જીભનું શાક બનાવે ને એ નવાબને ખવરાવે એવો મહાપાપી હતો. એક વખત જન્માષ્ટમીના દિવસે આખા શહેરના લોકો સ્વામિનારાયણ મંદિરમાં દર્શન કરવા આવેલા. એ વખતે તે માળી પણ દર્શન કરવા આવ્યો. તે વખતે સભામાં ગઢડા મધ્યનું બાસઠમું વચનામૃત વંચાતુ હતું. તેમાં આવ્યું કે ગમે તેવો પાપીને અધમ જીવ હોય ને તે જો ભગવાનના ભક્તને શરણે જાય તો તેનાં પાપ બળીને ભસ્મ થઈ જાય. આ શબ્દ સાંભળતાં જ માળી એકદમ વિચારમાં ચડ્યો. ત્યાં તો સંતોએ ફરીવાર એ શબ્દો ઉચાર્યા. અને માળીના મનમાં વિચારો શરૂ થયા. શું પ્રભુને શરણે જાય તેના બધા પાપ બળીને ભસ્મ થઈ જાય ? તો તો જરૂર મારે આ સંતોને હાથે વર્તમાન ધારી શ્રીહરિનો આશરે કરવો. કેમજે મારા જેવો બીજો કોઈ અધમને પાપી ન હોય. આમ વિચારી તુરત જ કથામાં ઉભા થઈ સંતોના પગ પકડી રડી પડ્યો ને પોતાના પાપનો પોકાર કર્યો. સંતોએ ધીરજ આપીને કહ્યું તમે વર્તમાન ધારણ કરો તેથી તમામ પાપ પ્રભુ નાશ કરશે. તેને વર્તમાન ધાર્યા. પછી સંતોએ કહ્યું, હવે તારે પાંચ વર્તમાન પાળવા. દારૂ, માટી, ચોરી, અવેરી અને વટલવું નહીં ને વટલાવવું નહી. તેણે કહ્યું હું એ પાળીશ. દારૂ-માટી તો શું ? કહોતો ઘરની નારી પણ છોડી દઉં. તેની આવી શુરવીરતા ભરી વાતો સાંભળી સ્વામી ખૂબ રાજી થયા ને કહ્યું નારી છોડવી નથી. એક નારી સદા બ્રહ્મચારી. આમ કહીને પૂજા આપી. તે પાકો સત્સંગી થયો. પછી તો પોતે બગીચામાંથી રોજ ફૂલ લાવે, ફૂલના હાર ઠાકોરજી માટે કરે વળી ફુલના મુગટ કરે, હમેંશા ચાર વાગે કથામાં આવે સંતોનો સમાગમ કરે. જેથી પૂર્વના પાપ બળી ગયા. મનમાં શાંતિ થઈ ગઈ.

પછી તો આઠ મહિના પૂરા થતાં અંતકાળે મહારાજ દર્શન દઈ તેને ધામમાં તેડી ગયા. આમ જે મોટાના વચનમાં વિશ્વાસ રાખી પ્રભુ ભજે તો તેનું સર્વે પાપ ટૂંક સમયમાં નાશ પામી આત્મા અવિચળ પદવી ને પામે છે. સાધુના સંગથી જ આત્મા પરમાત્મા ને જેમ છે તેમ યથાર્થ જાણી શકે છે. ને જાણ્યા પછી અખંડ મહારાજની મૂર્તિમાં મગ્ન રહે છે જે સમજીને પ્રભુ ભજે છે એની ઉપર ભગવાન અઢળક રાજી થાય છે.

જ્યાં સત્ય છે ત્યાં જ સુખ, ધર્મ ને નીતિ છે. સાક્ષાત્ ભગવાન પણ ત્યાં જ બિરાજે છે. જ્યાં કુડ છે કપટ, દગા છે ત્યાં કળિયુગનો નિવાસ છે, પણ આ વાત જગતના માણસોને ગળે ઉતરતી નથી. એટલે તો મૂર્તિ મુકીને કીર્તિ માટે દોડ્યા કરે છે. હવે તો ગાફલાઈ ટાળી ખપ અને ખટકો રાખી સંત સમાગમકરીને વહેલા વહેલા ભગવાન ભેગું થઈ જવું. આત્મા જ્યારે પરમાત્માને પામશે ત્યારે જ તે ઠરીને બેસશે. હરિ મૂર્તિમાં વિરામ કર્યા વિના ક્યારેય આત્માને સાચો આરામ મળવાનો નથી, નથી ને

નથી. માટે સાવધાન જે "વૃત્તિઓના વેગ ને વાળે તેજ પ્રભુને ભાળે." ને વૃત્તિઓના વેગને વાળવા માટે સાચા સદ્‌ગુરૂનો સમાગમને સત્સંગની જરૂર છે. તેમજ વચનમાં વિશ્વાસ રાખવાની જરૂર છે. તો ચાલો હરિ મૂર્તિમાં વિરામ કરીએ.

●

ડાંગરવાના જતનબા

- પટેલ આનંદીબેન વિષ્ણુભાઈ (ગુલાબપુરા)

લાંઘણજમાં શ્રીહરિ બિરાજે છે. ત્યાંથી બે હરિભક્તોને રવાના કર્યા. એક હરિભક્ત કરજીસણ ગામે ખબર કહેવા ગયા કે શ્રીહરિ તમારે ગામ કાલ સવારે પધારશે. બીજા હરિભક્તે ડાંગરવા ગામે ખબર કરી કે શ્રીહરિ કાલ સવારે તમારા ગામ પધારશે.

બંને ગામના સંઘ શ્રીહરિના સામૈયા માટે નીકળ્યા. લાંઘણજથી આવતાં ત્રિભેટે એક મોટા વડનું ઝાડ છે. તેને ખારીનો વડ કહેવામાં આવે છે. ત્યાંથી બે રસ્તા ફંટાય છે. એક રસ્તો કરજીસણ જાય છે અને બીજો રસ્તો ડાંગરવા તરફ જાય છે. બે સંઘ ત્યાં ભેગા થયા. થોડીવારમાં શ્રીહરિ પાંચસો પરમહંસો સહિત ત્યાં પધાર્યા. ત્યાં બે સંઘના હરિભક્તો વચ્ચે શ્રીહરિને પોતાના ગામે પહેલા પધરામણી માટે લઈ જવાનો વિવાદ થયો. શ્રીહરિ વિમાસણમાં પડ્યા. તેથી મુક્તાનંદ સ્વામી અને બ્રહ્માનંદ સ્વામીને સલાહ લેવા બોલાવ્યા. પરિસ્થિતિ એવી હતી કે જેથી સંતો કોઈ માર્ગદર્શન આપી શક્યા નહિ. તેથી શ્રીહરિએ જાતે જ નિર્ણય જણાવ્યો કે પોતે માણકી ઉપરથી કૂદકો મારી વડ ઉપર ચડી જશે. પછી માણકી જે ગામ તરફ ચાલવા લાગે તે ગામે મારે પ્રથમ પધરામણીએ જવું.

ડાંગરવાના આગેવાન જતનબા અને કરજીસણના આગેવાન ભક્ત ગોવિંદભાઈએ આ નિર્ણય માન્ય રાખ્યો. તે પ્રમાણે શ્રીહરિ વડ ઉપર ચઢી ગયા અને માણકીએ પ્રથમ ડાંગરવાની વાટ પકડી તેથી કરજીસણના હરિભક્ત શ્રી ગોવિંદભાઈએ માર્મિક ટકોર કરતાં અને હસતાં હસતાં કહ્યું કે, માણકી સ્ત્રી છે તેથી તેની બહેનપણી સ્ત્રી ભક્ત જતનબાનો પક્ષ રાખેને! બંને સંઘ ડાંગરવાં પધાર્યા. જતનબાએ શ્રીહરિનું ભવ્ય સ્વાગત કર્યું.

એક વખત શ્રીહરિએ જતનબાને પૂછ્યું કે જતન, તું દર વખત આમંત્રણ આપે છે. ત્યારે કહે કે, અમે જ્યારે ડાંગરવા આવીશું ત્યારે પ્રભુ, આપ અને આપના પાંચસો પરમહંસોને દૂધ-દહીંથી નવડાવી દઈશું અને દહીં-દૂધ જમાડીને રેલમછેલ કરી દઈશું.

મહારાજ સાંજે ડાંગરવા પધાર્યા, તેમને દહીં દૂધમાં રમાડવાનો દિવસ આવી ગયો. મહારાજ પોતાના ભક્તની કસોટી કરવા બોલ્યા, જતન, આજે તો તારુ દૂધ-દહીં ખૂટવાડી દઈને તારી આબરૂનો ધજાગરો કરવો છે. જતનબાએ પણ સામે મહારાજને કહ્યું કે મહારાજ! હું પણ આપની જ આશ્રિત ભક્ત છું. તેથી હું પણ સત્સંગમા જાહેર કરીશ કે જ્યાં અનંત કોટી બ્રહ્માંડનો અધિપતિ બિરાજે છે ત્યાં પ્રસાદની ખેંચ પડે છે, તેથી તમારી આબરૂનો પણ ધજાગરો થશે. આ પ્રમાણે ભગવાન અને પ્રેમી ભક્તનો વિનોદ ભર્યો સંવાદ સાંભળી સર્વેને આનંદ થયો. શ્રીહરિએ અખંડ અસ્ખલિત ધારે દૂધ દહીં પીરસ્યું, તો પણ ખૂટયું નહિ. મહારાજ રાજી થઈ જતનબાની વિદાઈ લઈ કરજીસણ પધાર્યા.

જતનબાની શુભ નિષ્ઠાથી આખા ગામમાં સત્સંગ થયો. દંઢાવ્ય દેશના ગણત્રીના પવિત્ર ધામોમાં ડાંગરવાની ગણતરી થવા લાગી. આનો યશ ડાંગરવાના કેવળ ત્રણ હરિભક્તો જતનબા, અગરોજી અને અમરાજીને ફાળે જાય છે.

એક સમયે જતનબા મહારાજના દર્શન કરવા ગઢડે ગયા. શ્રીહરિએ પૂછ્યું, કોણ ? જતનબાએ જવાબ આપ્યો કે, હું આત્મા, શ્રીહરિએ રસોડામાંથી સળગતા અંગારા મંગાવ્યા અને જતનબાના હાથ ઉપર મૂક્યા. પરંતુ ત્રણ દેહથી પરની સ્થિતિમાં વર્તતા જતનબાને કાંઈ જ થયું નહિ. આ પ્રમાણે શ્રીહરિની અગ્નિ પરીક્ષામાંથી જતનબા પસાર થયેલા. આવા જતનબાને કોટી કોટી વંદન.

●

કર્મયોગી થઈ કરો ભજન

- તરલાબેન અતુલભાઈ પોથીવાલા (અમદાવાદ)

શ્રીજી મહારાજનાં ઐશ્વર્ય પ્રતાપથી એકલા ગુજરાતમાં જ નહિ પરંતુ સમગ્ર હિન્દુસ્તાન દેશમાં ભાતભાતનાં લોકો શ્રીહરિનાં સત્સંગી થયેલાં.

ઉત્તર પ્રદેશના ધુવા ગામમાં ઠાકોરદાસ નામે એક ભક્ત રહેતા હતા. એમના પત્નીનું નામધનુબાઈ. આ બન્ને પતિ-પત્ની શ્રી સ્વામિનારાયણના સત્સંગી થયેલાં. પ્રેમથી અહર્નિશ શ્રીહરિનું ભજન કરે.

શ્રીજી મહારાજનાં નિષ્કામવર્તમાન અને વૈરાગ્યની બહુ અસર આ બંન્ને ઉપર થયેલી. એમણે ભેગાં બેસીને નક્કી કર્યું.

આપણે ભલે સંસારી છીએ. પતિ-પત્ની તરીકે ઘરમાં રહીએ છીએ ભલે દુનિયા, સમાજ સગાં સંબંધી આપણને એમ સમજે પરંતુ આજથી આપણે બંન્ને એ બ્રહ્મચર્યનું પાલન કરવું છે. આજથી આપણે પાકો સાંખ્યયોગ પાળવો. પરણેલાં છે છતાંય દૃઢ બ્રહ્મચર્ય વ્રતનું પાલન કરવાનો નિર્ણય લઈ લીધો.

ખૂબ સંયમથી જીવે. તલવારની ધાર ઉપર ચાલવા જેવું હતું. એમનો ત્યાગ જોઈ ભગવાનનાં ભક્તો એમને વંદન કરવા લાગ્યા તો જગતનાં જીવો નિંદા કરવા લાગ્યા "આ બે જણ પતિ-પત્ની જોને મોટા બ્રહ્મચારી થઈને બેઠાં છે, જુઓ તો ખરા ! ચાલો ચાલો એમની ચરણરજ માથે ચઢાવીએ....." એમ મશ્કરી કરવા માંડ્યા. વળી પાછા એમ પણ બોલે : "જ્યારે આમજ કરવું હતું તો પરણ્યા શું કામ! ખરો આ સ્વામિનારાયણ સત્સંગ છે."

પોતાના ભક્તની આવી નિંદા થવા માંડી તે શ્રીહરિને ખટક્યું. મારા ભક્તો ભાવમાં આવીને ઉત્સાહમાં આવીને, ગૃહસ્થ ધર્મના નિયમો વિરૂદ્ધ આવો બ્રહ્મચર્યના નિયમનો આગ્રહ લઈને બેઠા છે તે યોગ્ય તો નથી જ.

એક દિવસ શ્રી સ્વામિનારાયણ ભગવાન સ્વયં દિવ્ય સ્વરૂપે આ દંપતીની વચ્ચે પ્રગટ થયા. બંને પતિ-પત્ની તો શ્રીહરિનાં દિવ્ય સ્વરૂપને પ્રત્યક્ષ નિહાળીને અત્યંત ભાવ વિભોર બની ગયા. "મહારાજ અત્યારે તમે ક્યાંથી પધાર્યા ?" મહારાજને ઢોલિયા ઉપર બેસાડ્યા. ઠાકોરદાસ મહારાજને દંડવત્ કરવા લાગ્યા. ધનુબાઈ ઘરમાં જઈને શ્રીહરિ માટે મીઠા શીતળ જળનો લોટો લઈ આવ્યાં. મહારાજે ઠંડુ પાણી પીધું. પછી બંન્નેને પોતાની પાસે બેસાડ્યા અને શિખામણ આપી.

"તમારું નિષ્કામ વ્રત આજે પુરું થયું છે. આજ સુધી તમે આ નિષ્કામ વ્રત પાળ્યું પણ આજે એ પૂર્ણ થયું છે તેમ માનો. તમે જે ટેક રાખી છે તે આજે અમો છોડાવી છીએ કેમકે એક પત્ની વ્રત ધારી ગૃહસ્થ હોય એ સાંખ્યયોગી સમાન જ છે. અગ્નિ અને બ્રાહ્મણની સાક્ષીએ લગ્ન થયાં હોય અને પતિ-પત્ની ગૃહસ્થ ધર્મ પાળે તેમાં જરાય બાધ નથી. અમે કહેલાં ગૃહસ્થ ધર્મનું જેઓ બરાબર પાલન કરતાં હોય તેઓ ત્યાગીની સમાન જ છે, સાંખ્યયોગીની સમાન જ છે. તેથી હે ઠાકોરદાસ આજથી આવું આકરું વ્રત ત્યજી દો અને શાસ્ત્રોએ બતાવેલા ગૃહસ્થ ધર્મનું પાલન કરો. અમારું આટલું વચન માનો. એક કર્મયોગી થઈ, અમારું ભજન કરો."

શ્રીજી મહારાજે આ રીતે વ્રતનું સમાપન કરાવી પતિ-પત્નીને આશીર્વાદ આપ્યા. દંપતીએ મહારાજને પ્રણામ કર્યા અને કહ્યું હે મહારાજ ! આપે કહ્યું એ પ્રમાણે અમો વર્તીશું.

મહારાજ મલકાયા. ગાલોમાં ખંજન ભર્યું એ સુંદર મુખારવિંદ જોઈ બંને દંપતી ભાવ વિભોર બન્યાં અને એટલાં માં જ શ્રીહરિ આશીર્વાદ આપી અદૃશ્ય થયા.

"માટે માની અમારું વચન, કર્મયોગી થઈ કરો ભજન."

●

અગતરાઈના પર્વતભાઈ

- આરતીબેન પનારા (રાજકોટ)

"મહારાજ ભેગું કરવું જોઈએ." મુક્તાનંદ સ્વામીએ મહારાજ આગળ વાત મૂકી. મહારાજે ૨૦ જેટલાં સદાવ્રત ચાલુ કરેલા. એવો રિવાજ રાખેલો કે જે સદાવ્રતમાં અનાજ જોઈએ તે આસપાસનાં ગામોમાંથી ઉઘરાવી લેવું. લોજનાં સદાવ્રતમાં અનાજની જરૂર પડી.

એ ભેગું કરવા નીકળવું જોઈએ. મહારાજે કહ્યું આપણે જ નીકળીએ. તમે અને અમે.....

બંને આવ્યા અગતરાઈ, કેશોદ પાસેનું નાનું ગામ. ત્યાં એક ખેડૂત કણબી પટેલ પર્વતભાઈ સારા હરિભક્ત. રામાનંદ સ્વામીના જૂના શિષ્ય. મહારાજ અને રામાનંદ સ્વામીના પ્રથમ મેળાપ વખતે પિપલાણામાં પણ તેઓ હાજર હતા. અનાજ લેવા મહારાજ પોતે ત્યાં પધાર્યા. તેથી પર્વતભાઈ ઘણા રાજી થયા. બંને જણને અંદરના ઓરડામાં લઈ જઈ દસ કોઠીઓ બતાવી કહ્યું આ બધું જ અનાજ કૃષ્ણાપર્ણ કર્યું. મહારાજ હું ગાડાની તજવીજ કરી ભરાવી દઉં. એમ સોળ કળશી અનાજ ગાડામાં ભર્યું. અને રવાના કર્યું, મુક્તાનંદ સ્વામીએ કહ્યું, "તમે તો ઘણું કર્યું. હવે અમારે બીજે ક્યાંય અનાજ ભરવાની જરૂર જ ના રહી." મહારાજ કહે "કોઠીઓ ખાલી કરી પણ ઘરનાં છોકરાં માટે રાખ્યું છે કે નહીં? મહારાજ ચારે તરફનો વિચાર કરે. એક વર્ષનું તો રાખવું જોઈએ. પર્વતભાઈ કહે "ના મહારાજ, ન રખાય. આપના જેવા લેનાર ક્યાંથી મળે? એવે વખતે મને પોરસ ચડે. ચડવો જ જોઈએ. કૂકડીના બચ્ચાં ભૂખે ન મરે. ઉકરડા ઉથામીને પણ પેટ ભરે. ને કણબી પણ ઉપાય કરે. કઢારે દાણા લાવી ચલાવે. પછી પાઘડી ઉતારી ઉગમણા દ્વાર વચ્ચે ઉભા રહી બોલ્યા, આ ઘરમાં અનાજ કોણે મોકલ્યું ? એના મોકલનારાનો પહેલો અધિકાર છે. પછી એ ભગવાનના ચરણોમાં નમ્યા, આ લોકમાં મારું કંઈ નથી બધું તમારું જ છે પ્રભુ."

અગતરાઈ, કાલવાણી અને માણાવદરમાં પર્વતભાઈની ખેતી હતી. ત્રણે જગ્યાએ એ જરૂર પ્રમાણે જતા ને રહેતા પણ મહારાજનો સંબંધ પહેલો અગતરાઈમાં થયો એટલે સત્સંગમાં એ અગરતરાઈના ગણાયા.

એકવાર પર્વતભાઈ ચોમાસામાં સાંતી હાંકતા હતા. એવામાં માનસી પૂજાનો સમય થયો. કોઈ સ્થળે આસન માંડીને માનસી કરવાનું બને એમ નહોતું. સાંતી હાંકતાં-હાંકતાં જ માનસી પૂજા શરૂ કરી. સહેજમાં શાંત થયેલા ચિત્ત માં ભક્તિના ભાવની ભરતી ચડી. જોઈ રહ્યા છે કે સુંદર બાજોઠ છે. મહારાજ બેઠા છે. પોતે ઉભા છે. પોતે પોતાને જોઈ શક્યાં એ પહેલું આશ્ચર્ય અને પોતે ભગવાનને દહીં ને રોટલો જમાડે છે. તે બીજું આશ્ચર્ય. થાળમાં તાંસળી ભરીને તાજું દહીં મુકેલું છે. પર્વતભાઈ કહેતા જાય છે. જમો મહારાજ. એ વાર લગાડે તો પોતે હાથમાં તાંસળી લઈ મોં આગળ ધરે છે. વિનવે છે. આમ પૂજા ચાલી એટલે રાશ ઢીલી પડી. બળદ ધીરા પડ્યા, પ્રેમમાં મગ્ન બનેલા પર્વતભાઈને ડોલતા જોઈને પડખેના સાંતીવાળાને એમ કે એ ઝોલા ખાય છે. એટલે એમને જગાડવા ઉંચા અવાજે હાક દીધી. અલ્યા ભાઈ પર્વતભાઈ ! એ અવાજે પર્વતભાઈ હલી ગયા. ધ્યાન છૂટી ગયું. દહીં જમાડતા હતા તે ઢોળાયું. પેલાની નજર પડી એટલે પૂછ્યું પણ ખરું. પર્વતભાઈ શું હતું ? અહીં જમીન પર દહીં ક્યાંથી ? વળી સાંતી ઉપર દહીં ક્યાંથી પડ્યું ? પર્વતભાઈ શું કહે ! રાશ હાથમાં લઈ બળદને આગળ ચલાવતા બોલ્યા ! મહારાજ આવ્યાતા ! થોડુ જમી ગયા ! થોડું રહી ગયું ! અને થોડું ઢળી ગયું. અહીંની એક ક્ષણમાં મોટો પ્રસંગ બની ગયો. સંકલ્પ સિધ્ધ થઈ ગયો.

એક વખત ગઢડેથી મહારાજનો કાગળ લઈને મયારામભટ્ટ આવ્યા. પ્રભુનો પત્ર આવ્યો પછી વાર શેની? જેવા બારણા બહાર જવા તૈયાર થયા કે ભટ્ટજી એ રોક્યા. બોલ્યા "પર્વતભાઈ આટલી ઉતાવળ ન કરો. છોકરો માંદો છે. અંતકાળ જેવું જણાય છે." પર્વતભાઈ કહે તમે જ વાંચો મહારાજે શું લખ્યું છે "તત્કાળ ગઢડે આવજો" તો પછી સગા શું અને સંબંધી શું ? તે તો ચાલી નીકળ્યા. ગામને પાદર મધ્યવંતી નદી આવે ત્યાં પહોંચ્યા કે પાછળ માણસ આવતો જોયો. સમજી ગયા. માણસને કહ્યું કે મારા દીકરાને ભગવાન ધામમાં તેડી ગયા છે તેથી કોઈ શોક કરશો નહિ અને અગ્નિ સંસ્કાર પણ તમે જ કરી નાંખજો. જય સ્વામિનારાયણ. એમ કહી નદીમાં ન્હાવા ઉતર્યા અને પછી પહોંચી ગયા ગઢડે..... કેવી સમજણ.

પ્રશ્નપેટી

સાધુ ભક્તિનંદનદાસ ગુરુ શા.સ્વા. પુરુષોત્તમપ્રકાશદાસજી (જેતલપુર)

પ્ર. : ૧ ઈશ્વર કોને જાણવા ? શિક્ષાપત્રી અનુસાર જણાવો.

પ્ર. : ૨ પંચાળામાં શરદપૂનમની રાત્રીએ ચંદ્રપૂર્ણપણે પ્રકાશી રહ્યો છે. સંતો હાથમાં કરતાલ અને પગમાં નૂપુરના ઝણકાર સાથે કુંડળામાં ધૂમવા લાગ્યા. શ્રીહરિ પણ આ દૃશ્ય જોઈ રાસમાં જોડાયા. સ.ગુ. બ્રહ્માનંદ સ્વામીએ ઉલ્લાસીત્ વાતાવરણ ક્યા કીર્તનરૂપે રજુ કર્યું ?

પ્ર. : ૩ ઈશ્વરની વાણી કેટલા પ્રકારની છે ? તેના નામજણાવો.

પ્ર. : ૪ "હરિલીલા કલ્પતરુ" નામનો વિશાળ સંસ્કૃત ગ્રંથ કોણે બનાવ્યો છે.

પ્ર. : ૫ "સૂતા ઉઠી રે સમરું સહજાનંદ કે વેણલા ભલે વાયા રે" - આ સુંદર કીર્તન કોણે ગાયું છે.

પ્ર. : ૬ સ.ગુ. અદ્‌ભુતાનંદ સ્વામીના પૂર્વાશ્રમના બે ભાઈ દીક્ષા લઈ સાધુ થયા તેના નામજણાવો.

પ્ર. : ૭ નિષ્કુળાનંદ સ્વામીએ "હૃદય પ્રકાશ" નામના ગ્રંથની રચના કઈ સાલ અને તિથિના રોજ કરી હતી ?

નવેમ્બર-૨૦૦૯ માસના પ્રશ્નપેટીના સાચા ઉત્તરો અને ઉત્તરો આપનારના નામ

(૧) કુંડળના રાયબા

(૨) સ.ગુ. શ્રી મુક્તાનંદ સ્વામી

(૩) આચાર, વ્યવહાર અને પ્રાયશ્ચિત એ જે ત્રણ વાનાં તે જે તે દેશ, કાળ, અવસ્થા, દ્રવ્ય, જાતિ અને સામર્થ્ય એટલાને અનુસારે કરીને જાણવા.

(૪) બાબી બહાદુર નવાબ.

(૫) (૧) સ.ગુ. આત્માનંદ સ્વામી (૨) સ.ગુ. રામાનંદ સ્વામી

(૬) હિરણ્યાક્ષનો પુત્ર તેનું નામઉત્કચ હતું.

(૭) અજા પટેલ

૧. સ.ગુ. ઘનશ્યામસ્વામી (જમીયતપુરા)
૨. શ્રી સ્વામિનારાયણ મંદિર ભાઈઓનું (સીતાપુર)
૩. કંચનબેન બાબુભાઈ પટેલ (રતનપર)
૪. પટેલ જયદિપ અંબારામભાઈ (ઘૂંટું)
૫. પટેલ વિષ્ણુભાઈ જીવાભાઈ (સીતાપુર)
૬. સોની દક્ષાબેન ઘનશ્યામભાઈ (અમદાવાદ)
૭. સાંખ્યયોગી મંજુબા, ભારતીબા (અમદાવાદ હવેલી)
૮. ભાવસાર અરવિંદાબેન એન. (ચાંદલોડીયા)
૯. ભાવસાર વીણાબેન આર. (નવરંગપુરા)
૧૦. સાંખ્યયોગી શિલ્પાબા,શિતલબા(અમદાવાદ હવેલી)
૧૧. પટેલ જ્યોત્સનાબેન રાજુભાઈ (આનંદપુરા)
૧૨. પટેલ ભક્તિભાઈ ભોળાભાઈ (રાણીપ)
૧૩. પટેલ ગંગાબેન ભક્તિભાઈ (ઝુલાસણ)
૧૪. સાં.યોગી રેખાબા, રસિલાબા (અમદાવાદ હવેલી)
૧૫. સાંખ્યયોગી રંજનબા, અસ્મિતાબા (બાલાસિનોર)
૧૬. સાંખ્યયોગી અલ્પાબાબેન ગુરુ શિલ્પાબેન (ગઢડા)
૧૭. મોદી અમૃતલાલ કે. (સોજા)
૧૮. પટેલ વિનોદભાઈ પી. (વહેલાલ વાળા)
૧૯. ઠક્કર હસુબેન કે. (ઈશનપુર)
૨૦. પટેલ ગોરધનભાઈ શંકરલાલ સોજા
૨૧. સાં.યોગી કોકીલાબા, ઉષાબા (સુરેન્દ્રનગર)
૨૨. કનુભાઈ રાવલ (અમદાવાદ)

સત્સંગ સમાચાર

રામનગર (તા. કલોલ)

પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞા-આશીર્વાદથી તથા નારણઘાટના મહંત સ.ગુ. સ્વામી દેવપ્રકાશદાસજી તથા સ.ગુ. સ્વામી પુરૂષોત્તમપ્રકાશદાસજી (નાના પી.પી. સ્વામી) ની પ્રેરણાથી અ.નિ. પટેલ નારણદાસ પુંજીરામ પરિવારના પટેલ પ્રભુભાઈ નારણદાસ, પટેલ અમૃતભાઈ નારણદાસ તથા ડૉ. ચિમનભાઈ નારણદાસ તરફથી તેમના માતુશ્રી ગં.સ્વ. પટેલ સંતોકબેન નારણદાસની જીવત ચર્યા પ્રસંગે તા. ૮-૧૧-૦૯ ના રોજ પ્રાતઃ ૫-૩૦ કલાકે પ્રભાત ફેરી, સવારે ૭-૦૦ થી ૮-૦૦ શ્રી સ્વામિનારાયણ મહામંત્ર ધૂન અને સવારે ૮-૦૦ થી ૧૦-૦૦ કલાકે સ.ગુ. શાસ્ત્રી સ્વામી રામકૃષ્ણદાસજીના વક્તા પદે સત્સંગ કથા પ્રવચન યોજવામાં આવેલ.

આ પ્રસંગે યજમાન પરિવારના આમંત્રણને માન આપી પ.પૂ. મોટા મહારાજશ્રી સંત મંડળ સાથે પધાર્યા હતા. અને સમસ્ત પરિવારને રૂડા આશીર્વાદ આપ્યા હતા.

(શા. ચૈતન્યસ્વરૂપદાસ)

નવા વાડજ મંદિર

અત્રે શ્રી સ્વામિનારાયણ મદિરમાં પ્રબોધિની એકાદશીના રોજ ઠાકોરજી સમક્ષ સુંદર હાટડી ભરી હતી. સમૂહ મહાપૂજા સવારે ૮-૦૦ થી ૧૨-૩૦ સુધી ચાલી હતી. શ્રી ગોપાલભાઈ શાસ્ત્રીએ સુંદર વિધિ કરાવી હતી. મુખ્ય યજમાન પ્રો. રમેશભાઈ જેઠાભાઈ કોરિયા પરિવાર, સહ યજમાન પટેલ અશોકભાઈ નાગજીભાઈ રહ્યા હતા. ૮૫ જેટલા ભાઈ-બહેનોએ મહાપૂજામાં લાભ લઈ કૃતાર્થ થયા હતા.

(શંભુભાઈ હીરજીભાઈ પટેલ)

ખારોલ (પંચમહાલ) મંદિરમાં મૂર્તિ પ્રતિષ્ઠા

શ્રી નરનારાયણદેવ તાબનાં પંચમહાલ જીલ્લાના ખારોલ ગામે હરિમંદિરનું નિર્માણ પૂર્ણ થતા તા. ૩૧-૧૦-૦૯ ના રોજ શ્રી નરનારાયણદેવ પીઠાધિપતિ પ.પૂ.ધ.ધુ. આચાર્ય ૧૦૦૮ શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીના વરદ્ હસ્તે મૂર્તિ પ્રતિષ્ઠા વેદોક્ત વિધિથી ધામધૂમથી સંપન્ન થઈ.

આ પ્રસંગના ઉપલક્ષમાં તા. ૨૯-૧૦-૦૯ થી ૩૧-૧૦-૦૯ પર્યન્ત શ્રીમદ્ ભાગવત દશમસ્કંધ પારાયણ સ.ગુ. શાસ્ત્રી સ્વામી વિશ્વસ્વરૂપદાસજી ગુરુ સ.ગુ. સ્વામી સૂર્યપ્રકાશદાસજીના વક્તાપદે સંપન્ન થઈ હતી.

તા. ૩૧-૧૦-૦૯ ના રોજ પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી સંત મંડળ સાથે પધાર્યા ત્યારે સમસ્ત ગામે ધામધૂમથી સ્વાગત સામૈયું કર્યું હતું. પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના વરદ્ હસ્તે ઠાકોરજીની મૂર્તિ પ્રતિષ્ઠા વેદ વિધિસર થઈ હતી. ત્યારબાદ કથાની પૂર્ણાહુતિ કરીને સભામાં પધાર્યા હતા. આ પ્રસંગે સેવા કરનાર યજમાન પરિવારોએ પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીનું પૂજન અર્ચન કરી આશીર્વાદ મેળવ્યા હતા.

ત્યારબાદ અમદાવાદ મંદિરના મહંત શાસ્ત્રી સ્વામી હરિકૃષ્ણદાસજી, શા. સ્વામી આનંદજીવનદાસજી, પુરાણી સ્વામી હરિસ્વરૂપદાસજી આદિ સંતોએ સુંદર ઉદ્બોધન કર્યું હતું. છેલ્લે પ.પૂ. આચાર્ય મહારાજશ્રીએ સમસ્ત સભાને આશીર્વાદ પાઠવ્યા હતા. સમસ્ત ઉત્સવ અને મંદિર નિર્માણ સુધીની જવાબદારી પુરાણી સ્વામી હરિસ્વરૂપદાસજીએ સ્વીકારી હતી. જેમનું સમસ્ત ગામે સન્માન કરીને ખૂબજ આભાર માન્યો હતો.

(કોઠારી દિલીપભાઈ)

જીવરાજપાર્ક - મેઘાણીનગરમાં સત્સંગ સભા

પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞાથી તથા મહંત શાસ્ત્રી સ્વામી હરિકૃષ્ણદાસજીની પ્રેરણાથી શા. વિશ્વસ્વરૂપદાસજી જીવરાજપાર્ક અને મેઘાણીનગર વિસ્તારમાં દર એકાદશીની રાત્રી સભાનું આયોજન કરીને હરિભક્તોને કથા વાર્તાનો લાભ આપે છે. સર્વોપરિ શ્રી સ્વામિનારાયણ ભગવાન અને ધર્મવંશી આચાર્ય મહારાજશ્રીનું માહાત્મ્ય મહિમા સાથે સમજાવે છે. શ્રી નરનારાયણદેવની નિષ્ઠા વધે તેવું દરેક હરિભક્તોને સમજાવે છે.

(ધનંજય પટેલ)

કપડવંજ

પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની અસીમ કૃપા આશીર્વાદથી તથા શાસ્ત્રી સ્વામી વિશ્વસ્વરૂપદાસજીની પ્રેરણાથી કપડવંજ શ્રી સ્વામિનારાયણ મંદિરનો પ્રથમ વાર્ષિક પાટોત્સવ પ્રસંગે સમૂહ મહાપૂજા, અન્નકૂટ દર્શન અને પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના શુભ હસ્તે ઠાકોરજીનો

પાટોત્સવ ધામધૂમથી ઉજવાયો હતો. હરિભક્તોએ દેવ દર્શન અને પ.પૂ. મહારાજશ્રીના ચરણ સ્પર્શ દર્શન કરી ધન્ય બન્યા હતા. પ્રાસંગિક સભામાં શા. સ્વામી આનંદજીવનદાસજી અને નાના પી.પી. સ્વામીએ ભગવાન અને ધર્મવંશીનો મહિમા કહ્યો હતો. છેલ્લે પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીએ સમસ્ત સભાને રૂડા આશીર્વાદ પાઠવ્યા હતા. પૂજારી લાલભાઈ અને હરિભક્તોએ સુંદર સેવા બજાવી હતી.

(કોઠારી ડૉ. જયરાજ ત્રિવેદી)

બાલાસિનોર

સર્વોપરિ ભગવાન શ્રી સ્વામિનારાયણની કૃપાથી તથા પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞા-આશીર્વાદથી અને શાસ્ત્રી સ્વામી વિશ્વસ્વરૂપદાસજીની પ્રેરણાથી બાલાસિનોર શ્રી સ્વામિનારાયણ મંદિરમાં ભવ્ય તુલસી વિવાહ યોજવામાં આવેલ. એકાદશીના સવારથી ગણેશ સ્થાપના, મંડપ મુર્હૂત વિધિ અને બપોરે ૪-૦૦ કલાકે ભગવાનનો વરઘોડો શહેરના મુખ્ય માર્ગ ઉપર ધૂન-ભજન કરતા કરતા નીકળ્યો હતો. પરત મંદિર ફરતા ભૂદેવો દ્વારા તુલસીજીના લગ્નની વિધિ ધામધૂમથી થઈ હતી. આ પ્રસંગમાં યુવક મંડળે સુંદર સેવા બજાવી હતી.

(રમેશ ભગત)

શ્રી સ્વામિ. મંદિર (દરબારોનું) ડાંગરવા

અત્રે શ્રી સ્વામિનારાયણ મંદિરમાં પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞાથી તથા સ.ગુ. સ્વામી વાસુદેવચરણ દાસજીની પ્રેરણાથી આસો સુદ દિવાળીના ઠાકોરજીને ભવ્ય અન્નકૂટ ધરાવવામાં આવેલ. આસો વદ-૧૪ ના શ્રી હનુમાનજી સમક્ષ મારૂતિ યજ્ઞ રાખવામાં આવેલ. આ પ્રસંગે ગામના દરેક હરિભક્તોએ દર્શનનો લાભ લીધો હતો.

(ડાભી મફાજી સાહેબ)

ઉવારસદમાં શ્રીમદ્ ભાગવત પારાયણ

અહીંના બાઈઓના શ્રી સ્વામિનારાયણ મંદિરને ૧૦૮ વર્ષ પુરા થતા તે ખૂબજ જીર્ણ થઈ ગયું હોવાથી બહેનોએ પ.પૂ.અ.સૌ. ગાદીવાળાશ્રીના આશીર્વાદથી નવું મંદિર બનાવવા સંકલ્પ કર્યો. જે નિમિત્તે પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞાથી તા. ૨૧-૧૦-૦૯ થી ૨૫-૧૦-૦૯ પર્યન્ત સ.ગુ. શાસ્ત્રી સ્વામી નારાયણવલ્લભદાસજી (વડનગર)ના વક્તાપદે શ્રીમદ્ ભાગવત પારાયણનું સુંદર આયોજન કરવામાં આવેલ.

આ પ્રસંગે બહેનોને દર્શન આશીર્વાદનો લાભ આપવા પ.પૂ.અ.સૌ. ગાદીવાળાશ્રી તથા પ.પૂ.અ.સૌ. મોટા ગાદીવાળાશ્રી પધાર્યા હતા.

પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી પધાર્યા ત્યારે સમસ્ત ગામે ખૂબજ ધામધૂમથી સામૈયું કર્યું હતું. પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી મંદિરમાં ઠાકોરજીની આરતી ઉતારીને કથાની પૂર્ણાહુતિની આરતી ઉતારી હતી. પ્રાસંગિક સભામાં પૂ. મહંત શાસ્ત્રી સ્વામી હરિકૃષ્ણદાસજી તથા પૂજ્ય પી.પી. સ્વામીએ સુંદર અમૃતવાણીનો લાભ આપેલ. છેલ્લે પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીએ આશીર્વચનમાં જણાવ્યું કે જગતના જીવો અને ભગતના જીવોમાં આજ મોટો તફાવત છે કે દિવાળીના પવિત્ર પર્વમાં આપે આ કથા સાંભળી જે ખૂબજ સુંદર કામ કર્યું અને છેલ્લે કરવાનું પણ આજે છે. મંદિર વહેલું પૂર્ણ થાય તેવા આશીર્વાદ પાઠવ્યા હતા. (ઘનશ્યામભાઈ એસ. પટેલ)

રાબડીયામાં મંદિરની ખાતવિધિ

પંચ મહાલ જીલ્લાનું રાબડીયા ગામ મહીસાગરના કિનારા પર આવેલ છે. સદ્‌ગુરુ વર્ય મહાનુભાવાનંદ સ્વામીએ સત્સંગ કરાવીને હરિમંદિર બંધાવેલ. સમયાન્તરે ૧૯૭૩માં મહીસાગર નદીના પૂરના કારણે મંદિર ધ્વસ્ત થઈ ગયુ હતું. ગામના સ્થળાન્તરના સરકારના નિર્ણયથી હરિભક્તોની દ્વિધામાં ને દ્વિધામાં વર્ષો વીતી ગયાં. છેવટે હરિભક્તોએ રહેવા માટે યથાવત સ્થાન પસંદ કર્યું હોવાથી મંદિરની સૂની ભૂમિમાં નૂતન હરિમંદિર બનાવવા સંકલ્પ કર્યો. રાબડીયા ગામના સમસ્ત હરિભક્તો અને ધર્મપ્રેમી ભક્તોના સહયોગથી તા. ૧૯-૧૧-૦૯ ના રોજ પ.પૂ.ધ.ધુ. આચાર્ય ૧૦૦૮ શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીના વરદ્ હસ્તે ભૂમિપૂજન અને શિલાન્યાસ વિધિ રાખવામાં આવી. આ પ્રસંગે ઝાડી વિસ્તારના તમામ ગામના હરિભક્તો મોટી સંખ્યામાં આવ્યા હતા. જેતલપુર મંદિરના મહંત શાસ્ત્રી સ્વામી આત્મપ્રકાશદાસજીના સંત મંડળના નેતૃત્વમાં હરિ મંદિર બનાવવા હરિભક્તોની વિનંતી સ્વીકારીને મહંત સ્વામીએ સુંદર આયોજન કર્યું. સવારના ૮-૦૦ થી ૧૨-૦૦ વાગ્યા સુધી ભવ્ય ઉત્સવ ઉજવાયો. રાબડીયા ગામના ભાવિક ભક્તો ધંધો રોજગાર બંધ રાખીને ધર્મ કાર્યમાં સહયોગ આપ્યો અને યથા શક્તિ ફાળો પણ લખાવ્યો.

(કોઠારી હરિકૃષ્ણભાઈ કાછીયા, રાબડીયા, જુના)

વિદેશ સત્સંગ સમાચાર

બેંગકોક (થાઈલેન્ડ)માં સત્સંગ વિચરણ અહેવાલ (૪ થી ૯ નવેમ્બર-૦૯)

- રજનીભાઈ પટેલ (બેંગકોક)

ભારતીય સંસ્કૃતિથી સમ્પન્ન થાઈલેન્ડ દેશના બેંગકોક શહેર ડાયમંડ અને કલર સ્ટોનના વ્યવસાય માટે વિશ્વપ્રસિદ્ધ છે. જ્યાં બે થી ત્રણ પેઢીઓથી ગુજરાતી સત્સંગીઓ ઉપરોક્ત વ્યવસાયમાં સ્થાયી થયા છે. અગાઉ દશ વર્ષ પહેલાં લાલજી મહારાજના સ્વરૂપે પ.પૂ. આચાર્ય મહારાજશ્રીએ બે વાર વિચરણ કરીને સત્સંગનો સ્વાદ ચખાડ્યો હતો. તેને યાદ કરી કરીને અવાર-નવાર પધારવા છેલ્લા ત્રણેક વર્ષથી આમંત્રણ પાઠવતા પ્રેમી હરિભક્તો પ.ભ. રજનીભાઈ પટેલ, પ.ભ. પ્રાગજીભાઈ ભીકડીયા આદિ હરિભક્તો પ્રતિક્ષા કરતા હતા. તેથી પ.પૂ.ધ.ધુ. આચાર્ય ૧૦૦૮ શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી તથા સાથે જેતલપુરથી શાસ્ત્રી પી.પી. સ્વામી, શાસ્ત્રી હરિઉઁપ્રકાશદાસજી સ્વામી, સ્વામી વિશ્વપ્રકાશદાસજી, પાર્ષદ વનરાજ ભગત તા. ૪-૧૧-૦૯ ના રોજ બેંગકોક પધાર્યા. એરપોર્ટ પર ભવ્ય સ્વાગત કરવામાં આવ્યું. પ.ભ. રજનીભાઈ પટેલના ઘેર ઉતારો કર્યો. ડાયમંડના વેપારી હરિભક્તો દર્શન પૂજન માટે સતત નિવાસ સ્થાન પર આવતા અને સમયની અનુકુળતાએ તેઓના નિવાસ સ્થાન અને ઓફિસ પર પધરામણી પણ કરતા હતા. સદાચાર અને સત્સંગની મીઠી ભલામણ કરતા, ભાગ્યશાળી હરિભક્તો પોતાને ધન્ય ધન્ય માનતા.

તા. ૭-૧૧-૦૯ ના રોજ ઈન્ડો થાઈહોલમાં જાહેર સત્સંગ સભા રાખવામાં આવી. ત્રણસોથી વધુ ભાવિક ભક્તોએ સમયસર આવીને સત્સંગનો લ્હાવો લીધો. સ્વામિનારાયણ ભગવાનના સાતમાં વંશજ ને સાંભળવા મોટા પ્રતિષ્ઠિત મહાનુભાવો આ પ્રસંગે પધાર્યા હતા. પી.પી. સ્વામી અને હરિઉઁ સ્વામીએ કથા વાર્તાનો લ્હાવો આપ્યો. અઢી કલાકના સત્સંગ કાર્યક્રમમાં કોઈપણ શ્રોતા પોતાનું સ્થાન છોડીને ચાલ્યા ગયા હોય એવો એક પણ પ્રસંગ બનવા ન પામ્યો.

તા. ૮-૧૧-૦૯ ના રોજ સવારે ૯-૩૦ વાગે દેવ મંદિરમાં સત્સંગ રાખવામાં આવ્યો. જ્યાં ભારતીય હરિભક્તોએ કથા દર્શનનો લ્હાવો લીધો. તા. ૫-૬-૮ ના રોજ ઘર સભાનું આયોજન કર્યું. જ્યાં અત્યંત નિકટના હરિભક્તોએ દર્શન આશીર્વાદનો લ્હાવો મેળવ્યો.

તા. ૮-૧૧-૦૯ના રાત્રે શ્રી પ્રાગજીભાઈ ભીકડીયાના ઘરે નિવાસ કરીને સત્સંગ સભા રાખવામાં આવી. આ સમયની સત્સંગ વિચરણ યાત્રાની સ્મૃતિમાં પ્રત્યેક રવિવારના રોજ સત્સંગ ભજન રાખવાની પ.પૂ. આચાર્ય મહારાજશ્રીએ આજ્ઞા કરી. જે સર્વે હરિભક્તોએ સહર્ષ વધાવીને વચન આપ્યું. પ.ભ. પ્રાગજીભાઈ ભીકડીયા પ.પૂ. આચાર્ય મહારાજશ્રીને માત્ર એરપોર્ટ સુધી નહી પરંતુ મુંબઈ સુધી વળાવવા આવ્યા.

સાનજોસે I.S.S.O. ચેપ્ટર

અહીંયા પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞાથી ૧૭ ઓકટોબરના કાળી ચૌદસના દિવસે શ્રી દિલીપભાઈ ત્રિવેદીના ઘરે સત્સંગ સભા થઈ હતી. ધોળકાના મુનિ સ્વામીએ કથાનો લાભ આપેલ. હરિભક્તોએ કીર્તન ભક્તિ ધૂન આરતી કર્યા હતા. મુનિ સ્વામીએ કાળી ચૌદશ શ્રી હનુમાનજીનું પૂજન વગેરે મહિમા માહાત્મ્ય સમજાવ્યું હતું. સૌએ સાથે મળી શ્રી હનુમાન ચાલીસાના પાઠ કરીને શ્રી હનુમાનજીની આરતી ઉતારી હતી.

દિવાળી અને નૂતન વર્ષ નિમિત્તે ૧૮ ઓકટોબરના ફ્રી માઉન્ટ હિન્દુ મંદિરમાં બપોરે ૩-૩૦ કલાકે સત્સંગ સભા યોજવામાં આવી હતી. જેમાં કથા વાર્તા, કીર્તન ભક્તિ અને ધૂન કરવામાં આવી હતી. મુનિ સ્વામીએ શ્રીહરિની લીલાની અદ્‌ભુત વાતો કરી હતી અને દિવાળી પર્વની પણ સુંદર માહિતી આપી હતી. આ પ્રસંગે સર્વોપરિ શ્રી સ્વામિનારાયણ ભગવાનના સિંહાસનમાં સુંદર રોશની

કરીને ૧૦૦ જેટલી વિવિધ વાનગીઓનો અન્નકૂટ ધરાવવામાં આવેલ. આ સત્સંગ સભા શ્રી ઉર્જીત ત્રિવેદી અને શ્રી પવન સોની તરફથી થઈ હતી. પ.પૂ. આચાર્ય મહારાજશ્રી તથા પ.પૂ. મોટા મહારાજશ્રીની કૃપાથી સત્સંગ પ્રવૃતિ સુંદર ચાલે છે. (પ્રશાંત ધોળકિયા)

કોલોનીયા શ્રી સ્વામિનારાયણ મંદિર

અહીં આપણા શ્રી સ્વામિનારાયણ મંદિરમાં પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞાથી સંત-હરિભક્તોએ સાથે મળી દીપોત્સવી પ્રસંગે વિવિધ ઉત્સવો ઉજવ્યા હતા.

ધનતેરસ, ચોપડા પૂજન દિવાળીના ઠાકોરજી સમક્ષ ભવ્ય અન્નકૂટોત્સવ ઉજવવામાં આવ્યો હતો. આ પ્રસંગે પૂ. શાસ્ત્રી સ્વામી નિર્ગુણદાસજી, મુનિ સ્વામી અને કોલોનીયા મંદિરના મહંત સ્વામી જ્ઞાનજીવનદાસજીએ હરિભક્તોને ઉપદેશાત્મક કથાનો લાભ આપ્યો હતો. હરિભક્તોએ મોટી સંખ્યામાં અન્નકૂટ દર્શન અને કથાનો લાભ લીધો હતો.

કોલોનીયા મંદિરમાં મારૂતિ યજ્ઞનું સુંદર આયોજન શ્રી હનુમાનજી મહારાજ સમક્ષ શનિવારના સવારના ૯ કલાકે મુખ્ય યજમાન અને સહ યજમાન દ્વારા વિધિપૂર્વક થયું હતું. સતત સાડા ચાર કલાક વિધિ સંપન્ન થઈ હતી. હરિભક્તો દર્શન કરી ધન્ય બન્યા હતા.

(પ્રવિણભાઈ શાહ)

વિહોકન શ્રી સ્વામિનારાયણ મંદિર

ન્યુજર્સી શ્રી સ્વામિનારાયણ મંદિરમાં પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞાથી શનિવાર વિકેન્ડમાં સાંજના દિવાળી પ્રસંગે શ્રી હનુમાનજીનું પૂજન અને ચોપડા પૂજન વિધિવત થયું હતું. આ પ્રસંગે મહંત સ્વામી શાસ્ત્રી માધવપ્રસાદદાસજીએ શ્રી હનુમાનજીનું મહિમા સાથે માહાત્મય કહ્યું હતું. અને ચોપડા પૂજન-શારદાપૂજનનું પણ શાસ્ત્રોક્ત પ્રમાણ સહિત સુંદર વર્ણન કર્યું હતું. હરિભક્તો એ વિશાળ સંખ્યામાં દર્શનનો લાભ લીધો હતો. (પ્રવિણભાઈ)

શ્રી સ્વામિનારાયણ મંદિર હ્યુસ્ટન

પ.પૂ.ધ.ધુ. આચાર્ય ૧૦૦૮ શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીની આજ્ઞાથી તથા પ.પૂ. મોટા મહારાજશ્રીના રાજીપાથી તથા અત્રેના મહંત કે.પી. સ્વામીની પ્રેરણાથી આપણા દરેક ઉત્સવો ધામધૂમથી ઉજવવામાં આવે છે. વિજયા દશમીના રોજ આપણા પ્રાણ પ્યારા પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીનો ૩૭ મો પ્રાકટ્યોત્સવ સંત-હરિભક્તોએ સાથે મળી ધામધૂમ અને હર્ષોલ્લાસથી ઉજવ્યો હતો. આપણા આઈ.એસ.એસ.ઓ. નો આજ દિવસે સ્થાપના દિન હોઈ તેથી હરિભક્તોને ખૂબજ આનંદ હતો. પ.પૂ. મહારાજશ્રીની તસવીરનું પૂજન અર્ચન કરી સૌ એ સર્વોપરિ શ્રીહરિને પ્રાર્થના કરીને પ.પૂ. આચાર્ય મહારાજશ્રી પાસે અંતઃકરણથી આશીર્વાદની પ્રાર્થના કરી હતી.

શરદ પૂર્ણિમાના મંદિરમાં સુંદર રાસ ગરબાની રમઝટ બોલાવીને સૌને દૂધ પૌંવા નો પ્રસાદ આપવામાં આવેલ. દીપોત્સવી પ્રસંગ રવિવારના ઠાકોરજીને અન્નકૂટોત્સવ ધરાવીને આરતી કરવામાં આવી હતી. અને નૂતન વર્ષના સવારે ૬-૦૦ કલાકે ઠાકોરજીની આરતીના દર્શને હજારો હરિભક્તો દર્શન કરવા ઉમટ્યા હતા. આમ આપણા મંદિરમાં આવા ભવ્ય ઉત્સવો પ્રસંગે ભાવિક ભક્તો દર્શન કરી ખૂબજ રાજી થયા હતા (રમેશભાઈ પટેલ)

સ્ટ્રોગવીલ (અમેરિકા) શ્રી સ્વામિનારાયણ મંદિર

આપણા પ.પૂ.ધ.ધુ. આચાર્ય ૧૦૦૮ શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીની આજ્ઞા-આશીર્વાદથી તથા શા.સ્વા. ધર્મવલ્લભદાસજીની પ્રેરણાથી તથા મહંત હરિનંદનદાસજી અને સર્વે યુવાન હરિભક્તોના માર્ગદર્શનથી કારતક સુદ-૧૧ ના શનિવારે સાંજે ૭ થી ૧૧ સત્સંગ સભા થઈ હતી.

તા. ૧-૧૧-૦૯ ને રવિવારના રોજ કોલંબસથી શ્રી વિષ્ણુ ભગવાનની જાન જોડી અત્રે મંદિરમાં ઠાકોરજીનો વરઘોડો ધામધૂમથી નીકળ્યો હતો. અને મંદિરના પ્રાંગણમાં ધામધૂમથી લગ્ન વિધિ સંપન્ન થઈ હતી. જેના યજમાન શ્રી મનીષ ઉપાધ્યાય અને આનંદ ઉપાધ્યાય રહ્યા હતા. આ પ્રસંગે ધર્મવલ્લભ સ્વામીએ તુલસી વિવાહનો મહિમા સુંદર રીતે કહ્યો હતો. સ્ટ્રોંગવીલ મંદિરના પ્રમુખશ્રી પ્રકાશભાઈ અને અન્ય હરિભક્તો સેવામાં અગ્રેસર હતા. આ શુભ પ્રસંગે વરપક્ષના યજમાન રાકેશભાઈ અને મંજુલાબેન કલ્યાણ (કોલંબસ) તથા કન્યાપક્ષના યજમાન મુકેશભાઈ અને જયમીન પટેલ (સોલોન) તથા મામેરાના યજમાન બળદેવભાઈ અને શાંતાબેન (વડુવાળા) રહ્યા હતા. બહેનોની રસોડાની સેવા પ્રેરણારૂપ હતી. અહીં દરેક

ઉત્સવો ધામધૂમથી ઉજવાય છે. આઈ.એસ.એસ.ઓ. "સેવા"ના ડૉ. જીગ્નેશભાઈ શાહ, ડૉ. વાલજીભાઈ મુંજપરા અને સ્વયં સેવકના સહયોગથી ફલ્યુ વેકશીનેશન ૭૦ જેટલા સ્થાનિક લોકોને ફ્રીમાં આપવામાં આવી હતી.

(પ્રકાશ પટેલ, કલિવલેન્ડ)

વોશિંગ્ટન ડી.સી. I.S.S.O. ચેપ્ટર

અહીંયા પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞાથી તથા પ.પૂ. મોટા મહારાજશ્રીના આશીર્વાદથી ૯, ૧૦ અને ૧૧ ઓકટોમ્બર (શુક્ર, શનિ, રવિ)ના ત્રિદિનાત્મક કથા મહાદેવના મંદિરના ઓડીટેરીયમ હોલમાં લેન્હમમેરી લેન્ડમાં સંપ્રદાયના વિદ્વાન કથાકાર પૂજ્ય શાસ્ત્રી સ્વામી નિર્ગુણદાસજીના વક્તા પદે શ્રીમદ્ સત્સંગિજીવન શાસ્ત્રની કથા સવારે ૯ થી ૧૨ અને સાંજે ૪ થી ૭ દરમ્યાન યોજવામાં આવી હતી. સાથે ધોળકાના મુનિ સ્વામી હતા. હરિભક્તોએ ઘણી મોટી સંખ્યામાં કથાનો દિવ્ય લાભ લીધો હતો. ઘણા હરિભક્તોને ત્યાં સત્સંગ કરાવવા પૂજ્ય શાસ્ત્રી સ્વામી પધાર્યા હતા. કથાના અંતે ધૂન કીર્તન અને આરતી થઈ હતી. શનિવારના શ્રી ઘનશ્યામમહારાજનો પ્રાગટ્યોત્સવ ધામધૂમથી ઉજવાયો હતો. ૨૪ ઓકટોબર શનિવાર સાંજના ૩-૩૦ થી ૯-૩૦ સુધી ઈલ્કરીઝ મેરીલેન્ડમાં ગ્રેસ ઈપોસ્કીયલ ચર્ચના પેરીસ હોલમાં સત્સંગ સભા થઈ હતી. ઠાકોરજી સમક્ષ ભવ્ય સ્ટેજ બનાવીને અન્નકૂટ ધરાવવામાં આવ્યો હતો. હરિભક્તોએ ધૂન ભજન કીર્તન સમૂહમાં કર્યા હતા. સાઉથ ન્યુજર્સી (ચેરીહીલ) મંદિરથી શાસ્ત્રી સ્વામી વિશ્વપ્રકાશદાસજીએ અને કલિવલેન્ડ મંદિરથી હરિનંદન સ્વામીએ અન્નકૂટોત્સવ અને ગોવર્ધન લીલાની કથા સેલફોનના માધ્યમથી સંભળાવી હતી. ત્યારબાદ કીર્તન ભક્તિ ધૂન અને આરતી અને નિત્ય નિયમ કરી સભા પૂર્ણ થઈ હતી. પૂ. મહારાજશ્રીની કૃપાથી સત્સંગની પ્રવૃત્તિ ખૂબજ સુંદર ચાલે છે.

(કનુભાઈ પટેલ)

શ્રી સ્વામિનારાયણ મંદિર સીડની (ઓસ્ટ્રેલીયા)

પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞા-આશીર્વાદથી તથા શાસ્ત્રી સ્વામી પુરૂષોત્તમપ્રકાશદાસજી (નાના પી.પી. સ્વામી) તથા શાસ્ત્રી સ્વામી રામકૃષ્ણદાસજીની પ્રેરણા માર્ગદર્શનથી આપણા સીડની મંદિરમાં સત્સંગની પ્રવૃત્તિ સુંદર થાય છે. પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞાથી ઓકલેન્ડ ન્યુઝીલેન્ડ આપણા મંદિરથી શા. રામસ્વામી, ભજનાનંદ સ્વામી અને પ.ભ. કાંતિભાઈ પટેલ તથા પ.ભ. જયંતીભાઈ પટેલ આદિ સંત-હરિભક્તોએ તા. ૪-૯-૦૯ થી ૭-૯-૦૯ સુધી સીડની મંદિરમાં સત્સંગ પ્રચારાર્થે આવ્યા હતા. શનિવાર અને રવિવારના સંતોએ કથાનું રસપાન કરાવીને શ્રીજી મહારાજ અને ધર્મવંશી આચાર્ય મહારાજશ્રીનું માહાત્મય કહ્યું હતું. અને કીર્તન ભક્તિનો સુંદર કાર્યક્રમ થયો હતો.

તા. ૨૦-૯-૦૯ ના રોજ રવિવારે શાસ્ત્રી સ્વામી પુરુષોત્તમપ્રકાશદાસજી (નાના પી.પી. સ્વામી) અને યુવાન વિદ્વાન કથાકાર શા.સ્વામી રામકૃષ્ણદાસજીની ઉપસ્થિતિમાં કુઝ સત્સંગનું આયોજન કરવામાં આવ્યું હતું. ૧૨૫ જેટલા હરિભક્તોએ દરિયાઈ પાણીની વચ્ચે કુઝમાં ભજન કીર્તનનો દિવ્ય લાભ લીધો હતો. બન્ને સંતોએ ભગવાનનું લીલા ચરિત્ર અને કીર્તન ભક્તિ કરીને હરિભક્તોને રાજી કરી દીધા હતા.

તા. ૪-૧૦-૦૯ શરદ પૂનમના શરદોત્સવ પ્રસંગે નંદ સંતો રચિત રાસ ગરબા કરવામાં આવેલ. આ સભા શ્રી પ્રકાશ પટેલ તરફથી થઈ હતી. સૌને દૂધ પૌંવાનો પ્રસાદ આપવામાં આવેલ.

તા. ૧૮-૧૦-૦૯ ના દિવસે આપણા મંદિરમાં ઠાકોરજી સમક્ષ ભવ્ય અન્નકૂટ ધરાવવામાં આવેલ. સત્સંગી બહેનોએ વિવિધ વાનગીઓ ઘરેથી બનાવીને ભગવાનને શ્રધ્ધા અને ભાવથી ધરાવી હતી. હરિભક્તોએ અન્નકૂટના દર્શન કરી ખૂબજ ભાવ વિભોર થયા હતા. પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી તથા પ.પૂ. મોટા મહારાજશ્રીની કૃપાથી સત્સંગની પ્રવૃતિ સુંદર ચાલે છે

(તેજસ બી. પટેલ)

શિકાગો શ્રી સ્વામિનારાયણ મંદિર

શ્રી નરનારાયણદેવ પીઠાધિપતિ પ.પૂ.ધ.ધુ. આચાર્ય ૧૦૦૮ શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીની કૃપાથી તથા મહંત શા.સ્વા. હરિપ્રસાદદાસજી તથા જે.પી. સ્વામી (ગુરુ અમદાવાદ મંદિરના મહંત શા.સ્વા. હરિકૃષ્ણદાસજી)ની

અનુસંધાન પેજ નં. ૨૦ પર

શ્રી સ્વામિનારાયણ ભેટ યોજના

૧૦૧/- મુક્તાબેન બચુલાલ પરમાર શ્રીજી પ્રસન્નાર્થે ધૂળકોટ-વિલેપાર્લા
૧૦૧/- મીનાબેન જગદીશ પરમાર શ્રીજી પ્રસન્નાર્થે ધૂળકોટ-વિલેપાર્લા
૧૦૧/- સરલાબેન ભરત પરમાર શ્રીજી પ્રસન્નાર્થે ધૂળકોટ-વિલેપાર્લા
૧૦૧/- લીનાબેન કીર્તિકુમાર પરમાર શ્રીજી પ્રસન્નાર્થે ધૂળકોટ-અમેરિકા
૧૦૧/- ચંદ્રિકાબેન મહેન્દ્ર પરમાર શ્રીજી પ્રસન્નાર્થે ધૂળકોટ-નાઈરોબી
૧૦૧/- રીટાબેન દિલીપ પરમાર શ્રી નરનારાયણદેવ પ્રસન્નાર્થે ધૂળકોટ-વિલેપાર્લા
૧૦૧/- સ્નેહા જગદીશ પરમાર શ્રી નરનારાયણદેવ પ્રસન્નાર્થે ધૂળકોટ-વિલેપાર્લા
૧૦૧/- રૂચિતા જગદીશ પરમાર શ્રી નરનારાયણદેવ પ્રસન્નાર્થે ધૂળકોટ-વિલેપાર્લા
૧૦૧/- જીનલ ભરત પરમાર શ્રી નરનારાયણદેવ પ્રસન્નાર્થે ધૂળકોટ-વિલેપાર્લા
૧૦૧/- હેતવી દિલીપ પરમાર શ્રી નરનારાયણદેવ પ્રસન્નાર્થે ધૂળકોટ-વિલેપાર્લા
૧૦૧/- પુષ્પાબેન હેમરાજ મારવી શ્રીનરનારાયણદેવ પ્રસન્નાર્થે ધૂળકોટ-વિલેપાર્લા
૧૦૧/- કમળાબેન માધવજી ગોહિલ શ્રીજી પ્રસન્નાર્થે મેઘપર (પૂના)
૧૦૧/- પટેલ તારાબેન લાલજીભાઈ શ્રીજી પ્રસન્નાર્થે સઈજ
૧૦૧/- મોદી રોહિતકુમાર દશરથલાલ નૂતન વર્ષ નિમિત્તે દહેગામ
૧૦૧/- ભાનુબેન શ્રીજી પ્રસન્નાર્થે ધૂળકોટ
૫૦૦/-અંબિકા એન્જીનીયરીંગ વર્ક્સ શ્રી કેશવલાલ પ્રજાપતી શ્રીજી પ્રસન્નાર્થે સાણંદ
૧૦૦૧/- પટેલ મધુબેન દિનેશભાઈ પટેલ શ્રીજી પ્રસન્નાર્થે ધમીજ
૩૦૦/- પટેલ મીનાબેન વિજયકુમાર એકટીવા લાવ્યા તે નિમિત્તે ચાંદખેડા
૨૦૧/- પટેલ ચુનીલાલ લલ્લુભાઈ શ્રીજી પ્રસન્નાર્થે રામોલ
૧૦૧/- ફડિયા કમળાબેન કાંતિલાલ સત્સંગી કર્યા તે નિમિત્તે વસ્ત્રાપુર
૨૨૫/- મોદી દશરથલાલ નાથાલાલ શ્રીહરિ કૃપાથી ડાબી આંખે સારૂ થયું તે નિમિત્તે પ્રાંતીજ
૧૦૧/- પટેલ બિપીનભાઈ નારણભાઈ પાંચમી પુણ્યતિથિ નિમિત્તે ઉનાવા
૧૦૧/- પરસોત્તમભાઈ વલ્લભદાસ શ્રીજી પ્રસન્નાર્થે સુકાટીબા
૧૦૦/- પટેલ ફેનિલ નિપુલકુમાર જન્મદિન નિમિત્તે વડુ
૧૦૦/- પટેલ હસુમતીબેન નિપુલકુમાર અમેરિકા ગયા તે નિમિત્તે વડુ
૧૧૧/- ચૌહાણ નીરૂબેન શ્રી નરનારાયણદેવના બાર પૂનમના થાળ નિમિત્તે અમરાઈવાડી
૨૦૧/- રાઠોડ નારાયણભાઈ લાલજીભાઈ ચિ. સુરેશના નવા મકાનના ખાત મુહૂર્ત નિમિત્તે નવસારી
૩૫૧/- સાપરીયા ભગવાનજી કલ્યાણજી નવા ટ્રેકટર નિમિત્તે ધૂળકોટ
૧૦૧/- બંસીધર ફલોર મીલ નવી ઘંટી લાવ્યા તે નિમિત્તે બારડોલી
૨૫૧/- પટેલ કાંતાબેન રામભાઈ ચિ.કેતનભાઈને ત્યાં કિશનાજન્મપ્રસંગે અને ચિ. સ્મિતાબેનના લગ્ન પ્રસંગે મોખાસણ
૨૦૧/- વાઘેલા આનંદબા ઘનશ્યામસિંહ શ્રીનરનારાયણદેવ પ્રસન્નાર્થે ગોધાવી
૧૦૧/- વેગડ અરજણ નારણ ૧,૨૬,૨૧,૦૦૦ મહામંત્ર જાપ નિમિત્તે મુંબઈ
૧૦૧/- ટાંક મહેશ બાબુભાઈ પુત્રીના શુભ જન્મપ્રસંગે મીરારોડ
૧૦૦/- ટાંક મોતીલાલ મેઘજીના સ્મરણાર્થે જીરાગઢ
૧૦૧/- જાદવ ખેંગારભાઈ કે. નવું મકાન લીધુ તે નિમિત્તે માલણપુર
૧૦૦/- ચાવડા જસુભાઈ જેશંગભાઈ શ્રી સ્વા. મંદિરના ચતુર્થ પાટોત્સવ નિમિત્તે બળોલ
૧૦૦/- પટેલ ઘનશ્યામભાઈ બેચરભાઈ શ્રીજી પ્રસન્નાર્થે ચિલોડા
૧૦૧/- ઠક્કર પ્રભાબેન પ્રવિણભાઈ નવું મકાન લીધું તે નિમિત્તે ભચાઉ
૨૦૧/- અ.નિ. ચૌધરી સોમાભાઈ જેશંગભાઈ પ્રથમમાસિક પુણ્ય તિથિ નિમિત્તે બાલવા

૧૦૧/- પટેલ કનૈયાલાલ દેવજીભાઈ શ્રીજી પ્રસન્નાર્થે રતનપુર
૧૦૧/- પટેલ રમેશભાઈ રામાભાઈ શ્રીજી પ્રસન્નાર્થે રતનપુર
૧૦૧/- પટેલ હરજીવનભાઈ રામાભાઈ શ્રીજી પ્રસન્નાર્થે રતનપુર
૧૦૧/- પટેલ પ્રવિણચંદ્ર રામાભાઈ રતનપુર
૧૦૦/- પટેલ હરિશભાઈ કાશીભાઈ નવુંબાઈક લાવ્યા તે નિમિત્ત લસુન્દ્રા
૧૦૧/- પટેલ હેતકુમાર કે. શ્રીહરિએ રક્ષા કરી તે નિમિત્તે ડેમાઈ
૧૦૧/- પટેલ જીજ્ઞેશકુમાર રણછોડલાલ શ્રીજી પ્રસન્નાર્થે નારદીપુર
૧૦૧/- ભાવસાર ગોમતીબા ડાહ્યાલાલ ત્રીજી પુણ્યતિથિ નિમિત્તે બોપલ
૧૦૦/- ભાવસાર વીણાબેનપ્રવિણકુમાર પૂ.ભક્તિમાતાના પ્રાગટ્યદિન નિમિત્તેબોપલ
૧૦૦/- ચૌધરી ઉન્નતકુમાર ચંદ્રેશભાઈ જન્મદિન નિમિત્તે આકરૂંદ
૧૦૦/- પટેલ કૌશિકકુમાર જયંતીલાલ શ્રીજી પ્રસન્નાર્થે મારૂસણા
૧૦૦/- પટેલ ગોવિંદભાઈ મંગળદાસ ચિ. દર્શના જન્મનિમિત્તે માણસા
૧૦૧/- અ.નિ. નયનકુમાર જસવંતભાઈ વાળા શ્રીજીપ્રસન્નાર્થે ગાંધીનગર
૫૦૦/- પટેલ હિતેશકુમાર અને પદમીનીબેન શુભ લગ્ન પ્રસંગે કલોલ
૧૦૦/- પટેલ ભીખાભાઈ ખોડાભાઈ શ્રીજી પ્રસન્નાર્થે ઉકરડીના મૂવાડા
૧૦૫/- પટેલ ઉન્નતિબેન રાજેન્દ્રકુમાર પ્લેઝર હોન્ડા ગાડી લીધી તે નિમિત્તે ધનસુરા
૧૦૧/- પટેલ ગીરીશભાઈ ગોવિંદભાઈ શ્રીજી પ્રસન્નાર્થે પરઢોલ
૧૫૧/- કેનિયા વોચ કું. શ્રી કીરીટભાઈ શ્રીજી પ્રસન્નાર્થે અમદાવાદ
૧૦૦/- વણોલ નરસીભાઈ શ્રીજી પ્રસન્નાર્થે નવલગઢ
૧૦૦/- પટેલ અજયકુમાર ઘનશ્યામભાઈગાડી લાવ્યા તે નિમિત્તે નાંદોલ
૧૦૧/- ચાવડા ચંદુલાલ જે. શ્રીજી પ્રસન્નાર્થે (બળોલ) મુંબઈ
૧૦૦/- પટેલ પ્રવિણભાઈ અંબાલાલ શ્રીજી પ્રસન્નાર્થે ઉવારસદ
૧૦૦/- પ્રજાપતિ બટુકભાઈ માવજીભાઈ શ્રીજી પ્રસન્નાર્થે બાવળા
૧૦૧/- કા. પટેલ નટવરલાલ આર. શ્રી સ્વા.મં.ના પ્રથમપાટો. નિમિત્તે કપડવંજ
૫૦૧/- ડૉ. નટવરભાઈ મોહનભાઈ પટેલ તથા અંજનાબેન નટવરભાઈ પટેલ શ્રીહરિની કૃપાથી બન્નેનું સ્વાસ્થ્ય સારું થયું તે નિમિત્તે બોપલ
૧૦૧/- સોની પ્રવિણાબેન શ્રીજી પ્રસન્નાર્થે મેમનગર
૧૫૦/- પટેલ ગાંડાભાઈ કાળીદાસ નવી ગાડી લાવ્યા તે નિમિત્તે ગુલાબપુરા
૧૦૫/- પટેલ કૃશ ચેતનભાઈ કે.જી.માં ભણવા બેસાડ્યો તે નિમિત્તે અમદાવાદ
૧૦૧/- કાછીયા કેતનકુમાર હર્ષદભાઈ પુત્ર જન્મ નિમિત્તે બાલાસિનોર
૧૦૦/- અ.નિ. અમથીબેન મણીભાઈ પટેલના સ્મરણાર્થે કાળીગામ
૧૦૧/- ઠક્કર સરસ્વતીબેન ચિ. શનિ અને જીગર પાસ થયા તે નિમિત્તે વસ્ત્રાપુર
૧૦૧/- ઠક્કર ઉષાબેન શ્રીજી પ્રસન્નાર્થે અમદાવાદ
૧૦૧/- પંચાલ અમરીષ મહેન્દ્રભાઈ શ્રીજી પ્રસન્નાર્થે અમદાવાદ
૧૦૧/- પટેલ કાંતિભાઈ સોમાભાઈ લંડનના વિઝા મળ્યા તે નિમિત્તે અંબાપુર
૧૦૧/- સોની રમેશચંદ્ર મનસુખલાલ શ્રીજી પ્રસન્નાર્થે અમદાવાદ
૧૦૧/- પટેલ ઈશ્વરદાસના સ્મરણાર્થે ચાંદીસણા
૧૦૧/- પટેલ કાળીદાસ ઈશ્વરદાસના સ્મરણાર્થે ચાંદીસણા
૧૦૧/- પટેલ કાંતિલાલ કાળીદાસ શ્રીજી પ્રસન્નાર્થે ચાંદીસણા
૧૦૧/-પટેલ અનિલકુમાર કાંતિલાલ યુ.કે.સ્ટુડન્ટ વિઝા મળ્યા તે નિમિત્તે ચાંદીસણા
૧૦૧/- કાછીયા મહેશકુમાર મણીલાલ ચિ. ચિરાગને નોકરી મળી નિમિત્તે લુણાવાડા
૧૦૧/- પટેલ હરેશભાઈ ઉકાભાઈ ચિ. ચેતનના લગ્ન પ્રસંગ અમદાવાદ
૧૦૫/-પટેલ દેવકુમાર કેતનકુમાર શ્રીજી પ્રસન્નાથ નરોડા
૧૫૧/-ભાવસાર રચનાબેન નિતેશકુમાર પુત્ર જન્મપ્રસંગેકલોલ
૫૦૦/-પટેલ કચરદાસ સોમદાસ શ્રીજી પ્રસન્નાર્થે

વિદેશના સભ્યો જોગ

અમેરિકા, ઈંગ્લેન્ડ, આફ્રિકા વગેરે દેશોમાં આપણા શ્રી સ્વામિનારાયણ અંકના ઘણા જ સભ્યો છે. દરેક સભ્યોના અંક દર માસની ૧૧ તારીખે એરમેઈલથી પોસ્ટ થાય છે. પરંતુ ઘણા સભ્યોના સરનામાં - રહેઠાણ બદલાય ત્યારે અત્રે ઓફિસમાં જાણ કરતા નથી જેથી તેમના પોસ્ટ કરેલા અંક પરત આવે છે. જેથી સંસ્થાને ખૂબજ મોધું પોસ્ટેજ વેડફાય છે અને જે તે સભ્યને અંક પણ ન મળે. માટે જે સભ્યનું સરનામું બદલાય તેમણે શ્રી સ્વામિનારાયણ કાર્યાલયને શ્રી સ્વામિનારાયણ માસિકના પ્રથમ પેજ પર આપેલા ઈ-મેઈલથી નવું સરનામું ગ્રાહક નંબર સાથે જણાવવા વિનંતી છે.

સી-મેઈલ સભ્યો જોગ

વિદેશમાં થોડા સી-મેઈલ સભ્યો છે. તેમને જણાવવાનું કે હવેથી પોસ્ટ ખાતા એ સી-મેઈલ પોસ્ટ સેવા બંધ કરી દીધી છે. જેથી આપ ને વિનંતી છે કે આપનું એરમેઈલનું આજીવન લૅવાજમ ભરી દઈ સભ્ય તરીકે ચાલુ રહી શકશો. આપનું સી-મેઈલનું લવાજમ તેમાં બાદ કરીને એરમેઈલનું લવાજમ મોકલવા વિનંતી છે.

અક્ષરવાસ

અમદાવાદ : પરમપૂજ્ય મોટા મહારાજશ્રી તેજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીના વેવાઈ (પૂ. બિન્દુરાજાના સસરા) શ્રી આર. કે. દ્વિવેદી સાહેબ તા. ૧૪-૧૧-૨૦૦૯ના રોજ પરમકૃપાળુ પરમાત્માનું અખંડ સ્મરણ કરતા અક્ષરનિવાસી થયા છે. તેમના પરિવાર પર આવેલું દુઃખ સંહન કરવાનું ભગવાન બળ આપે તેવી સર્વાવતારી શ્રી નરનારાયણદેવના ચરણોમાં પ્રાર્થના.

અક્ષરનિવાસી સંત-હરિભક્તોને ભાવભીની શ્રદ્ધાંજલિ

બાલવા : પ.ભ. શ્રી પ્રહલાદભાઈ ચૌધરીના પિતાશ્રી પ.ભ. સોમાભાઈ જેશંગભાઈ ચૌધરી તા. ૧૭-૧૦-૨૦૦૯ના રોજ શ્રીજી મહારાજનું અખંડ સ્મરણ કરતા અક્ષરનિવાસી થયા છે.

બાલાસિનોર : કા.પટેલ શારદાબેન મણીલાલ (ઉ. ૯૦ વર્ષ) તા. ૨૪-૧૦-૦૯ના રોજ શ્રીહરિનું અખંડ સ્મરણ કરતા અક્ષરનિવાસી થયા છે.

ઉનાવા : પ.ભ. શાંતાબા તા. ૮-૯-૨૦૦૯ના રોજ શ્રીજી મહારાજનું અખંડ સ્મરણ કરતા અક્ષરનિવાસી થયા છે.

અમદાવાદ : પ.ભ. મુલચંદભાઈ ડાહ્યાભાઈ સોની (પાટડીયા) (ઉ. ૯૨ વર્ષ) તા. ૩-૧૧-૨૦૦૯ના રોજ શ્રીજી મહારાજનું અખંડ સ્મરણ કરતા અક્ષરનિવાસી થયા છે.

આંત્રોલી : પ.ભ. ઘનશ્યામભાઈ છોટાભાઈ પટેલ (શ્રી ધર્મેશભાઈ પટેલના મોટાભાઈ) તા. ૬-૧૧-૨૦૦૯ના રોજ શ્રીજી મહારાજનું અખંડ સ્મરણ કરતા અક્ષરનિવાસી થયા છે.

નવાવાડજ : પ.ભ. સંતોકબા છગનભાઈ પટેલ (ઉ. ૯૯ વર્ષ) (કોઠારીશ્રીના ધર્મ પત્નિ) તા. ૨૯-૮-૨૦૦૯ના રોજ શ્રીજી મહારાજનું અખંડ સ્મરણ કરતા અક્ષરનિવાસી થયા છે.

નવાવાડજ : અત્રે મંદિરના ટ્રસ્ટી પ.ભ. વાલજીભાઈ પોરીયાના પિતાશ્રી પ.ભ. કાનજીભાઈ પોરીયા (ધૂળકોટવાળા) તા. ૨૧-૧૦-૨૦૦૯ના રોજ શ્રીજી મહારાજનું અખંડ સ્મરણ કરતા અક્ષરનિવાસી થયા છે.

અમદાવાદ : પ.ભ. નાગરભાઈ ખીમજીભાઈ પટેલ (મેડાવાળા) તા. ૫-૧૧-૨૦૦૯ના રોજ શ્રીજી મહારાજનું અખંડ સ્મરણ કરતા અક્ષરનિવાસી થયા છે.

કટોસણ (કૃષ્ણનગર) : પ.ભ. ઈશાબેન ગોવિંદદાસ પટેલ (ઉ. ૧૦૫ વર્ષ) તા. ૭-૧૧-૨૦૦૯ના રોજ શ્રીજી મહારાજનું અખંડ સ્મરણ કરતા અક્ષરનિવાસી થયા છે.

Editor, Printer and Publisher : Mahant Shastri Swami Harikrishnadasji for Shree Swaminarayan Temple Kalupur, Ahmedabad. Printed at Shree Swaminarayan Printing press, Shree Swaminarayan Temple, Kalupur, Ahmedabad (GUJARAT) Pin-380 001 and Published at and for Shree Swaminarayan Temple, Kalupur, Ahmedabad (GUJARAT) Pin-380 001.



કરિયા બળવંતરાય હોલમાં પારાયણ પ્રસંગે આશીર્વાદ આપતા પૂ. મહારાજશ્રી



હિંમતનગર મંદિર પાટોત્સવ પ્રસંગે પ.પૂ. મહારાજશ્રીનું પૂજન અર્ચન કરતા સોની યજમાન પરિવાર



વડુમાં શોભાયાત્રામાં દર્શન આપતા પૂ. મહારાજશ્રી સાથે મહંત સ્વામી અને શા. નારાયણવલ્લભદાસજી અને સંતો



વડુ મંદિરમાં તેજસ્વી બાળકોને આશીર્વાદ આપતા પ.પૂ. લાલજી મહારાજશ્રી



જુના રાબડીયા (પંચમહાલ) મંદિરની ખાત વિધિ કરતા પ.પૂ. મહારાજશ્રી



ખારોલ (પંચમહાલ) મૂર્તિ પ્રતિષ્ઠા પ્રસંગે શોભાયાત્રામાં દર્શન આપતા પૂ. મહારાજશ્રી સાથે મહંત સ્વામીઅને સંતો



શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમ નિર્માણનું નિરીક્ષણ કરતા પ.પૂ. મોટા મહારાજશ્રી સાથે નિરમા કંપનીના શેઠશ્રી કરસનભાઈ પટેલ



શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમનું નિરીક્ષણ કર્યા બાદ બેઠકમાં પ.પૂ. મોટા મહારાજશ્રી સાથે ગુજરાતના ખ્યાતનામ હાસ્યકલાકાર શ્રી ટીકુ તલસાણીયા

Registered under RNI-GUJGUJ/2007/20221 Permitted to post at
Ahd PSO on 11th every month under postal REG. NO. GAMC.-003 9-11 issued SSP Ahd Valid
up to 31-12-2011 Licenced to Post without pre payment No. CPMG/GJ/01/07-08 valid up to 31/12/2011



બેંગકોકમાં સભામાં આશીર્વાદ આપતા પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી



બેંગકોકમાં હરિભક્તો સાથે દર્શન આપતા
પ.પૂ.આચાર્ય મહારાજશ્રી





ટોરેન્ટો કેનેડા આપણા મંદિરમાં અન્નકૂટ દર્શન અને તુલસી વિવાહ



લેસ્ટર (યુ.કે.) મંદિરમાં તુલસી વિવાહ



શિકાગો મંદિરમાં તુલસી વિવાહ